

કામકાજનો ટૂંકો અહેવાલ

પાંચમી ગુજરાત વિધાનસભા

આઠમું સત્ર

(તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ થી ૨૮ મી સપ્ટેમ્બર, ૧૯૭૯)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
નવેમ્બર, ૧૯૭૯.
(કિંમત રૂ. ૩—૧૫ પૈસા)







સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.



કામકાજનો ટૂંકો અહેવાલ

પાંચમી ગુજરાત વિધાનસભા

આઠમું સત્ર

(તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ થી ૨૮ મી સપ્ટેમ્બર, ૧૯૭૯)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
નવેમ્બર, ૧૯૭૯.

પ્રસ્તાવના

આ પ્રકાશનમાં પાંચમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર (તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ થી તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૨—૧૨—૧૯૭૯.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પાના નંબર
૧	૨	૩
૧.	પાંચમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર (તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ થી તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯)માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ ...	૧
૨.	પત્રક ક્રમાંક--૧, સત્રમાં થયેલાં જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી	૧૬
૩.	પત્રક ક્રમાંક--૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય	૧૭
૪.	પત્રક ક્રમાંક--૩, સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી ...	૧૮
૫.	પત્રક ક્રમાંક--૪, સભ્યોની તારીખવાર હાજરી	૨૪
૬.	પત્રક ક્રમાંક--૫, તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)	૨૫
૭.	પત્રક ક્રમાંક--૬, ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ...	૨૬
૮.	પત્રક ક્રમાંક--૭, તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ...	૨૮
૯.	પત્રક ક્રમાંક--૮, અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ...	૩૦
૧૦.	પત્રક ક્રમાંક--૯, દાખલ કરવાનાં સરકારી વિધેયકો	૩૨
૧૧.	પત્રક ક્રમાંક--૧૦, પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેના (પસાર થયેલા) સરકારી વિધેયકો	૩૪
૧૨.	પત્રક ક્રમાંક-૧૧, પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેના બાકી રહેલાં સરકારી વિધેયકો	૩૬
૧૩.	પત્રક ક્રમાંક--૧૨, સન ૧૯૭૯--૮૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ ...	૩૯
૧૪.	પત્રક ક્રમાંક-૧૩, મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો ...	૪૨

૧	૨	૩
૧૫.	પત્રક ક્રમાંક--૧૪, વૈધાનિક પ્રસ્તાવો (નિયમ--૧૦૦)	૪૩
૧૬.	પત્રક ક્રમાંક--૧૫, વટહુકમો નામંજૂર કરતા વૈધાનિક પ્રસ્તાવો (નિયમ--૧૫૨ (૨))	૪૫
૧૭.	પત્રક ક્રમાંક-૧૬, વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ ૯૩)	૪૬
૧૮.	પત્રક ક્રમાંક--૧૭, ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ--૧૦૧)	૪૭
૧૯.	પત્રક ક્રમાંક--૧૮, ટૂંક સમયની ચર્ચા (નિયમ--૧૧૨)	૪૮
૨૦.	પત્રક ક્રમાંક--૧૯, ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ--૧૧૬) ...	૪૯
૨૧.	પત્રક ક્રમાંક--૨૦, દાખલ કરવાના બિન સરકારી વિધેયકો ...	૫૦
૨૨.	પત્રક ક્રમાંક--૨૧, પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બાકી રહેલાં બિન-સરકારી વિધેયકો	૫૧
૨૩.	પત્રક ક્રમાંક--૨૨, બિન સરકારી સંકલ્પો (નિયમ--૧૧૭) ...	૫૫
૨૪.	પત્રક ક્રમાંક--૨૩, વિધાનસભાના પક્ષોમાં થયેલા ફેરફારોની તારીખવાર માહિતી	૫૬
૨૫.	પત્રક ક્રમાંક--૨૪, ખરેખર થયેલા કામ પ્રમાણેની તારીખવાર યાદી ...	૫૭
૨૬.	પત્રક ક્રમાંક--૨૫, રોજેરોજના કામકાજનો સારાંશ	૨૦
૨૭.	પત્રક ક્રમાંક--૨૬, વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો ...	૯૨
૨૮.	પત્રક ક્રમાંક--૨૭, શોકદર્શક ઉલ્લેખો	૧૨૨
૨૯.	પત્રક ક્રમાંક--૨૮, વિભાજન	૧૨૩

પાંચમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

પ્રારંભિક

૧. પાંચમી ગુજરાત વિધાનસભાનું આઠમું સત્ર સોમવાર, તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ શરૂ થયું હતું અને શુક્રવાર, તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૧૦ દિવસ મળી હતી અને તેમાં ૧૦ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૪૪ કલાક અને ૩૨ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદાં જુદાં કામકાજ જેવા કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, ખર્ચનું પૂરક પત્રક વગેરેમાં કેટલો સમય ગયો તે અને તેની ટકાવારી પત્રક ક્રમાંક--૧માં આપવામાં આવી છે.

ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખો અને સમય પત્રક ક્રમાંક--૨માં આપવામાં આવ્યાં છે.

હાજરી

૩. સત્ર દરમિયાન બે દિવસ વધારેમાં વધારે ૧૪૫ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૩૧ હતી. સરેરાશ હાજરી ૧૪૦ હતી. સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી, પત્રક ક્રમાંક--૩ નથા સભ્યશ્રીઓની તારીખવાર હાજરી, પત્રક ક્રમાંક-૪માં દર્શાવવામાં આવી છે.

તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મદતના પ્રશ્નો

૪. આઠમા સત્ર દરમિયાન ૧૨૧૨ તારાંકિત પ્રશ્નો, ૩૬૦ અતારાંકિત પ્રશ્નો અને ૨૯ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની વિભાગવાર માહિતી પત્રક ક્રમાંકો ૫, ૬, ૭ અને ૮માં આપવામાં આવી છે. વિધાનસભા કુલ ૧૦ દિવસ મળી હતી. પ્રશ્નો સંબંધની કેટલીક રસપ્રદ વિગતો નીચે મુજબ છે:—

૧. સત્ર દરમિયાન કુલ ૭૦૪ તારાંકિત પ્રશ્નો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા, તેમાંથી ફકત ૧૩૫ પ્રશ્નોના મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા.

૨. કુલ ૧૦ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંથી વધારેમાં વધારે ૮૩ પ્રશ્નો તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજની યાદીમાં હતા અને ઓછામાં ઓછા ૫૬ પ્રશ્નો તા. ૧૭મી અને ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજની બે યાદીઓમાં હતા. દરરોજના સરેરાશ પ્રશ્નોની સંખ્યા લગભગ ૭૦ જેટલી થાય છે.

૩. ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોમાંથી વધારેમાં વધારે ૧૭ પ્રશ્નોના તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ અને ઓછામાં ઓછા ૮ પ્રશ્નોના તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા.

અરધા કલાકની ચર્ચા

૫. સત્ર દરમિયાન નિયમ-૯૨ હેઠળ અરધા કરલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૩ સૂચનાઓ મળી હતી, પરંતુ તે પૈકી એકપણ સૂચના દાખલ કરવામાં આવી ન હતી.

મુલતવી રહેલ તારાંકિત પ્રશ્નો

૬. તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તારીની યાદીમાંથી તારાંકિત પ્રશ્નો ક્રમાંક ૧૯૫૮૪ (અગ્રતાક્રમ-૪) અને ૧૯૯૩૭ (અગ્રતાક્રમ-૧૯) મુલતવી રાખવામાં આવ્યા હતા જે મહેસૂલ મંત્રીશ્રીને લગતા હતા. આ બન્ને પ્રશ્નો તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ હાથ ધરવામાં આવ્યા હતા. આ બે પ્રશ્નો પૈકી તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૯૩૭નો જવાબ પંચાયત મંત્રીશ્રીએ આપ્યો હતો.

વટહુકમો

૭. સત્ર દરમિયાન નીચેના વટહુકમો તેની સામે જણાવેલ તારીખે વિધાનસભાના મેજ ઉપર મુકવામાં આવ્યા હતા.

અ.નં.	ટૂંકી સંજ્ઞા અને નંબર	મેજ ઉપર મૂક્યા તારીખ
૧	૨	૩
૧.	સન ૧૯૭૯નો ગુજરાત નગર પંચાયતો (ની મુદત વધારવા) બાબત વટહુકમ (સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક--૧).	૧૮-૯-૭૯
૨	સન ૧૯૭૯નો ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ પંચાયતોની પુનર્રચના બાબત) વટહુકમ (સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક--૨).	૧૮-૯-૭૯
૩.	સન ૧૯૭૯નો ભારતનો વીજળી બાબતનો (ગુજરાત સુધારા) વટહુકમ (સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક--૩).	૧૮-૯-૭૯
૪.	સન ૧૯૭૯નો ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) વટહુકમ (સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક--૪).	૧૮-૯-૭૯

સરકારી વિધેયકો

૮. **દાખલ કરવાનાં સરકારી વિધેયકો.**—સત્ર દરમ્યાન ૧૨ સરકારી વિધેયકો દાખલ કરવાનાં હતાં તેમાંથી ૯ સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યા હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૯).

૯. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં વિધેયકો.**— સત્ર દરમિયાન સન ૧૯૭૯ના વિધેયક ક્રમાંક--૬, ૩૭, ૩૮, ૩૯ અને ૪૭ એમ કુલ પાંચ વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન બાદ પસાર કરવામાં આવ્યાં હતાં (જુઓ પત્રક ક્રમાંક-૧૦), અને ૨૦ વિધેયકો બાકી રહયાં હતાં (જુઓ પત્રક ક્રમાંક--૧૧).

પસાર થયેલાં સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ

૧૦. **વિધેયકોનું વર્ગીકરણ :—**

કેન્દ્રના અધિનિયમને સુધારતાં વિધેયકો	...
કેન્દ્ર તથા મુંબઈ રાજ્યના અધિનિયમને એકી સાથે સુધારતાં વિધેયકો.	...
મુંબઈ રાજ્યના અધિનિયમને સુધારતાં વિધેયકો.	૧
મુંબઈ તથા ગુજરાત રાજ્યના અધિનિયમોને એકી સાથે સુધારતાં વિધેયકો	...
ગુજરાત રાજ્યના વર્તમાન અધિનિયમોને સુધારતાં વિધેયકો.	૨
મૂળ વિધેયકો.	૨
કુલ	૫

૧૧. **વિષયવાર વર્ગીકરણ—**

(૧)	કર તથા નાણાકીય બાબતોને લગતાં વિધેયકો.	૧
(૨)	સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને લગતાં વિધેયકો.	૨
(૩)	મજૂર બાબતને લગતાં વિધેયકો.	૧
(૪)	પશુ સંરક્ષણને લગતાં વિધેયકો.	૧
	કુલ...	૫

વટહુકમોનું સ્થાન લેતાં વિધેયકો

૧૨. સત્ર દરમ્માન ૪ વટહુકમો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા. તેમાંથી વટહુકમોનું સ્થાન લેતાં ૩ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા. જ્યારે સન ૧૯૭૯ના ભારતના વીજળી બાબતના (ગુજરાત સુધારા) વટહુકમનું સ્થાન લેતું વિધેયક પસાર થઈ શકયું ન હતું.

વિધાનસભાના મેજ ઉપર મુકાયેલાં રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલા વિધેયકો.

૧૩ સત્ર દરમ્યાન રાષ્ટ્રપતિ/રાજ્યપાલની અનુમતિવાળાં નીચેનાં વિધેયકો વિધાનસભાનાં મેજ ઉપર મુકવામાં આવ્યાં હતાં.—

અનુ. નંબર	વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા	કોની અનુમતિ મળી	મેજ ઉપર મૂકયા તારીખ
૧	૨	૩	૪
૧.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૧૭ સન ૧૯૭૯નું ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ (સુધારા) વિધેયક	રાજ્યપાલ	૧૮--૯--૭૯
૨.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૨૧. સન ૧૯૭૯નું ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડ વિધેયક.	રાજ્યપાલ	૧૮--૯--૭૯
૩.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૨૨ સન ૧૯૭૯નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક.	રાજ્યપાલ	૧૮--૯--૭૯
૪.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૨૬ સન ૧૯૭૯નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક.	રાજ્યપાલ	૧૮--૯--૭૯
૫.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૨૪ સન ૧૯૭૯નું ગુજરાત યુનિવર્સિટીઓ અને સ્થાનિક સત્તા મંડળો અંગેના કાયદા (સુધારવા બાબત) વિધેયક.	રાજ્યપાલ	૧૮--૯--૭૯
૬.	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક--૪૬ સન ૧૯૭૮નું મુંબઈ ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબત (ગુજરાત સુધારા) વિધેયક.	રાષ્ટ્રપતિ	૧૮--૯--૭૯
૭.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૧૩ સન ૧૯૭૯નું ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક.	રાજ્યપાલ	૧૮--૯--૭૯
૮.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૨૦ સન૧૯૭૯નું ગુજરાત વિધા નસભા (વિરોધ પક્ષના નેતા) પગાર અને ભથ્થાં વિધેયક	રાજ્યપાલ	૧૮--૯-૭૯

૧	૨	૩	૪
૯.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૨૫ સન ૧૯૭૯નું ગુજરાત જાહેર નાણાં (લેણાં વસૂલાત) વિધેયક	રાષ્ટ્રપતિ	૧૮--૫--૭૯
૧૦.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૨૮ સન ૧૯૭૯ના ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) વિધેયક.	રાષ્ટ્રપતિ	૩--૬--૭૯
૧૧.	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક--૫૦ સન ૧૯૭૮નું ગુજરાત પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા બોર્ડ વિધેયક.	રાષ્ટ્રપતિ	૨૮--૫--૭૯
૧૨.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૧૨ સન ૧૯૭૯નું ગુજરાત ન્યાય કોર્ટ કાયદા (સુધારા) વિધેયક	રાષ્ટ્રપતિ	૧૩--૮--૭૯

નાણાકીય કામકાજ

ખર્ચનું પૂરક પત્રક :

૧૪. (ક) રજૂઆત.— સન ૧૯૭૯-૮૦ના વર્ષ માટે કુલ રૂ. ૬૩,૦૪,૨૩,૦૦૦ના ખર્ચનું પૂરક પત્રક સોમવાર, તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૬૨,૮૪,૪૪,૦૦૦ અને બિન મતપાત્ર રકમ રૂપિયા ૧૯,૭૯,૦૦૦ હતી.

(ખ) ચર્ચા અને મતદાન.—પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન સોમવાર, તા. ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ થયું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૪૭ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી ૬ માંગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. રજૂ થયેલી બધી માંગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૨) ત્યારબાદ બુધવાર, તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

(ગ) કાપ દરખાસ્તો.—પૂરક માગણીઓ પર કુલ ૬૨ કાપ દરખાસ્તો આવી હતી. તેમાંથી ૫૨ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૫૨ કાપ દરખાસ્તો ચૌકી સરખા વિષયની કાપ દરખાસ્તોની સૂચનાઓમાં સભ્યોના નામ જોડતાં કુલ ૨૬ કાપ દરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. બાકીની ૧૦ કાપ દરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી.

મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો (નિયમ-૧૦૬)

૧૫. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ હેઠળ મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવોની બે સૂચનાઓ વિરોધ પક્ષના નેતા શ્રી માધવસિંહ સોલંકી અને શ્રી હરિહર ખંભોળજાની આવી હતી, જે પૈકી એક સૂચના નામંજૂર કરવામાં આવી હતી. અને એક સૂચના દાખલ કરવામાં આવી હતી દાખલ થયેલી સૂચના ગૃહમાં રજૂ થાય તે પહેલાં સભ્ય શ્રીએ પાછી ખેંચી લીધી હતી (જુઓ પત્રક ક્રમાંક-૧૩).

સભા મોકુફીના પ્રસ્તાવો (નિયમ—૧૦૮)

૧૬. સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે સભામોકૂફીના પ્રસ્તાવની એક સૂચના આવી હતી જે નામંજૂર કરવામાં આવી હતી.

વૈધાનિક પ્રસ્તાવો (નિયમ—૧૦૦)

૧૭. સત્ર દરમિયાન ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૦ અન્વયે વૈધાનિક પ્રસ્તાવોની કુલ-૨ સૂચનાઓ મળી હતી. એક સૂચના માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. જ્યારે બીજી સૂચના માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હતી. બે સૂચનાઓ અગાઉના સત્રમાં દાખલ કરવામાં આવી હતી પરતુ ચર્ચા માટે બાકી હતી સમયના અભાવે આ પ્રસ્તાવો ગૃહમાં ચર્ચા માટે હાથ ધરી શકાયા ન હતા (જુઓ પત્રક ક્રમાંક-૧૪).

વટહુકમો નામંજૂર કરતા વૈધાનિક પ્રસ્તાવો (નિયમ ૧૫૨ (૨))

૧૮. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) હેઠળ વટહુકમ નામંજૂર કરતા વૈધાનિક પ્રસ્તાવોની કુલ ૧૦ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૬ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. જે પૈકી એકપણ પ્રસ્તાવ ગૃહમાં રજૂ કરવામાં આવ્યો ન હતો. (જુઓ પત્રક ક્રમાંક-૧૫).

વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ-૯૩)

૧૯. વૈધાનિક પ્રસ્તાવો સિવાયના ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯૩ અન્વયેના સરકારી પ્રસ્તાવની કુલ ૩ સૂચનાઓ મળી હતી. જે અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. સમયના અભાવે આ પ્રસ્તાવ પર સભાગૃહમાં ચર્ચા થઈ શકી ન હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૬).

ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧)

૨૦. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવોની કુલ ૭ સૂચનાઓ મળી હતી જેમાંથી ૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. જ્યારે ચાર સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામો તે જ વિષયની દાખલ થયેલ સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામો સાથે જોડવામાં આવ્યા હતા. બાકીની

એક સૂચના નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાઓ કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અનુસાર તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૯ અને તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ ગૃહમાં ચર્ચાઈ હતી (જુઓ પત્રક ક્રમાંક-૧૭).

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ—૧૦૨)

૨૧. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૪૫ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ અગ્રતાક્રમે આવેલ સભ્યશ્રી કાશીરામ રાણાએ બોમ્બે હાઈ ગેસની પાઈપ લાઈનનું ભૂમિબિંદુ ગુજરાતમાં નાખવા બાબતના પ્રસ્તાવની સૂચના આપી હતી. જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ સમયના અભાવે ગૃહમાં હાથ પર લેવામાં આવ્યો ન હતો.

ટૂંક સમયની ચર્ચા (નિયમ—૧૧૨)

૨૨. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા કરવા માટે કુલ ૧૦ સૂચનાઓ આવી હતી જેમાંથી ૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. જ્યારે ત્રણ સૂચના આપનાર સભ્યશ્રીના નામો તે જ વિષયની દાખલ થયેલી સૂચના આપનાર સભ્યશ્રીના નામ સામે જોડવામાં આવ્યાં હતાં. બાકીની ૫ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૮).

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ—૧૧૬)

૨૩. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનું ધ્યાન દોરતી કુલ ૮૪ સૂચનાઓ આવી હતી તેમાંથી ૭૦ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૧૪ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતાં કુલ ૫ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી તે પાંચ સૂચનાઓ સંબંધે લાગતાવળગતાં મંત્રીશ્રીઓએ ગૃહમાં નિવેદન કર્યાં હતાં (જુઓ પત્રક ક્રમાંક-૧૯).

જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓના નિવેદનો (નિયમ-૪૪)

૨૪. સત્ર દરમિયાન ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર લાગતા વળગતા મંત્રીશ્રીઓ તરફથી નીચે મુજબ કુલ ૪ નિવેદનો કરવામાં આવ્યાં હતાં.

અનુ. નં.	નિવેદનનો વિષય (ટૂંકમાં)	નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ	નિવેદન કર્યાની તારીખ
૧	મોરબી અને માળિયા વિસ્તારમાં પુર અને અને અતિવૃષ્ટિથી થયેલ નુકશાન અંગે	શ્રી કેશવભાઈ ર. પટેલ, મહેસૂલ મંત્રીશ્રી.	૧૭-૯-૭૯
૨	રાજ્યમાં પ્રવર્તમાન વીજળી પુરવઠાની પરિસ્થિતિ.	શ્રી મકરંદ દેસાઈ, વીજળી મંત્રીશ્રી.	૧૮-૯-૭૯
૩	આયોજન પ્રક્રિયાનું વિકેન્દ્રીકરણ અંગે રાજ્ય સરકારે લીધેલા મહત્ત્વના નિર્ણયો.	શ્રી દિનેશ શાહ, આયોજન મંત્રીશ્રી.	૨૦-૯-૭૯
૪	તેલ અને વાયુપંચના અધિકારીઓએ કામ બંધ કરવાના કારણે રાજ્યમાં ઉદ્‌ભવેલ પરિસ્થિતિ અંગે.	શ્રી બાબુભાઈ જ. પટેલ, મુખ્ય મંત્રીશ્રી.	૨૪-૯-૭૯

બિન-સરકારી વિધેયકો

દાખલ કરવાનાં બિન–સરકારી વિધેયકો

૨૫. સત્ર દરમ્યાન ૪ બિન-સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવાનાં હતાં અને તે તમામ સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૨૦).

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બિન-સરકારી વિધેયકો

૨૬. સત્ર દરમ્યાન પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં કુલ ૨૮ બિન-સરકારી વિધેયકો હતાં. પરંતુ સમયના અભાવે એક પણ વિધેયક સભાગૃહમાં વાંચન માટે હાથ ધરી શકાયું ન હતું (જુઓપત્રક ક્રમાંક-૨૧).

દાખલ થયેલાં બિન-સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ

૨૭. વિધેયકોનું વર્ગીકરણ.

(૧)	ગુજરાતમાં અમલમાં હોય એવા કેન્દ્રના અધિનિયમને સુધારતાં વિધેયકો	૧
(૨)	ગુજરાતના વર્તમાન અધિનિયમને સુધારતાં વિધેયકો	૧

(૩) ગુજરાતમાં અમલમાં હોય એવા જુના સૌરાષ્ટ્રના અધિનિયમને સુધારતાં વિધેયકો	૧
(૪) તદ્દન નવાં વિધેયકો	૧
	૪

૨૮. વિષયવાર વર્ગીકરણ

(૧) વન અને જમીનને લગતાં વિધેયકો	૨
(૨) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને લગતાં વિધેયકો	૧
(૩) મજુર બાબતોને લગતાં	૧
કુલ.....	૪

બિન સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭)

૨૯. બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯નો દિવસ ફાળવવામાં આવ્યો હતો. બિન સરકારી સભ્યોના સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૪૦ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં આવનાર ત્રણ સભ્યોએ સંકલ્પની એક એક સૂચના આપી હતી જે દાખલ કરવામાં આવી હતી. સંકલ્પોની ચર્ચા અને તેના પરિણામની વિગતો માટે જુઓ પત્રક ક્રમાંક-૨૨.

ઔચિત્ય ભંગના પ્રશ્નો

૩૦. સભ્યશ્રી મનુભાઈ વ્યાસે અને શ્રી મગનભાઈ બારોટે માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગીથી તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ સભાગૃહમાં ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે સભાગૃહનું સત્ર શરૂ થવાના એક દિવસ અગાઉ માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ વર્તમાનપત્રોને મોરબી પૂર હોનારતના નુકશાનના આંકડાઓ આપીને સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે.

મહેસૂલ મંત્રી ડો. કેશવભાઈ પટેલે ખુલાસો કરતાં જણાવ્યું કે આવી કોઈ માહિતી સરકારે બહાર પાડેલી નથી, તેમ છતાં છાપામાં પ્રસિધ્ધ થયેલી માહિતી માટે તેમણે દિલગીરી વ્યકત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ તેમનો નિર્ણય આપતાં જણાવ્યું કે સભાગૃહમાં માહિતી આપાઈ જાય તે પછી જ તે માહિતી બહાર આપવી જોઈતી હતી.

સભાગૃહનું અવમાન

૩૧. તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ સભાગૃહની પ્રેક્ષક દીર્ઘામાં પત્રિકાઓ ફેંકી સૂત્રોચ્ચાર કરનારી ૧૨ વ્યકિતઓને સભાગૃહે પ્રસ્તાવ પસાર કરીને સભાગૃહની તે દિવસની બેઠક પૂરી થાય ત્યાં સુધી કસ્ટડીમાં રાખવાની સજા કરી હતી.

૩૨. તા. ૨૦મી સપ્ટેમ્બર ૧૯૭૯ના રોજ સભાગૃહની અતિથિ વિશેષ દીર્ઘામાં સૂત્રોચ્ચાર કરનારી એક વ્યકિતને માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ અડધા કલાક સુધી કસ્ટડીમાં રાખવાની સજા કરી હતી.

૩૩. તા. ૨૮મી સપ્ટેમ્બર ૧૯૭૯ના રોજ સભાગૃહની અતિથિ વિશેષ દીર્ઘામાં પત્રિકાઓ ફેંકી સૂત્રોચ્ચાર કરનારી ત્રણ વ્યકિતઓને માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ અડધા કલાક સુધી કસ્ટડીમાં રાખવાની સજા કરી હતી.

પોઈન્ટ ઓફ ઓર્ડર

૩૪. સત્રમાં કુલ ૧૫ પોઈન્ટ ઓફ ઓર્ડરો ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ફકત ૬ પોઈન્ટ ઓફ ઓર્ડરો માન્ય રાખવામાં આવ્યા હતા. એટલે કે ફકત ૪૦ ટકા જેટલા પોઈન્ટ ઓફ ઓર્ડરો માન્ય રાખવામાં આવ્યા હતા. બાકી રહેલા પોઈન્ટ ઓફ ઓર્ડરોમાંથી ૨ની બાબતમાં અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો હતો કે એ પોઈન્ટ ઓફ ઓર્ડરો જ ન હતા અને ૭ પોઈન્ટ ઓફ ઓર્ડરો અધ્યક્ષશ્રીએ નામંજૂર કર્યા હતા.

સમિતિની બેઠકો

૩૫, સત્ર દરમ્યાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો મળી હતી:—

અનુ. ક્રમાંક	સમિતિનું નામ	બેઠકની તારીખ
૧	૨	૩
૧.	કામકાજ સલાહકાર સમિતિ	૧૭-૯-૭૯
		૨૮-૯-૭૯
૨.	જાહેર સાહસો માટેની સમિતિ	૧૭-૯-૭૯
૩.	અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિ તથા વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૨૬-૯-૭૯
	,, (પેટા સમિતિ)	૨૪-૯-૭૯

૧	૨	૩
૪.	વિશેષાધિકાર સમિતિ	૨૦-૯-૭૯
૫.	બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ	૧૮-૯-૭૯ ૨૫-૯-૭૯
૬.	સભ્યોના ભથ્થાં અંગેના નિયમો પરની સમિતિ	૨૭-૯-૭૯
૭.	સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ	૨૬-૯-૭૯

વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો

૩૬. સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયા હતા/ચર્ચાયા હતા.

અનુક્રમાંક	અહેવાલ	રજૂ થયા તારીખ	ચર્ચાયા તારીખ
૧	૨	૩	૪
૧.	કામકાજ સલાહકાર સમિતિ		
	તેત્રીસમો અહેવાલ	૧૮-૯-૭૯	૧૮-૯-૭૯
	ચોત્રીસમો અહેવાલ	૨૮-૯-૭૯	૨૮-૯-૭૯
૨.	બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ.		
	બત્રીસમો અહેવાલ	૧૯-૯-૭૯	૧૯-૯-૭૯
	તેત્રીસમો અહેવાલ	૨૬-૯-૭૯	૨૬-૯-૭૯
૩.	જાહેર હિસાબ સમિતિ.		
	અગિયારમો અહેવાલ	૧૮-૯-૭૯	...
	બારમો અહેવાલ	૧૮-૯-૭૯	...
	તેરમો અહેવાલ	૧૮-૯-૭૯	...
	ચૌદમો અહેવાલ	૧૮-૯-૭૯	...

૧	૨	૩	૪
૪.	લોકલ ફંડ હિસાબ નિરીક્ષકશ્રીનો સન ૧૯૭૪-૭૫ના વર્ષ માટેનો જિલ્લા અને તાલુકા પંચાયતોનો ઓડિટ અહેવાલ.	૨૫-૯-૭૯	...
૫.	સન ૧૯૭૭-૭૮ના વર્ષના ગુજરાત સરકારના નાણાંકીય હિસાબો, વિનિયોગ હિસાબો તેમજ તે ઉપરના ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના ત્રણ અહેવાલો.	૨૬-૯-૭૯	...
૬.	અંદાજ સમિતિ.		
	ત્રીસમો અહેવાલ	૧૯-૯-૭૯	...
	એકત્રીસમો અહેવાલ	૧૯-૯-૭૯	...
	ચોત્રીસમો અહેવાલ	૧૯-૯-૭૯	...
	પાંત્રીસમો અહેવાલ	૧૯-૯-૭૯	...
	છત્રીસમો અહેવાલ	૧૯-૯-૭૯	...
	ઓગણત્રીસમો અહેવાલ	૨૭-૯-૭૯	...
	બત્રીસમો અહેવાલ	૨૭-૯-૭૯	...
	તેત્રીસમો અહેવાલ	૨૭-૯-૭૯	...
	સાડત્રીસમો અહેવાલ	૨૭-૯-૭૯	...
	આડત્રીસમો અહેવાલ	૨૭-૯-૭૯	...
૭.	જાહેર સાહસો માટેની સમિતિ.		
	પંદરમો અહેવાલ	૧૮-૯-૭૯	...
	સોળમો અહેવાલ	૧૮-૯-૭૯	...
	સત્તરમો અહેવાલ	૧૮-૯-૭૯	...
	અઢારમો અહેવાલ	૧૮-૯-૭૯	...
	ઓગણીસમો અહેવાલ	૨૦-૯-૭૯	...
	વીસમો અહેવાલ	૨૦-૯-૭૯	...
૮.	અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિ તથા વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ.		
	બીજો અહેવાલ	૨૭-૯-૭૯	...
૯.	ખાતરી સમિતિ.		
	નવમો અહેવાલ	૧૮-૯-૭૯	...

વિધાનસભાના મેજ ઉપર મૂકેલા કાગળો.

૩૭. સત્ર દરમિયાન નીચેનું સાહિત્ય (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મુકવામાં આવ્યું હતું:—

અનુ. ક્રમાંક	વિગત	મેજ ઉપર મૂક્યા તારીખ
૧	૨	૩
૧.	ગુજરાત રાજ્ય નાણાંકિય નિગમનો સન ૧૯૭૮-૭૯નો ૧૯મો વાર્ષિક અહેવાલ	૧૮-૯-૭૯
૨.	ગુજરાત નિકાસ નિગમના તા. ૩૧-૩-૭૮ના રોજ પુરા થતા વર્ષની કાર્યવાહી દર્શાવતો અહેવાલ અને હિસાબો	૧૮-૯-૭૯
૩.	ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના તા. ૩૧-૭-૭૨ અને ૩૧-૭-૭૩ના રોજ પુરા થતા વર્ષના અહેવાલો	૧૮-૯-૭૯
૪.	ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમનો સન ૧૯૭૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો	૧૮-૯-૭૯
૫.	મગફળી ખરીદી તપાસ પંચનો અહેવાલ અને તેના ઉપર કરવામાં આવેલી કાર્યવાહીની નોંધ	૧૮-૯-૭૯
૬.	ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૧૯૭૭-૭૮નો વાર્ષિક વહીવટી અહેવાલ	૧૮-૯-૭૯
૭.	ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો તા. ૩૧-૮-૭૮ના રોજ પુરા થતાં વર્ષ માટેનો વાર્ષિક કાર્યવાહી અને હિસાબ દર્શાવતો અહેવાલ.	૨૦-૯-૭૯
૮.	ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમનો તા. ૩૦-૯-૭૮ના રોજ પુરા થતાં વર્ષનો અહેવાલ.	૨૧-૯-૭૯
૯.	ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનનો સન ૧૯૭૬-૭૭નો વાર્ષિક અહેવાલ.	૨૧-૯-૭૯
૧૦.	ગુજરાત રાજ્ય ટેક્સટાઈલ કોરપોરેશન લિમિટેડના સન ૧૯૭૫ અને ૧૯૭૬ના વાર્ષિક અહેવાલો અને હિસાબો.	૨૧-૯-૭૯
૧૧.	ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૧૯૭૭ ૭૮નો વાર્ષિક અહેવાલ.	૨૧-૯-૭૯

૧	૨	૩
૧૨.	ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૭૯-૮૦નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક	૨૬-૯-૭૯
૧૩.	ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લીમીટેડનો સન ૧૯૭૭-૭૮નો અહેવાલ.	૨૭-૯-૭૯
૧૪.	રાજ્યની પંચવર્ષીય યોજના ૧૯૭૮-૮૩નો ખરડો.	૨૭-૯-૭૯
૧૫.	ખેતી ધિરાણના મુદત વીતી બાકી લેણાં અંગેની સમિતિનો અહેવાલ.	૨૮-૯-૭૯
૧૬.	ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૧૯૭૫-૭૬ અને ૧૯૭૬-૭૭ના વાર્ષિક અહેવાલો.	૨૮-૯-૭૯

વિધાનસભાના પક્ષોમાં થયેલ ફેરફારોની તારીખવાર માહિતી

૩૮. પાંચમી ગુજરાત વિધાનસભામાં તા. ૩૧મી માર્ચ, ૧૯૭૯ થી વિધાનસભાના આઠમા સત્ર દરમિયાન વિધાનસભાના પક્ષોમાં થયેલાં ફેરફારોની તારીખવાર માહિતી પત્રક ક્રમાંક--૨૩માં આપવામાં આવી છે. આ માહિતીમાં સભ્યોએ આપેલા રાજીનામા, સભ્યોના અવસાન વગેરેને લીધે પક્ષોમાં જે કાંઈ ફેરફાર થયા છે તે અંગેની માહિતી આપવામાં આવી છે.

સત્ર દરમિયાન ખરેખર થયેલા કામ પ્રમાણેની તારીખવાર આખરી યાદી

૩૯. સત્ર દરમિયાન જુદા જુદા કામ કઈ તારીખે ખરેખર હાથ પર લેવાયા તેની આખરી યાદી પત્રક ક્રમાંક ૨૪માં આપવામાં આવી છે.

રોજેરોજના કામકાજનો સારાંશ

૪૦. સત્ર દરમિયાન વિધાનસભાએ રોજેરોજ કરેલ કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક ૨૫માં આપવામાં આવ્યો છે.

વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો

૪૧. સત્ર દરમિયાન જુદાં જુદાં કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક ૨૬માં આપવામાં આવ્યું છે.

શોકદર્શક ઉલ્લેખ

૪૨. સત્ર દરમિયાન સભ્યો, માજી સભ્યો અને ભારતના પ્રથમ ગર્વનર જનરલના મળી કુલ છ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક--૨૭).

વિભાજન

૪૩. સત્ર દરમિયાન થયેલ વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક--૨૮માં આપવામાં આવી છે.

સભાત્યાગ

૪૪. ગુરુવાર, તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૬૯ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન એક પૂરક પ્રશ્નના જવાબમાં સિંચાઈ મંત્રીશ્રીએ જણાવ્યું કે તે માહિતી જાહેર હિતમાં આપી શકાય નહિ. તેની સામે વાંધો ઉઠાવવામાં આવતાં, અધ્યક્ષશ્રીએ અગાઉના નિર્ણયો ટાંકીને જણાવ્યું કે જાહેર હિતમાં જવાબ આપવાનો મંત્રીશ્રી ના પાડે તો તેમને ફરજ પાડી શકાય નહિ. તેમ છતાં, શ્રી ચીમન મહેતાએ તેમનો આગ્રહ જારી રાખ્યો અને ત્યારબાદ સભાત્યાગ કર્યો.

વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો

૪૫. સત્ર દરમિયાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા આવ્યા હતા.

૧.	પ્રેક્ષક દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો.	૩૮૮૫
૨.	શૈક્ષણિક સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા વિદ્યાર્થીઓ અને કાર્યકરો.	૩૨૯૧
૩.	અધ્યક્ષદીર્ઘામાં આવેલા પ્રેક્ષકો.	૧૮૫
૪.	અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા મહેમાનોની સંખ્યા.	૧૦૪૦
	કુલ	૮૮૦૧

પત્રક ક્રમાંક—૧

(જુઓ ફકરા ક્રમાંક—૧)

સત્રમાં થયેલાં જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી

દિવસોની સંખ્યા—૧૦. કુલ કલાક : ૪૪ ક.—૩૨ મિ.

નંબર	કામકાજ	કામકાજમાં લીધેલ સમય	ટકાવારી
		ક. મિ.	
૧.	પ્રશ્નોત્તરી	૧૦--૦૦	૨૨.૭૦
૨.	વિધેયકો		
	(અ) સરકારી	૧૦--૩૦	૨૨.૮૦
	(બ) બિન સરકારી	૦૦--૧૫	૦.૫૦
૩.	અંદાજપત્ર પર ચર્ચા	૦૩--૨૦	૭.૫૦
૪.	પ્રસ્તાવો		
	(અ) સભા-મોકૂફીના પ્રસ્તાવો.		
	(બ) મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો.		
	(ક) બીજા પ્રસ્તાવો (સરકારી તેમજ બિન-સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત).		
૫.	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા.		
૬.	બિન-સરકારી સંકલ્પો	૦૨--૦૦	૪.૫૦
૭.	વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા		
૮.	વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા	૧--૪૫	૪.૦૦
૯.	અન્ય બાબતો	૧૬--૪૨	૩૮.૦૦
		૪૪--૩૨	૧૦૦.૦૦

પત્રક ક્રમાંક—૨

(જુઓ ફકરા ક્રમાંક—૨)

ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો : ૧૦. સભાગૃહની બેઠકો : ૧૦.

વાર	તારીખ	બેઠક શરૂ થવાનો અને પૂરી થવાનો સમય	વિરામ	બેઠકનો ખરેખર સમય
સોમવાર,	૧૭-૯-૧૯૭૯	૧૨--૦૦ થી ૨--૦૭	—	૨--૦૭
મંગળવાર,	૧૮-૯-૧૯૭૯	૧૨--૦૦ થી ૫--૩૧	૨--૩૫ થી ૩--૨૦	૪--૪૬
બુધવાર,	૧૯-૯-૧૯૭૯	૧૨--૦૦ થી ૬--૦૫	૨--૩૦ થી ૩--૧૫	૫--૨૦
ગુરુવાર,	૨૦-૯-૧૯૭૯	૧૨--૦૦ થી ૫--૨૦	૨--૩૭ થી ૩--૧૫	૪--૪૨
શુક્રવાર,	૨૧-૯-૧૯૭૯	૮--૦૦ થી ૧૨--૩૦	૧૦--૦૦ થી ૧૦--૩૦	૪--૦૦
સોમવાર,	૨૪-૯-૧૯૭૯	૧૨--૦૦ થી ૫--૧૨	૨--૩૦ થી ૩--૧૫	૪--૨૭
મંગળવાર,	૨૫-૯-૧૯૭૯	૧૨--૦૦ થી ૫--૨૦	૨--૩૦ થી ૩--૧૫	૪--૩૫
બુધવાર,	૨૬-૯-૧૯૭૯	૧૨--૦૦ થી ૫--૨૫	૨--૩૦ થી ૩--૧૫	૪--૪૦
ગુરુવાર,	૨૭-૯-૧૯૭૯	૧૨--૦૦ થી ૫--૨૦	૨--૩૦ થી ૩--૧૫	૪--૩૫
શુક્રવાર,	૨૮-૯-૧૯૭૯	૮--૦૦ થી ૧--૫૦	૧૦--૦૦ થી ૧૦--૩૦	૫--૨૦
				૪૪--૩૨

પત્રક ક્રમાંક—૩

(જુઓ ફકરા ક્રમાંક—૩)

સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી (સભ્યોનું હાજરી પત્રક)

ક્રમાંક	સભ્યનું નામ	કુલ હાજરી
૧	૨	૩
૧.	શ્રી મહેશકુમાર હરજીવન ઠક્કર	૧૦
૨.	શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતા	૧૦
૩.	શ્રી કુંદનલાલ જશવંતરાય ઘોળકીયા	અધ્યક્ષશ્રી
૪.	શ્રી મેઘજીભાઈ સુમારભાઈ મોથારીયા	૧૦
૫.	શ્રી ચંપકલાલ ચુનીલાલ શાહ	૧૦
૬.	શ્રી હરીલાલ નાનજી પટેલ	૯
૭.	શ્રી ભીમાભાઈ દલાભાઈ રાઠોડ	મંત્રીશ્રી
૮.	શ્રી જુવાનસિંહ જીલુભા પરમાર	૯
૯.	શ્રી નંદલાલ સુંદરજી શાહ	૬
૧૦.	શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા	૮
૧૧.	શ્રી અનુપચંદભાઈ રાજપાળભાઈ શાહ	૨
૧૨.	શ્રી નગીદાસ માણેકચંદ શાહ	૯
૧૩.	શ્રી ગોકળભાઈ ડોસાભાઈ પરમાર	૯
૧૪.	શ્રી ગોવિંદભાઈ જેઠાભાઈ બોડા	૬
૧૫.	શ્રી જનકકુમારસિંહજી રસિકકુમારસિંહજી ઝાલા	૧૦
૧૬.	શ્રી શિવરાજકુમાર ખાચર	૧૦
૧૭.	શ્રી કેશુભાઈ સવદાસ પટેલ	મંત્રીશ્રી
૧૮.	શ્રી અરવિંદભાઈ રતીલાલ મણીઆર	૯
૧૯.	શ્રી ભાનુભાઈ ગીગાભાઈ વાઘેલા	૧૦
૨૦.	શ્રી પોપટલાલ લાખાભાઈ સોરઠીયા	૦
૨૧.	શ્રી રમણિકલાલ ધનજીભાઈ પટેલ	૧૦
૨૨.	શ્રી ચીમનલાલ અમીચંદ મહેતા	૧૦
૨૩.	શ્રી જયરામ આણંદભાઈ પટેલ	૧૦
૨૪.	શ્રી ભાણજી ભીમજી પટેલ	મંત્રીશ્રી
૨૫.	શ્રી દોલતસિંહજી પ્રતાપસિંહજી જાડેજા	૫
૨૬.	શ્રી ભાણજી કમા પરમાર	૮
૨૭.	શ્રી ભીમજીભાઈ વસરામભાઈ પટેલ	૬
૨૮.	શ્રી વિઠ્ઠલભાઈ પ્રેમજીભાઈ કાલરીયા	૧૦
૨૯.	શ્રી સામત કાના ભાટીયા	૧૦
૩૦.	શ્રી હેમતભાઈ રામભાઈ માડમ	૧૦
૩૧.	શ્રી મારખી જેઠાભાઈ ગોરીયા	૫

૧	૨	૩
૩૨.	શ્રી વસનજી ખેરાજ ઠક્કરાર	૫
૩૩.	શ્રી વેજાભાઈ સામતભાઈ કાંબલીયા	૪
૩૪.	શ્રી જેઠાભાઈ રાણાભાઈ જોરા	૮
૩૫.	શ્રી વલ્લભભાઈ પોપટલાલ પટેલ	૯
૩૬.	શ્રી દેવજીભાઈ ભીખાભાઈ વાણવી	૧૦
૩૭.	શ્રી નારસિંહ ધનજીભાઈ પઢિયાર	૧૦
૩૮.	શ્રીમતી આયશાબેગમસાહેબ મહમદઅલી શેખ	૧૦
૩૯.	શ્રી રસિકચંદ્ર દેવશંકર આચાર્ય	મંત્રીશ્રી
૪૦.	શ્રી કુરજીભાઈ ડુંગરભાઈ ભેંસાણીયા	૧૦
૪૧.	શ્રી રતનાભાઈ મનજીભાઈ ઠુમર	૧૦
૪૨.	શ્રીમતી હેમાબેન સૂર્યકાન્ત આચાર્ય	મંત્રીશ્રી
૪૩.	શ્રી જીણા દેવરાજ કણસાગરા	૧૦
૪૪.	શ્રી માણેકલાલ જેરામભાઈ ભાદાણી	૧૦
૪૫.	શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોંધિયા	૧૦
૪૬.	શ્રી મનુભાઈ નારણભાઈ કોટડીયા	૧૦
૪૭.	શ્રી પ્રતાપસિંહ એભલભાઈ મોરી	૮
૪૮.	શ્રી જશવંત મહેતા	૯
૪૯.	શ્રી વલ્લભભાઈ જીવાભાઈ પટેલ	૭
૫૦.	શ્રી પ્રતાપ તારાચંદ શાહ	૧૦
૫૧.	શ્રી કેસરીસિંહ ખોડુભાઈ સરવૈયા	૮
૫૨.	શ્રી મનુભાઈ ગંગારામ વ્યાસ	૧૦
૫૩.	શ્રી લલ્લુભાઈ મોતીચંદ શેઠ	મંત્રીશ્રી
૫૪.	શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા	૭
૫૫.	શ્રી ગીગાભાઈ ભાવુભાઈ ગોહિલ	૧૦
૫૬.	ખાલી	ખાલી
૫૭.	શ્રી નગીદાસ મણીલાલ શાહ	૧૦
૫૮.	શ્રી મણીલાલ ગોરધનદાસ ગાંધી	૧૦
૫૯.	શ્રી નવલભાઈ નેમચંદભાઈ શાહ	મંત્રીશ્રી
૬૦.	શ્રી પુરૂષોત્તમ રવજીભાઈ મકવાણા	૧૦
૬૧.	શ્રી ધુળાભાઈ દલાભાઈ ગોહિલ	૧૦
૬૨.	શ્રી કાંતિલાલ ઈશ્વરદાસ પટેલ	૧૦
૬૩.	શ્રી કાસમભાઈ મહંમદભાઈ અછવા	સંસદીય સચિવશ્રી
૬૪.	શ્રી ભવાનસીંગ ખોડાજી ચૌહાણ	૧૦
૬૫.	શ્રી વિષ્ણુભાઈ કશીભાઈ પટેલ	૧૦
૬૬.	શ્રી ગાભાજી મંગાજી ઠાકોર	૧૦
૬૭.	શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ	મુખ્ય મંત્રીશ્રી
૬૮.	શ્રી બાબુભાઈ કેશવલાલ વાસણવાળા	૧૦

૧	૨	૩
૬૯.	શ્રી મનુભાઈ હરીલાલ પાલખીવાલા	૧૦
૭૦.	શ્રી પ્રમોદચંદ્ર ચંદુલાલ પટેલ	૮
૭૧.	શ્રી રાજકુમાર ગીગરાજ ગુપ્તા	૬
૭૨.	શ્રી લક્ષ્મણભાઈ કાળીદાસ પટ્ટણી	૧૦
૭૩.	શ્રી મગનભાઈ રણછોડભાઈ બારોટ	૧૦
૭૪.	શ્રી નરસિંહભાઈ કરશનભાઈ મકવાણા	૧૦
૭૫.	શ્રી અશોક ચંદુલાલ ભટ્ટ	૯
૭૬.	શ્રી અબ્દુલરહીમ તાજુજી કુંદીવાલા	૯
૭૭.	શ્રી નવીનચંદ્ર મોતીલાલ બારોટ	મંત્રીશ્રી
૭૮.	શ્રી થાવરદાસ લધારામ ખુબચંદાણી	૧૦
૭૯.	શ્રી જેઠાલાલ ફુલચંદભાઈ પટેલ	૫
૮૦.	શ્રી ચીમનભાઈ પુરૂષોત્તમદાસ પટેલ	સંસદીય સચિવશ્રી
૮૧.	શ્રી પ્રહલાદભાઈ કેશવલાલ પટેલ	૧૦
૮૨.	શ્રી હરિભાઈ ખુશાલભાઈ પરમાર	૧૦
૮૩.	શ્રી ભાવસિહજી દાનસિહજી ઝાલા	૧૦
૮૪.	શ્રી દિનેશચંદ્ર વિનોદચંદ્ર શાહ	મંત્રીશ્રી
૮૫.	શ્રી અમરતભાઈ કાળીદાસ પટેલ	૭
૮૬.	શ્રી સાકળચંદ કાલીદાસ પટેલ	૧૦
૮૭.	શ્રી શંકરજી ઓખાજી ઠાકોર	૧૦
૮૮.	ડૉ. કાંતિલાલ મણીલાલ પટેલ	૧૦
૮૯.	શ્રી વિઠ્ઠલભાઈ ડાસાભાઈ પટેલ	૧૦
૯૦.	શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી	૧૦
૯૧.	શ્રી ભગવાનદાસ નારણદાસ અમીન	૯
૯૨	શ્રી વિક્રમભાઈ ધનજીભાઈ પટેલ	૭
૯૩	શ્રી વીરાજી નવાજી ઠાકોર	૧૦
૯૪	શ્રી ખોડીદાન ભીમજી ઝુલા	૧૦
૯૫	શ્રી હેમાભાઈ દરધાભાઈ પરમાર	૯
૯૬	શ્રી લીલાધર ખોડાજી વાઘેલા	૧૦
૯૭	શ્રી મફતલાલ ઝુમચંદ પાંચાણી	૧૦
૯૮	શ્રી વિનોદચંદ્ર જેઠાલાલ પટેલ	૫
૯૯	શ્રી મનસુખલાલ જયશંકર દવે	૧૦
૧૦૦	શ્રી લેખરાજ હેમરાજભાઈ બચાણી	સંસદીય સચિવશ્રી
૧૦૧	શ્રી અશોકભાઈ અમરાભાઈ ડાભી	૧૦
૧૦૨	શ્રી હરિસિંહ પ્રતાપસિંહ ચાવડા	મંત્રીશ્રી.
૧૦૩	શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઈ ડામોર	૧૦
૧૦૪	શ્રી કરસનદાસ લીરાભાઈ સોનેરી	૧૦
૧૦૫	શ્રી ધનેશ્વર કાલીદાસ વ્યાસ	સંસદીય સચિવશ્રી

૧	૨	૩
૧૦૬.	શ્રી ભગવાનદાસ હરીભાઈ પટેલ	૧૦
૧૦૭.	શ્રી દિપસિંહ જવાનસિંહ રાઠોડ	૧૦
૧૦૮.	શ્રી અરજનભાઈ ભીમજીભાઈ પટેલ	૧૦
૧૦૯.	શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર	૧૦
૧૧૦.	શ્રી જેકાલાલ ચંદુલાલ ગાંધી	૧૦
૧૧૧.	શ્રી જીવાભાઈ મોતીભાઈ ડામોર	૧૦
૧૧૨.	શ્રી વીરજીભાઈ લીંબાભાઈ મુનીયા	૧૦
૧૧૩.	શ્રી માલસિંહ ફતાભાઈ ડામોર	૧૦
૧૧૪.	શ્રી લલીતકુમાર ભગવાનદાસ પટેલ	૧૦
૧૧૫.	શ્રી વિરસિંહ ગંગજીભાઈ મોહનિઆ	૧૦
૧૧૬,	શ્રી જયદિપસિંહજી સુભગસિંહજી	૧
૧૧૭.	શ્રી શાંતિલાલ પરસોત્તમભાઈ પટેલ	૧૦
૧૧૮.	શ્રી ઉદયસિંહ મોહનસિંહ પરમાર	૧૦
૧૧૯.	શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી	મંત્રીશ્રી
૧૨૦.	શ્રી અબ્દુલરહીમ ઈસ્માઈલ ખાલપા	૧૦
૧૨૧.	શ્રી દલાભાઈ રાયજીભાઈ પરમાર	૧૦
૧૨૨.	શ્રી શાંતિલાલ ગુલાબચંદ શાહ	૧૦
૧૨૩.	શ્રી બદિયાભાઈ મુલજીભાઈ ગોંદિયા	૮
૧૨૪.	શ્રી છત્રસિંહ અમરસિંહજી સોલંકી	૧૦
૧૨૫.	શ્રી બુધાજી જીતાજી ચૌહાણ	૯
૧૨૬.	શ્રી યાસીનમીયાં યુસુફમીયાં મલેક	૯
૧૨૭.	શ્રી હરિહરભાઈ ઉમીયાશંકર ખંભોળજા	૧૦
૧૨૮.	શ્રી મગનભાઈ ગોકળભાઈ ઝાલા	૧૦
૧૨૯.	શ્રી રમણભાઈ નાગજીભાઈ પટેલ	૧૦
૧૩૦.	શ્રી બલવંતસિંહ સુધનસિંહ સોઢા	૧૦
૧૩૧.	શ્રી દિનશા ઝવેરભાઈ પટેલ	૧૦
૧૩૨.	શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા	મંત્રીશ્રી
૧૩૩.	શ્રી રણછોડભાઈ શનાભાઈ સોલંકી	૯
૧૩૪.	શ્રી ગોવિંદભાઈ જેસંગભાઈ પટેલ	૧૦
૧૩૫.	શ્રી ફૂલાભાઈ વર્ધાભાઈ પટેલ	૧૦
૧૩૬.	શ્રી ઈશ્વરભાઈ નારણભાઈ વણકર	૧૦
૧૩૭.	શ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલ	૧૦
૧૩૮.	શ્રી ઉમેદભાઈ ફતેસિંહ ગોહેલ	૯
૧૩૯.	શ્રી માધવસિંહ ફુલસિંહ સોલંકી	વિરોધપક્ષનાનેતાશ્રી
૧૪૦.	શ્રી વલ્લભભાઈ આશાભાઈ પટેલ	૧૦
૧૪૧.	શ્રી રમણભાઈ નારણભાઈ રાઠવા	૫
૧૪૨.	શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા	૧૦

૧	૨	૩
૧૪૩.	શ્રી મેઘાભાઈ જગાભાઈ ભીલ	૧૦
૧૪૪.	શ્રી ભઈજીભાઈ ભાણાભાઈ તડવી	૯
૧૪૫.	શ્રી અંબાલાલ નાગજીભાઈ પટેલ	૧૦
૧૪૬.	શ્રી પ્રભાતસિંહ જોરસિંહ પરમાર	૧૦
૧૪૭.	શ્રી મકરંદ બલવંતરાય દેસાઈ	મંત્રીશ્રી
૧૪૮.	શ્રી જી. જી. પરાડકર	૧૦
૧૪૯.	ખાલી	ખાલી
૧૫૦.	શ્રી સનતકુમાર મગનલાલ મહેતા	૯
૧૫૧.	શ્રી ઠાકોરભાઈ મોહનભાઈ પટેલ	૧૦
૧૫૨.	શ્રી જશવંતલાલ સૌભાગ્યચંદ શાહ	મંત્રીશ્રી
૧૫૩.	શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવા	૧
૧૫૪.	શ્રી મગનભાઈ ભુખણભાઈ સોલંકી	૧૦
૧૫૫.	શ્રી વિજયસિંહજી માનસિંહજી રાણા	૬
૧૫૬.	શ્રી પિયુષભાઈ ધનવંતરાય ઠાકોર	૨
૧૫૭.	શ્રી ઠાકોરભાઈ ગોમાનભાઈ પટેલ	૧૦
૧૫૮.	શ્રી રેવાદાસ લીમજીભાઈ વસાવા	૧૦
૧૫૯.	શ્રી કાલુભાઈ ખીમજીભાઈ વસાવા	૧૦
૧૬૦.	શ્રી ચંદુભાઈ શનાભાઈ દેશમુખ	મંત્રીશ્રી
૧૬૧.	શ્રી ગોવિંદભાઈ બારકીયાભાઈ વસાવા	૭
૧૬૨.	શ્રી મનસુખલાલ જાનિયાભાઈ વસાવા	૧૦
૧૬૩.	શ્રી વસનજીભાઈ ગનજીભાઈ ગામીત	૧૦
૧૬૪.	શ્રી અમરસિંહ ભીલાભાઈ ચૌધરી	૯
૧૬૫.	શ્રી ધનજીભાઈ કરશનભાઈ ઢોડિયા	૧૦
૧૬૬.	શ્રી છોટુભાઈ નાથુભાઈ રાઠોડ	૯
૧૬૭.	શ્રી ધનજીભાઈ મોતીભાઈ રાઠોડ	૧૦
૧૬૮.	શ્રી પરભુભાઈ ડાહ્યાભાઈ પટેલ	૧૦
૧૬૯.	શ્રી શંભુભાઈ વલ્લભભાઈ પટેલ	૧૦
૧૭૦.	શ્રી કાશીરામ છબીલદાસ રાણા	૧૦
૧૭૧.	શ્રી પોપટલાલ મુળશંકર વ્યાસ	મંત્રીશ્રી
૧૭૨.	શ્રી ઠાકોરભાઈ નરોત્તમભાઈ પટેલ	૯
૧૭૩.	શ્રી ગોંસાઈભાઈ છીબાભાઈ પટેલ	૧૦
૧૭૪.	શ્રી વિઠ્ઠલભાઈ નાગરજી પટેલ	૧૦
૧૭૫.	શ્રી પરાગજી ડાલ્યાભાઈ નાયક	૧૦
૧૭૬.	શ્રી ભગુભાઈ પરસોત્તમભાઈ પટેલ	૧૦
૧૭૭.	શ્રી ભાસ્કરભાઈ લક્ષ્મણભાઈ બાગુલ	૧૦
૧૭૮.	શ્રી. કેશવભાઈ રતનજી પટેલ	મંત્રીશ્રી

૧	૨	૩
૧૭૯.	શ્રી રામુભાઈ બાલુભાઈ જાદવ	સંસદીયસચિવશ્રી
૧૮૦.	શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ	૯
૧૮૧.	શ્રી છોટુભાઈ જમનાભાઈ પટેલ	૧૦
૧૮૨.	શ્રી છોટુભાઈ વેસ્તાભાઈ પટેલ	૧૦

પત્રક ક્રમાંક—૪

(જુઓ ફકરા ક્રમાંક—૩)

સભ્યોની તારીખવાર હાજરી

(અધ્યક્ષ, મંત્રીઓ તથા સંસદીય સચિવો તથા વિરોધપક્ષના નેતા સિવાય)

તારીખ	હાજરી	ગેરહાજરી	સંખ્યા
૧	૨	૩	૪
તા. ૧૭--૯--૭૯	૧૪૧	૧૪	૧૫૫
તા. ૧૮--૯--૭૯	૧૪૨	૧૩	૧૫૫
તા. ૧૯--૯--૭૯	૧૪૫	૧૦	૧૫૫
તા. ૨૦--૯--૭૯	૧૪૫	૧૦	૧૫૫
તા. ૨૧--૯--૭૯	૧૪૧	૧૪	૧૫૫
તા. ૨૪--૯--૭૯	૧૩૧	૨૪	૧૫૫
તા. ૨૫--૯--૭૯	૧૩૮	૧૭	૧૫૫
તા. ૨૬--૯--૭૯	૧૩૮	૧૭	૧૫૫
તા. ૨૭--૯--૭૯	૧૩૯	૧૬	૧૫૫
તા. ૨૮--૯--૭૯	૧૪૧	૧૪	૧૫૫

પત્રક ક્રમાંક—૧૧

(જુઓ ફકરા ક્રમાંક—૪)

તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ આંકડામાં

પ્રશ્નનો પ્રકાર	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	દાખલ ન કર્યા	ટૂંકી મુદતમાંથી તારાંકિત તરીકે દાખલ કર્યા	ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા	તારાંકિત માંથી અતારાંકિત દાખલ કર્યા	સભ્યે દાખલ થયેલા પ્રશ્નો પાછા ખેંચ્યા	સાતમા સત્ર દરમ્યાન જવાબ ન આપવાથી આખ્યા ગૃહમાં રજૂ ન થઈ શકેલા પ્રશ્નો	ગૃહમાં નિયમ ૮૭ અ અન્વયે સભા-ગૃહના મેજ ઉપર મૂકયા	સત્ર ના ગૃહમાં થવાના જવાબો	સમાપ્તિ દિવસે રજૂ બાકી
ટૂંકી મુદત	૨૯	૫	૨૪	—	—	—	—	—	૪	—	—
તારાંકિત	૧૨૧૨	૭૦૪	૪૮૦	—	—	૨૮	—	—	૭૦૪	—	—
અતારાંકિત	૩૬૦	૧૬૩	૧૯૭	—	—	—	—	૨૧૩	૩૦૦	૧૦૨	૨

પત્રક ક્રમાંક—૬

(જુઓ ફકરા ક્રમાંક—૪)

ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અનું.નં.	વિભાગ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	દાખલ ન કર્યા	મંત્રીશ્રી સંમત	મંત્રીશ્રી અસંમત	ગૃહમાં રજૂ	ટૂંકી મુદત-માંથી તારાંકિત	ટૂંકી મુદત-માંથી અતારાંકિત
૧	સામાન્ય વહીવટ વિભાગ	૨	—	૨	—	—	—	—	—
૨	નાણા વિભાગ	—	—	—	—	—	—	—	—
૩	કાયદા વિભાગ	—	—	—	—	—	—	—	—
૪	સિંચાઈ વિભાગ	૪	—	૪	—	—	—	—	—
૫	મહેસૂલ વિભાગ	૩	૧	૨	૧	—	૧	—	—
૬	પંચાયત, ગૃહનિર્માણ અને અને શહેરી વિકાસ વિભાગ	—	—	—	—	—	—	—	—
૭	શિક્ષણ વિભાગ	૫	૧	૪	૧	—	૧	—	—

૮	ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ	૨	—	૨	—	—	—	—	—
૯	ગૃહ વિભાગ	૫	૧	૪	—	૧	—	—	—
૧૦	ખેતી, વન અને સહકાર વિભાગ	—	—	—	—	—	—	—	—
૧૧	અનાજ અને નાગરિક પુરવઠા વિભાગ	૨	—	૨	—	—	—	—	—
૧૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	૨	—	૨	—	—	—	—	—
૧૩	મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	૧	—	૧	—	—	—	—	—
૧૪	મકાનો અને માર્ગવ્યવહાર વિભાગ	૩	૨	૧	૨	—	૨	—	—
	કુલ ...	૨૯	૫	૨૪	૪	૧	૪	—	—

પત્રક ક્રમાંક—૭

(જુઓ ફકરા ક્રમાંક ૪)

તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અનુ. નં.	વિભાગ	મળેલ સૂચનાઓ	તારાંકિત તરીકે દાખલ કર્યા	ટૂંકી મુદતમાંથી તારાંકિત કર્યા	તારાંકિતમાંથી અતારાંકિતકર્યા	દાખલ ન કર્યા	સભ્યશ્રીએ પ્રશ્નો પાછા ખેંચ્યા	ગૃહમાં જવાબ આપ્યા
૧	સામાન્ય વહીવટ વિભાગ	૬૦	૨૧	—	—	૩૯	—	૨૧
૨	નાણા વિભાગ	૩૭	૧૭	—	૪	૧૬	—	૧૭
૩	કાયદા વિભાગ	૧૬	૧૧	—	—	૫	—	૧૧
૪	સિંચાઈ વિભાગ	૧૦૮	૫૧	—	૧	૫૬	—	૫૧
૫	મહેસૂલ વિભાગ	૧૨૪	૮૩	—	૩	૩૮	—	૮૩
૬	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	૭૯	૩૯	—	૫	૩૫	—	૩૯
૭	શિક્ષણ વિભાગ	૭૪	૫૧	—	૧	૨૨	—	૫૧
૮	ગૃહ વિભાગ	૧૨૮	૮૪	—	—	૪૪	—	૮૪

૯ ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ	૧૨૨	૮૧	—	—	૪૧	—	૮૧
૧૦ ખેતી, વન અને સહકાર વિભાગ	૧૨૭	૭૧	—	૧	૫૫	—	૭૧
૧૧ અનાજ અને નાગરિક પુરવઠા વિભાગ	૪૬	૩૨	—	૨	૧૨	—	૩૨
૧૨ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	૯૫	૬૨	—	૨	૩૧	—	૬૨
૧૩ મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	૭૬	૪૩	—	૫	૨૮	—	૪૩
૧૪ મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગ	૧૨૦	૫૮	—	૪	૫૮	—	૫૮
કુલ	૧૨૧૨	૭૦૪	—	૨૮	૪૮૦	—	૭૦૪

પત્રક ક્રમાંક—૮

(જુઓ ફકરા ક્રમાંક ૪)

અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અનુક્રમ નં.	વિભાગ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	તારાંકિત માંથી અતારાંકિત	ટુંકી મુદત માંથી અતારાંકિત	આગાઉ દાખલ કરેલ પરંતુ ગયા સત્રમાં જવાબ ન આવવાથી રજૂ ન થયેલ	દાખલ ન કરેલ	સભ્યશ્રી-એ પ્રશ્નો પાછા ખેંચ્યા	ગૃહમાં જવાબ આપ્યા	નિયમ ૮૭અ અન્વયે મેજ ઉપર મૂકયા	સત્ર સમાપ્તિ-ના દિવસે બાકી જવાબો-ની સંખ્યા
૧	સામાન્ય વહીવટ વિભાગ	૮	૨	—	—	૯	૬	—	૯	૨	—
૨	નાણા વિભાગ	૨	—	૪	—	૨	૨	—	૪	૨	—
૩	કાયદા વિભાગ	—	—	—	—	૩	—	—	૩	—	—
૪	સિંચાઈ વિભાગ	૭૦	૩૪	૧	—	૧૧	૩૬	—	૩૬	૧૦	—
૫	મહેસૂલ વિભાગ	૨૬	૧૬	૩	—	૨૭	૧૦	—	૨૮	૧૮	—

૬ પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	૧૧	—	૫	—	૫	૧૧	—	૭	૩	—
૭ શિક્ષણ વિભાગ	૧૮	૮	૧	—	૯	૧૦	—	૧૬	૨	—
૮ ગૃહ વિભાગ	૩૦	૧૩	—	—	૫૮	૧૭	—	૫૯	૧૨	—
૯ ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ	૩૫	૧૪	—	—	૮	૨૧	—	૧૮	૪	—
૧૦ ખેતી વન અને સહકાર વિભાગ	૩૨	૧૫	૧	—	૩૫	૧૭	—	૩૯	૧૨	—
૧૧ અનાજ અને નાગરિક પુરવઠા વિભાગ	૬	૪	૨	—	—	૨	—	૧	૫	—
૧૨ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	૫૧	૨૬	૨	—	૧૫	૨૫	—	૨૫	૧૭	૧
૧૩ મજૂર, સામાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	૨૪	૧૨	૫	—	૫	૧૨	—	૧૩	૯	—
૧૪ મકાનો અને માર્ગવ્યવહાર વિભાગ	૪૭	૧૯	૪	—	૨૬	૨૮	—	૪૨	૬	૧
કુલ ...	૩૬૦	૧૬૩	૨૮	—	૨૧૩	૧૯૭	—	૩૦૦	૧૦૨	૨

(જુઓ ફકરા ક્રમાંક—૮)

દાખલ કરવાના સરકારી વિધેયકો

અનુ.	વિધેયકની ટૂંકી સંજ્ઞા	સરકારી વિભાગ	પ્રભારી મંત્રીશ્રી	દાખલ થયા તારીખ	વિધેયકનો ક્રમાંક અને ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	સન ૧૯૭૯નું મુંબઈ મજૂર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) વિધેયક	મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	શ્રી નવીનચંદ્ર બારોટ મંત્રીશ્રી, મજૂર	૧૮-૯-૭૯	૧૯૭૯નું વિધેયક ક્રમાંક ૪૧/૧૮-૯-૭૯	
૨	સન ૧૯૭૯નું ગુજરાત ઉપકર (સુધારા) વિધેયક	શિક્ષણ નાણાં વિભાગ	શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી, નાણાં	૧૮-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક ૪૨ તા-૧૮-૯-૭૯	
૩	સન ૧૯૭૯નું મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક	ખેતી, વન અને સહકાર વિભાગ	શ્રી નવલભાઈ શાહ મંત્રીશ્રી, પશુપાલન	૨૭-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૬ તા-૧૭-૧-૭૯	
૪	સન ૧૯૭૯નું ગુજરાત નગર પંચાયતો(ની મુદત વધારવા બાબત) વિધેયક	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ,	શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, પંચાયત	૨૧-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૭ તા-૨૧-૯-૭૯	
૫	સન ૧૯૭૯નું ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) વિધેયક	મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	શ્રી નવીનચંદ્ર બારોટ, મંત્રીશ્રી, મજૂર	૧૮-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૮, તા-૫-૯-૭૯	

૬	સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત(કેટલીક ગ્રામ પંચાયતોની પુનરરચના બાબત) વિધેયક	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી માણેકલાલ ગાંધી, પંચાયત મંત્રીશ્રી	૨૧-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૯, તા-૫-૯-૭૯
૭	સન ૧૯૭૯નું ભારતનું વીજળી બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક	ઉદ્યોગ ખાણ અને વીજળી વિભાગ	શ્રી મકરંદ બી. દેસાઈ. વીજળી મંત્રીશ્રી	...	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૦, તા-૫-૯-૭૯ માન. મંત્રીશ્રીએ વિધેયક દાખલ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો નહીં.
૮	સન ૧૯૭૯નું ગુજરાત (દ્વિતિય પુરક)વિનિયોગ વિધેયક	નાણાં વિભાગ	શ્રી દિનેશભાઈ શાહ, નાણાં મંત્રીશ્રી	૨૬-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૭, તા-૨૬-૯-૭૯
૯	સન ૧૯૭૯નું ગુજરાત વિધાનસભાના સભ્ય (ગેરલાયકાત નિવારણ) સુધારા વિધેયક	કાયદા વિભાગ	શ્રી જશવંતલાલ શાહ, સંસદીય બાબતોના મંત્રીશ્રી	...	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૮. તા.૨૭-૯-૭૯ સમયના અભાવે વિધેયક દાખલ થઈ શકયું નહીં.
૧૦	સન ૧૯૭૯નું ગુજરાત આવશ્યક સેવાઓ જાળવવા બાબત(સુધારા) વિધેયક	ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ	શ્રી મકરંદ બી. દેસાઈ, વીજળી મંત્રીશ્રી	૨૮-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૯, તા-૨૯-૯-૭૯
૧૧	સન૧૯૭૯નું ગુજરાતનું પક્ષાંતર બદલ સ્થાનિક સભ્યોને ગેરલાયક ઠેરવવાની જોગવાઈ કરતું વિધેયક	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી માણેકલાલ ગાંધી, પંચાયત મંત્રીશ્રી	૨૮-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૫૦, તા-૨૯-૯-૭૯
૧૨	સન ૧૯૭૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.	ખેતી, વન અને સહકાર વિભાગ	શ્રી કેશુભાઈ સી. પટેલ, કૃષિ મંત્રીશ્રી	...	સમયના અભાવે આ વિધેયક દાખલ કરી શકાયું નહિ.

પત્રક

(જુઓ ફકરા

પહેલા, બીજા અને ત્રીજા વાંચન

અ. નં.	વિધેયકો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા	સરકારી વિભાગ	પ્રભારી મંત્રીશ્રી
૧	૨	૩	૪
૧	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૬ સન ૧૯૭૯નું મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક	ખેતી, વન અને સહકાર વિભાગ	શ્રી નવલભાઈ શાહ મંત્રીશ્રી, પશુપાલન
૨	સન-૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૭ સન ૧૯૭૯નું ગુજરાત નગર પંચાયત(ની મુદત વધારવા બાબત) વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી માણેકલાલ ગાંધી મંત્રીશ્રી, પંચાયત
૩	સન-૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૮ સન ૧૯૭૯નું ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર(રોજગાર અને કલ્યાણ નિયમન) વિધેયક.	મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	શ્રી નવીનચંદ્ર બારોટ મંત્રીશ્રી, મજૂર
૪	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૯ સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ પંચાયતોની પુનર્રચના બાબત) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી માણેકલાલ ગાંધી મંત્રીશ્રી, પંચાયત
૫	સન-૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૭ સન ૧૯૭૯નું ગુજરાત (દ્વિતિય પૂરક) વિનિયોગ વિધેયક.	નાણાં વિભાગ	શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી, નાણાં

ક્રમાંક—૧૦

ક્રમાંક-૯)

માટેનાં (પસાર થયેલાં) સરકારી વિધેયકો

દાખલ થયાની તારીખ	પહેલા વાંચનની તારીખ	બીજા વાંચનની તારીખ	ત્રીજા વાંચનની તારીખ	સુધારા		
				જેની સૂચના મળી	જે રજૂ કરવામાં આવ્યા	જે પસાર કરવામાં આવ્યા
૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૨૭-૯-૭૯	૨૮-૯-૭૯	૨૮-૯-૭૯	૨૮-૯-૭૯	૪	૨	૨
૨૧-૯-૭૯	૨૧-૯-૭૯	૨૧-૯-૭૯	૨૧-૯-૭૯	૧	...	...
૧૮-૯-૭૯	૧૮-૯-૭૯	૧૮-૯-૭૯	૧૮-૯-૭૯	૧૨	૯	૧
૨૧-૯-૭૯	૨૧-૯-૭૯ અને ૨૭-૯-૭૯	૨૭-૯-૭૯	૨૭-૯-૭૯	...	...	...
૨૬-૯-૭૯	૨૬-૯-૭૯	૨૬-૯-૭૯	૨૬-૯-૭૯	...	...	...

પત્રક ક્રમાંક—૧૧

(જુઓ ફકરા ક્રમાંક—૯)

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બાકી રહેલા સરકારી વિધેયકો

અનુક્રમ ૧	વિધેયકનો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા ૨	સરકારી વિભાગ ૩	પ્રભારી મંત્રીશ્રી ૪	દાખલ થયાની તારીખ ૫
૧.	સન-૧૯૭૭નું વિધેયક ક્રમાંક-૧૫૫ સન ૧૯૭૭નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક	શિક્ષણ વિભાગ	શ્રી નવલભાઈ શાહ શિક્ષણ મંત્રીશ્રી	૧૭-૨-૭૮
૨.	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૨૮ સન ૧૯૭૮નું ગુજરાત પંચાયત (તૃતિય સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી માણેકલાલ ગાંધી પંચાયત મંત્રીશ્રી	૨૭-૩-૭૮
૩.	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૩૨ સન ૧૯૭૮નું ગુજરાત કૃષિ યુનિવર્સિટી(સુધારા) વિધેયક.	ખેતી, વન અને સહકાર વિભાગ	શ્રી કેશુભાઈ પટેલ કૃષિ મંત્રીશ્રી	૨૯-૩-૭૮
૪.	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૩૩ સન ૧૯૭૮નું મુંબઈ કોર્ટ-ફી (ગુજરાત સુધારા) વિધેયક.	કાયદા વિભાગ	શ્રી રસિકલાલ આચાર્ય ન્યાયતંત્ર મંત્રીશ્રી	૩૧-૩-૭૮
૫.	સન-૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૪૧ સન ૧૯૭૮નું ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક.	શિક્ષણ વિભાગ	શ્રી નવલભાઈ શાહ શિક્ષણ મંત્રીશ્રી	૨૧-૮-૭૯
૬.	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૪૨ સન ૧૯૭૮નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક.	ગૃહ વિભાગ	શ્રી પોપટલાલ વ્યાસ ગૃહ મંત્રીશ્રી	૨૧-૮-૭૮

૭.	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૪૩ સન ૧૯૭૮નું ગુજરાત જાહેર જગાઓ (અનધિકૃત ભોગવટો કરનારાઓ પાસે ખાલી કરાવવા બાબત) વિધેયક).	જાહેર બાંધકામ વિભાગ	શ્રી નવીનચંદ્ર બારોટ વસવાટ મંત્રીશ્રી	૨૧-૮-૭૮
૮.	સન-૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૪૪ સન ૧૯૭૮નું ગુજરાત મંત્રીશ્રીઓના પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક	સામાન્ય વહીવટ વિભાગ	શ્રી બાબુભાઈ જ. પટેલ મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)	૧-૮-૭૯
૯.	સન-૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૪૯ સન ૧૯૭૮નું ગુજરાત પશુધન સુધારણા વિધેયક	ખેતી, વન અને સહકાર વિભાગ	શ્રી નવલભાઈ શાહ પશુપાલન અને ડેરી વિકાસ મંત્રીશ્રી.	૨૯-૮-૭૯
૧૦.	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૫૯ સન-૧૯૭૮નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક	કાયદા વિભાગ	શ્રી નવીનચંદ્ર બારોટ કાયદા મંત્રીશ્રી	૭-૯-૭૮
૧૧.	સન-૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૧૦ સન ૧૯૭૯નું ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક	સામાન્ય વહીવટ વિભાગ	શ્રી બાબુભાઈ જ. પટેલ મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)	૨૫-૧-૭૯
૧૨.	સન-૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૧૧ સન ૧૯૭૯નું ગુજરાત મોટર વાહન (હંગામી સંપાદન અને નિયંત્રણ) વિધેયક.	ગૃહ વિભાગ	શ્રી શંકરભાઈ ડી. વાઘેલા પરિવહન મંત્રીશ્રી.	૨૫-૧-૭૯
૧૩.	સન-૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૧૮ સન ૧૯૭૯નું મુંબઈ બિન-વ્યાપારી કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	નાણા વિભાગ	શ્રી દિનેશભાઈ શાહ નાણા મંત્રીશ્રી	૧૬-૨-૭૯
૧૪.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૨૩ સન ૧૯૭૯નું ગુજરાત માલ હેરફેર વેરા(સુધારા) વિધેયક.	ગૃહ વિભાગ	શ્રી શંકરભાઈ ડી. વાઘેલા પરિવહન મંત્રીશ્રી.	૨૮-૨-૭૯

૧	૨	૩	૪	૫
૧૫.	સન-૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૦ સન ૧૯૭૯નું ભારતનું વીજળી બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક	ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ	શ્રી મકરંદ બી. દેસાઈ વિજળી મંત્રીશ્રી	...
૧૬.	સન-૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૧ સન ૧૯૭૯નું મુંબઈ મજૂર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) વિધેયક.	મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	શ્રી નવીનચંદ્ર બારોટ શ્રમ મંત્રીશ્રી	૧૮-૯-૭૯
૧૭.	સન-૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૨ સન ૧૯૭૯નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક.	નાણા વિભાગ	શ્રી દિનેશભાઈ શાહ નાણા મંત્રીશ્રી	૧૮-૯-૭૯
૧૮.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૮ સન ૧૯૭૯નું ગુજરાત વિધાનસભાના સભ્ય (ગેર લાયકાત નિવારણ) (સુધારા) વિધેયક	કાયદા વિભાગ	શ્રી જશવંતલાલ શાહ સંસદિય બાબતોના મંત્રોશ્રી	...
૧૯.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૯ સન ૧૯૭૯નું ગુજરાત આવશ્યક સેવાઓ જાળવવા બાબત (સુધારા) વિધેયક.	ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ	શ્રી મકરંદભાઈ દેસાઈ વીજળી મંત્રીશ્રી	૨૮-૯-૭૯
૨૦.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૫૦ સન ૧૯૭૯નું ગુજરાતનું પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતું વિધેયક	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી માણેકલાલ ગાંધી મંત્રીશ્રી, પંચાયત	૨૮-૯-૭૯

પત્રક ક્રમાંક ૧૨

(જુઓ ફકરા ક્રમાંક ૧૪ (ખ))

સન ૧૯૭૯-૮૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ

રજૂ થયેલી પૂરક માગણીઓની સંખ્યા	ચર્ચાએલી માગણીઓ			ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલી પૂરક માગણીઓની સંખ્યા
	અનુક્રમ નંબર	માગણી નંબર	હિસાબનું મુખ્ય સદર	
૧	૨	૩	૪	૫
			સામાન્ય વહીવટ વિભાગ	
૪૭	૧	૩	૨૧૫--ચૂંટણી	૪૧
			અનાજ અને નાગરિક પુરવઠા વિભાગ	
	૨	૨૦	૬૯૮—સહકાર માટે લોન	
			૭૬૬—સરકારી કર્મચારીઓને લોન	
			ગૃહ વિભાગ	
	૩	૩૭	૨૫૫—પોલીસ	
			ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ	
	૪	૪૯	૨૯૭—વિદેશ વ્યાપાર અને નિકાસ ઉત્તેજન	
			૨૯૮—સહકાર	
			૩૨૦—ઉદ્યોગો	
			૩૨૧—ગ્રામ અને નાના ઉદ્યોગો	
			૪૯૮—સહકાર અંગે મૂડી જોગવાઈ	
			૫૨૧—ગ્રામ અને નાના ઉદ્યોગો અંગે મૂડી જોગવાઈ	

૧	૨	૩	૪	૫
			૫૨૩—પેટ્રોલિયમ, રસાયણો અને રસાયણી ખાતર ઉદ્યોગો અંગે મૂડી જોગવાઈ	
			૫૨૫—દૂર, સંચાર અને વીજાણું ઉદ્યોગો અંગે મૂડી જોગવાઈ	
			૫૨૬—ગ્રાહક ઉદ્યોગો અંગે મૂડી જોગવાઈ	
			૫૩૦—ઔદ્યોગિક નાણા સંસ્થાઓમાં મૂડી રોકાણ	
			૬૯૮—સહકાર માટે લોન	
			૭૨૦—ઔદ્યોગિક સંશોધન અને વિકાસ માટે લોન	
			૭૨૧—ગ્રામ અને નાના ઉદ્યોગો માટે લોન	
			૭૨૩—પેટ્રોલિયમ, રસાયણો અને રસાયણી ખાતર ઉદ્યોગોને લોન	
			૭૨૬—ગ્રાહક ઉદ્યોગો માટે લોન	
			૭૩૦—ઔદ્યોગિક નાણા સંસ્થાઓને લોન	
			સિંચાઈ વિભાગ	
૫	૬૬		૩૦૬—નાની સિંચાઈ	
			૩૦૭—ભૂમિ અને જળ સંરક્ષણ	
			૩૩૧—જળ અને વીજળી વિકાસ સેવાઓ	
			૩૩૨—બહુલક્ષી નદી પ્રાયોજનાઓ	
			૩૩૩—સિંચાઈ, નૌપરિવહન, પાણી નિકાલ અને પૂર નિયંત્રણ પ્રાયોજના	

૨	૩	૪	૫
		૫૦૬—નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ અંગે મૂડી જોગવાઈ	
		૫૨૨—યંત્ર સામગ્રી અને ઈજનેરી ઉદ્યોગો અંગે મૂડી જોગવાઈ	
		૫૩૨—બહુલક્ષી નદી પ્રાયોજના અંગે મૂડી જોગવાઈ	
		૫૩૩—સિંચાઈ. નૌપરિવહન, પાણી નિકાલ અને પૂર નિયંત્રણ પ્રાયોજના અંગે મૂડી જોગવાઈ	
		૬૮૮—સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે લોન	
		૭૦૬—નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ માટે લોન	
		૭૨૨—યંત્ર સામગ્રી અને ઈજનેરી ઉદ્યોગો માટે લોન	
		૭૩૧—જળ અને વીજળી વિકાસ સેવાઓ માટે લોન.	
		મહેસૂલ વિભાગ	
૬	૭૮	૨૮૯—કુદરતી આફતો અંગે રાહત	
		૬૯૫—બીજી સામાજિક અને સમૂહ સેવાઓ માટે લોન	

પત્રક ક્રમાંક—૧૩

(જુઓ ફકરા ક્રમાંક—૧૫)

મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો

ક્રમાંક	પ્રસ્તાવનો વિષય	સૂચના આપનાર સભ્ય-શ્રીનું નામ અને તારીખ	મંત્રી મંડળ	દાખલ કે નામંજૂર	ચર્ચાની તારીખ	પરિણામ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	મંત્રી મંડળમાં અવિ-શ્વાસ હોવા બાબત	શ્રી માધવસિંહ સોલંકી વિરોધ પક્ષના નેતાશ્રી તા. ૨૮--૮--૧૯૭૯	શ્રી બાબુભાઈ જ. પટેલ	ના મંજૂર	—	—	—
૨.	,,	શ્રી હરિહર ખંભોળજા તા. ૧૪--૯--૧૯૭૯	,,	—	—	—	ગૃહની અનુમતિ માગતાં પહેલાં સભ્યશ્રીએ તેમની સૂચના પાછી ખેંચી લીધી.

પત્રક ક્રમાંક—૧૪

(જુઓ ફકરા ક્રમાંક—૧૭)

ધેધાનિક પ્રસ્તાવો (નિયમ ૧૯૭)

મળેલ સૂચનાઓની સંખ્યા	નામંજૂર કરેલ, પાછી ખેંચી લીધેલ વિગેરે	દાખલ કરેલ સુચનાઓની સંખ્યા	દાખલ કરેલ સૂચનાઓનો વિષય (ટૂંકમાં)	સૂચના આપનાર મંત્રીશ્રી/સભ્યશ્રીનું નામ	ચર્ચાની તારીખ	પરિણામ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૪	૧	૩	૧. સને ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમની કલમ ૪ હેઠળ કરની ચુકવણીમાંથી મુક્તિ આપતી નાણા વિભાગની તારીખ ૧૫-૧૦-૭૭ અને તા. ૨૦-૧૦-૭૭ની અધિસૂચનાઓ રદ કરવા બાબત.	શ્રી મનુભાઈ હ. પાલખીવાળા	—	—	સમયના અભાવે ચર્ચા થઈ શકી નહીં.
			૨. પાણી (પ્રદુષણ, નિવારણ અને નિયંત્રણ) (સુધારા) અધિનિયમ (૧૯૭૮નો ૪૮મો)ને રાજ્ય માટે	શ્રી મકરંદ દેસાઈ, પાણી પુરવઠા મંત્રીશ્રી			

૧	૨	૩	૪	૫	૬	૭	૮
			અપનાવવા માટેનો બંધારણની કલમ ૨૫૨ (૧) અન્વયેનો પ્રસ્તાવ	શ્રી મકરંદ દેસાઈ પાણી પુરવઠા મંત્રીશ્રી	—	—	સમયના અભાવે ચર્ચા થઈ શકી નહીં.
		૩.	પશુ , ચિકિત્સા તાલીમ અને વ્યવસાય અને તેની સાથે સંબંધ ધરાવતી અથવા તેને સહાયક અને આનુષંગિક તમામ બાબતો સંબંધમાં સંસદે કાયદો કરીને ગુજરાત રાજ્યમાં નિયમિત કરવા માટેનો બંધારણની કલમ ૨૫૨(૧) અન્વયેનો પ્રસ્તાવ.	શ્રી નવલભાઈ શાહ પશુપાલન મંત્રીશ્રી	—	—	—,,—

પત્રક ક્રમાંક—૧૫

(જુઓ ફકરા ક્રમાંક ૧૮)

વટહુકમો નામંજૂર કરતાં વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૫૨(૨))

અનુ. ક્રમાંક	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	પ્રસ્તાવ	રજૂ થયા તારીખ	ચર્ચાયાની તારીખ	પરિણામ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	શ્રી સનત મહેતા (શ્રી મનુભાઈ હ. પાલખીવાળા)	આ સભાગૃહ સન ૧૯૭૯ના ગુજરાત વટહુકમ ક્રમાંક-૧. સન ૧૯૭૯ના ગુજરાત નગર પંચાયતો(ની મુદત વધારવા) બાબત વટહુકમને નામંજૂર કરે.	—	—	સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે પ્રસ્તાવ ચર્ચા માટે રજૂ થઈ શકયો નહિ.	
૨.	શ્રી સનત મહેતા (શ્રી મનુભાઈ હ. પાલખીવાળા)	આ સભાગૃહ સન ૧૯૭૯ના ગુજરાત વટહકમ કમાંક--૨ સન ૧૯૭૯ના ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ પંચાયતોની પુનર્રચના બાબત) વટ હુકમને નામંજૂર કરે.	—	—	,,	
૩.	શ્રી સનત મહેતા	આ સભાગૃહ સન ૧૯૭૯ના ગુજરાત વટહુકમ ક્રમાંક-૩ સન ૧૯૭૯ના ભારતના વીજળી બાબતના (ગુજરાત સુધારા) વટહુકમને નામંજૂર કરે.	—	—	વટહુકમનું સ્થાન લેતું વિધેયક સભાગૃહમાં રજૂ થઈ શકયું નહીં તેથી આ પ્રસ્તાવ ચર્ચા માટે હાથ હાથ ધરી શકાયો નહીં.	
૪.	શ્રી સનત મહેતા	આ સભાગૃહ સન ૧૯૭૯ના ગુજરાત વટહુકમ ક્રમાંક-૪ સન ૧૯૭૯ના ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) વટહુકમને નામંજૂર કરે.	—	—	સભ્યશ્રીની ગેરહાજરીને કારણે પ્રસ્તાવ ચર્ચા માટે હાથ ધરી શકાયો નહિ.	

પત્રક ક્રમાંક—૧૬

(જુઓ ફકરા ક્રમાંક—૧૯).

વૈધાનિક પ્રસ્તાવો સિવાયના પ્રસ્તાવો (નિયમ—૯૩)

અ. નં.	પ્રસ્તાવની સૂચના આપનાર મંત્રીશ્રી	પ્રસ્તાવનો વિષય	ચર્ચાયાની તારીખ	શેરો
૧	૨	૩	૪	૫
૧.	શ્રી માણેકલાલ ગાંધી પંચાયત મંત્રીશ્રી.	રિખવદાસ શાહના અધ્યક્ષપદે નિમાયેલ પંચાયતો અંગેની ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ વિચારણામાં લેવામાં આવે.	—	સમયના અભાવે ચર્ચા થઈ શકી નહીં.
૨.	શ્રી ચંદુભાઈ દેશમુખ આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી.	ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના સન ૧૯૭૩-૭૪, ૧૯૭૪--૭૫, ૧૯૭૫--૭૬, ૧૯૭૬--૭૭ અને ૧૯૭૭--૭૮ના વાર્ષિક અહેવાલો વિચારણામાં લેવામાં આવે.	—	,,
૩.	શ્રી શંકરભાઈ વાઘેલા. વાહનવ્યવહાર મંત્રીશ્રી.	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનના સન ૧૯૭૫--૭૬, ૧૯૭૬--૭૭, અને ૧૯૭૭-૭૮ ના વાર્ષિક વહીવટી અહેવાલો વિચારણામાં લેવામાં આવે.	—	,,

પત્રક ક્રમાંક—૧૭

(જુઓ ફકરા ક્રમાંક—૨૦)

ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૧)

મળેલ સૂચનાઓની સંખ્યા	દાખલ	નામંજૂર	પાછી ખેંચી	દાખલ થયેલી સૂચનાઓમાંથી પસંદ સૂચનાઓનો વિષય	ફાળવેલ સમય	ચર્ચાની તારીખ	પરિણામ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
						ક. મિ.		
૭	૨	૧	—	૧. જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવ વધારા અંગે.	એક દિવસ	૨૫--૯--૭૯	ચર્ચાને અંતે મત લેવાતા પ્રસ્તાવનો અસ્વીકાર થયો	દાખલ થયેલી સૂચનાઓમાં એક સરખા વિષયની સૂચના આપનાર ૪ સભ્યશ્રીઓના નામ જોડવામાં આવ્યાં.
				૨. મગફળી ખરીદ તપાસ પંચનો અહેવાલ વિચારણામાં લેવા અંગે	બે કલાક	૨૬--૯--૭૯	—	પ્રસ્તાવ પર ફકત ચર્ચા કરવામાં આવી.

પત્રક ક્રમાંક ૧૮

(જુઓ ફકરા ક્રમાંક ૨૨).

ટૂંક સમયમાં ચર્ચા (નિયમ ૧૧૨)

મળેલી સૂચનાની સંખ્યા.	નામંજૂર કરેલી પાછી ખેંચી લીધેલ વગેરે.	દાખલ કરેલી	દાખલ કરેલી સૂચનાઓનો વિષય	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	ચર્ચાની તારીખ અને ચર્ચા માટે આપવામાં આવેલ સમય.
૧	૨	૩	૪	૫	૬
૧૦	૫	૨ (૫ સૂચનાઓ-માંથી એકત્રિત કરીને)	૧. મોરબી-માળિયા વિસ્તારમાં મચ્છુ બંધ નં. ૨ તુટવાના કારણે તેમજ તે અંગે મહેસૂલ મંત્રીએ કરેલ નિવેદન અને કચ્છ તથા રાજ્યના અન્ય વિસ્તારોમાં અતિવૃષ્ટિ અંગે.	શ્રી મનુભાઈ પાલખીવાળા (શ્રી જગદીશચંદ્ર જી ડામોર, શ્રી ચીમન મહેતા અને શ્રી વસનજી ઠકરાર).	૧૯--૯--૭૯ અને ૨૦--૯--૭૯. (૬ કલાક અને ૪૯ મિનિટ)
			૨. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતાં ઉભી થયેલી ગંભીર પરિસ્થિતિ અંગે.	શ્રી ખોડીદાન ઝુલા.	૨૮--૯--૭૯ (એક કલાક).

પત્રક ક્રમાંક—૧૯

(જુઓ ફકરા ક્રમાંક—૨૩)

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

મળેલી સૂચનાઓની સંખ્યા.	દાખલ કરેલી	દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં)	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	બાબત પર ધ્યાન દોર્યા તારીખ.
૧	૨	૩	૪	૫
૮૪	૫	૧. જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ખાસ કરીને ખાદ્યતેલનો ભાવ વધારો.	શ્રી મનુભાઈ પાલખીવાળા (શ્રી કાશીરામ રાણા, શ્રી હરિહર ખંભોળજા, શ્રી યાસીનમીયા મલેક)	૧૮--૯--૭૯
		૨. બનાસકાંઠા જિલ્લાના કેટલાક તાલુકાઓમાં અનાવૃષ્ટિ.	શ્રી ખોડીદાન ઝુલા.	૧૯--૯--૭૯
		૩. રાજ્ય વિધાનસભાની આગામી ચૂંટણી અંગે	શ્રી સનત મહેતા (શ્રી ચીમનભાઈ મહેતા).	૨૬--૯--૭૯
		૪. વડોદરામાં ઝેરી લઠ્ઠો પીવાથી થયેલ મૃત્યુ અંગે.	શ્રી સનત મહેતા (હરિહર ખંભોળજા, શ્રી ખોડીદાન ઝુલા, શ્રીમતી આયશા બેગમ શેખ).	૨૭--૯--૭૯
		૫. ઉકાઈ ડેમ તુટવાનો ઊભો થયેલો ભય.	શ્રી કાશીરામ રાણા, (શ્રી અમરસિંહ ચૌધરી).	૨૮--૯--૭૯

પત્રક ક્રમાંક—૨૦

(જુઓ ફકરા ક્રમાંક—૨૫)

દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો

અ. નં.	વિધેયકની ટૂંકી સંજ્ઞા	સરકારી વિભાગ	પ્રભારી સભ્યશ્રી.	દાખલ તારીખ	વિધેયકનો ક્રમાંક	વિધેયક ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	સન ૧૯૭૯નું સૌરાષ્ટ્રનું વૃક્ષો કાપી નાખવા (શિક્ષા કરવા) બાબત (ગુજરાત સુધારા) વિધેયક.	ખેતી, વન અને સહકાર	શ્રી ઉમેદભાઈ ગોહેલ	૨૦-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૩.	
૨.	સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી નરસિંહ મકવાણા	૨૦-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૪	
૩.	સન ૧૯૭૯નું જમીન સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક.	મહેસૂલ	શ્રી પ્રહલાદભાઈ કે. પટેલ	૨૦-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૫.	
૪.	સન ૧૯૭૯નું ગુજરાત છુટક હંગામી અને બદલી કામદાર (વેતન) વિધેયક.	મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી સનત મહેતા	૨૦-૯-૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૬.	

પત્રક ક્રમાંક—૨૧

(જુઓ ફકરા ક્રમાંક ૨૬)

પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન સરકારી વિધેયકો.

અ. નં.	વિધેયકનો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા	વિભાગનું નામ	પ્રભારી સભ્યશ્રીનું નામ
૧	૨	૩	૪
૧	સન ૧૯૭૭નું વિધેયક ક્રમાંક-૨૦—સન ૧૯૭૭નું ગુજરાત નગરપાલિકા (સુધારા વિધેયક)	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી સનત મહેતા
૨	સન ૧૯૭૭નું વિધેયક ક્રમાંક-૨૯—સન ૧૯૭૭નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક	મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી સનત મહેતા
૩	સન ૧૯૭૭નું વિધેયક ક્રમાંક-૨૯—સન ૧૯૭૭નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક	શિક્ષણ	શ્રી મનુભાઈ પાલખીવાલા
૪	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૧૦—સન ૧૯૭૭નું અનુસૂચિત જાતિ વિકાસ કોરપોરેશન વિધેયક	મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી નરસિંહ મકવાણા
૫	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૧૭—સન ૧૯૭૭નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી નરસિંહ મકવાણા
૬	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૧૮—સન ૧૯૭૮નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક	જાહેર બાંધકામ	શ્રી વસનજી ઠકરાર

૧	૨	૩	૪
૭	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૨૦—સન ૧૯૭૮નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક	નાણાં	શ્રી અરવિંદભાઈ મણિયાર.
૮	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૨૧—સન ૧૯૭૮નું ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક	કાયદા	શ્રી વસનજી ઠકરાર
૯	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૫૨ સન ૧૯૭૭નું મુંબઈ પ્રોવિ-ન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી જી. જી. પરાડકર
૧૦	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક ૫૪—સન ૧૯૭૮નું મુંબઈ મજૂર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) વિધેયક	મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી જી. જી. પરાડકર
૧૧	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૫૫ સન ૧૯૭૮નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક	મહેસૂલ	શ્રી રમણભાઈ એન. પટેલ
૧૨	સન ૧૯૭૮નું વિધેયક ક્રમાંક-૫૬—સન ૧૯૭૭નું ગુજરાત આદિજાતિ આર્થિક સ્થિતિ (સુધારણા) વિધેયક	ખેતી, વન અને સહકાર	શ્રી સનત મહેતા
૧૩	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૭—સન ૧૯૭૭નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક	પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ	શ્રી વસનજી ઠકરાર
૧૪	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૮—સન ૧૯૭૯નું ન્યુનતમ વેતન (ગુજરાત સુધારા) વિધેયક	મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી જી. જી. પરાડકર

૧૫	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૯--સન ૧૯૭૯નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક	શિક્ષણ	શ્રી જી. જી. પરાડકર
૧૬	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૧૪--સન ૧૯૭૮નું ગુજરાત વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક.	નાણાં	શ્રી મનુભાઈ પાલખીવાળા
૧૭	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૧૫—સન ૧૯૭૯નું મુંબઈ, ભાડાં હોટેલ અને નિવાસગૃહનિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક.	જાહેર બાંધકામ	શ્રી મનુભાઈ પાલખીવાળા
૧૮	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૧૬ સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ.	શ્રી નરસિંહ મકવાણા
૧૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૩૧ સન ૧૯૭૯નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક.	ખેતી, વન અને સહકાર	ડો. કાંતિલાલ પટેલ
૨૦	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૩૨ ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત સુધારા) વિધેયક.	સામાન્ય વહીવટ	શ્રી મનુભાઈ પાલખીવાળા
૨૧	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૩૩ સન ૧૯૭૯નું ગુજરાત વિધાનસભાનાં સભ્યોના પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક.	કાયદા	શ્રી મણીલાલ ગાંધી.

૧	૨	૩	૪
૨૨	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૩૪—સન ૧૯૭૯નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક.	મહેસૂલ	શ્રી શાંતિલાલ પી. પટેલ
૨૩	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૩૫—સન ૧૯૭૯નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક.	મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ.	શ્રી મનુભાઈ હ. પાલખીવાળા
૨૪	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૩૬—સન ૧૯૭૯નું ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક.	સામાન્ય વહીવટ	શ્રી. જી. જી. પરાડકર
૨૫	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૪૩--સન ૧૯૭૯નું સૌરાષ્ટ્રનું વૃક્ષો કાપી નાખવા (શિક્ષા કરવા) બાબત (ગુજરાત સુધારા) વિધેયક.	ખેતી વન અને સહકાર	શ્રી ઉમેદભાઈ ફ. ગોહેલ
૨૬	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૪૪ સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી નરસિંહ મકવાણા
૨૭	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૪૫--સન ૧૯૭૯નું જમીન સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક.	મહેસુલ	શ્રી પી. કે. પટેલ
૨૮	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૪૬ સન ૧૯૭૯નું ગુજરાત છૂટક હંગામી બદલી કામદાર (વેતન) વિધેયક.	મજૂર સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ.	શ્રી સનત મહેતા

પત્રક ક્રમાંક—૨૨

(જુઓ ફકરા ક્રમાંક—૨૯)

બિન સરકારી સંકલ્પો (નિયમ—૧૧૭)

ક્રમાંક	સૂચનાનો વિષય	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	ચર્ચા માટેની તારીખ	પરિણામ
૧	૨	૩	૪	૫
૧	બોમ્બે હાઈ અને બશીનનો ગેસ મેળવવા અંગે સમિતિની રચના	શ્રી જશવંત મહેતા	૨૭-૯-૭૯	સભ્યશ્રીની ગેરહાજરીને કારણે સંકલ્પ રજૂ થયો નહીં.
૨	આદિવાસી, હરિજનો અને બીજા પછાતવર્ગો તેમ જ સમાજના નબળા વર્ગોના વિકાસ અંગે વિવિધ પગલાં લેવા અંગે	શ્રી વીરજીભાઈ મુનીયા	,,	ચર્ચાને અંતે મત લેવાતાં સંકલ્પનો અસ્વીકાર થયો.
૩	ભંગી સમાજના વિકાસને માટે વિવિધ પગલાં લેવા અંગે	શ્રી ભાનુભાઈ વાઘેલા	,,	,,

પત્રક ક્રમાંક—૨૩

(જૂઓ ફકરા ક્રમાંક ૩૮)

વિધાનસભાના પક્ષોમાં થયેલા ફેરફારોની તારીખવાર માહિતી

તારીખ	કુલ સંખ્યા	જનતા પાર્ટી	કોંગ્રેસ(આઈ)	કોંગ્રેસપક્ષ	કોંગ્રેસપક્ષ (બિન-જોડાયેલ સભ્યો)	અપક્ષ	જનતાપાર્ટી (એસ)	ખાલી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧૪-૫-૧૯૭૯	૧૮૨	૧૦૭	૫૭	૭	૪	૫*	...	૨
(૫૬ ધોધા મત વિભાગના શ્રી જોરૂભા ના. ગોહિલ અપક્ષ (જનતાપાર્ટીને ટેકાવાળા) નું અવસાન થવાથી)								
					+ ૨ નો જનતાપાર્ટીને ટેકો			
					૩ અપક્ષ			
૯-૮-૧૯૭૯	૧૮૨	૧૦૬	૫૭	૭	૪	૫	૧	૨
(૧૫૫-વાગરા મત વિસ્તારના સભ્યશ્રી વિજયસિંહજી રાણા જનતાપાર્ટી (એસ) માં જોડાવાથી)								
૧૮-૯-૧૯૭૯	૧૮૨	૧૦૬	૫૮	૭	૪	૪*	૧	૨
(૫૧-પાલીતાણા મતવિસ્તારના અપક્ષ સભ્યશ્રી કેસરીસિંહ સરવૈયાએ જનતાપાર્ટીને ટેકો પાછો ખેંચી લીધો અને તેઓ કોંગ્રેસપક્ષ (આઈ)માં જોડાયા								
						*૧ નો જનતાપાર્ટીને ટેકો		
						૩ અપક્ષ		

પત્રક ક્રમાંક—૨૪

(જુઓ ફકરા ક્રમાંક—૩૯)

સભાઓની તારીખવાર યાદી

(ખરેખર કામકાજ થયા પ્રમાણેની યાદી)

સપ્ટેમ્બર, ૧૯૭૯.

સોમવાર, તા. ૧૭મી

૧. શોકદર્શક ઉલ્લેખો.

૨. સન ૧૯૭૯-૮૦ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત.

૩. અતિવૃષ્ટિનો ભોગ બનેલાઓને મૂક અંજલી.

મંગળવાર, તા. ૧૮મી

૧. દાખલ કરવાનાં સરકારી વિધેયકો.

(૧) સન ૧૯૭૯નું મુંબઈ મજૂર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) વિધેયક.....શ્રી નવીનચંદ્ર બારોટ, મંત્રીશ્રી, શ્રમ.

(૨) સન ૧૯૭૯નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક.....શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી, નાણાં.

૨. વટહુકમ નામંજૂર કરતાં પ્રસ્તાવો અને સરકારી વિધેયકો.

સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૮-સન ૧૯૭૯નું ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) વિધેયક.....શ્રી નવીનચંદ્ર બારોટ, મંત્રીશ્રી, શ્રમ.

બુધવાર, તા. ૧૯મી

તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા નિયમ-૧૧૨ રાજકોટ જિલ્લાના મોરબી-માળીયા વિસ્તારમાં મચ્છુ નદી પરના મચ્છુ બંધ નં.૨ માં ભંગાણ પડવાથી થયેલ જાનહાની, ખાનાખરાબી અને પાયમાલીમાંથી ઉભી થયેલ પરિસ્થિતના નિવારણ માટે જરૂરી રાહત કાર્યો કરવામાં સરકારે દાખવેલી નિષ્ક્રીયતા અને તેથી મોરબી-માળીયા વિસ્તારની પ્રજા અત્યંત કફોડી હાલતમાં મુકાવાના કારણે ઉભી થયેલી પરિસ્થિતિ તેમજ તે અંગે માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું નિવેદન અને રાજ્યના કચ્છ અને અન્ય વિસ્તારોમાં અતિવૃષ્ટિના કારણે રાહત કાર્યો તાકીદે હાથ ધરવા અંગેની ચર્ચા.....શ્રી મનુભાઈ પાલખીવાળા

ગુરૂવાર, તા. ૨૦મી

૧. તાકીદની જાહેર અગત્યની બાબત પર તા. ૧૯-૯-૭૯ના રોજ અધૂરી રહેલ મોરબી, માળીયા અંગેની ટૂંક સમયની ચર્ચા નિયમ-૧૧૨.....શ્રી મનુભાઈ હ. પાલખીવાળા.

૨. બિન-સરકારી વિધેયકો.

શુક્રવાર, તા. ૨૧મી

વટહુકમો નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો.

૧. સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૭ સન ૧૯૭૯નું ગુજરાત નગરપંચાયતો (ની મુદત વધારવા) બાબત વિધેયક.

.....શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, પંચાયત.

૨. સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૯-સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ પંચાયતોની પુર્નરચના બાબત) વિધેયક.

.....શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, પંચાયત.

શનિવાર, તા. ૨૨મી

રજા

રવિવાર, તા. ૨૩મી

રજા

સોમવાર, તા. ૨૪મી

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન

મંગળવાર, તા. ૨૫મી

ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવો પ્રસ્તાવો, નિયમ-૧૦૧.

જીવન જરૂરીઆતની ચીજવસ્તુઓના વધતા જતા ભાવોની પરિસ્થિતિ ઉપર તાત્કાલિક કાબુ મેળવવા જરૂરી પગલાં લેવા રાજ્ય સરકારને ભલામણ કરતો પ્રસ્તાવ.

સર્વશ્રી મનુભાઈ પાલખીવાળા (શ્રી અમરસિંહ ચૌધરી અને હરિહર ખંભોળજા.)

બુધવાર, તા. ૨૬મી

૧. વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો.

સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક--૪૭સન ૧૯૭૯નું ગુજરાત (દ્વિતિય પૂરક) વિનિયોગ વિધેયક.

.....શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી, નાણા.

૨. ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો, નિયમ—૧૦૧.

મગફળી ખરીદી તપાસ પંચનો અહેવાલ વિચારણામાં લેવા અંગેનો પ્રસ્તાવ.

.....શ્રી નરસિંહ મકવાણા

ગુરૂવાર, તા. ૨૭મી

૧. વટહુકમ નામંજૂર કરતાં પ્રસ્તાવો અને વિધેયકો.

(૧) સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૯-સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ પંચાયતોની પુનર્રચના) બાબત વિધેયક.

.....શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, પંચાયત.

(૨) સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૬-સન ૧૯૭૯નું મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક.

.....શ્રી નવલભાઈ શાહ, મંત્રીશ્રી, પશુપાલન.

૨. બિન-સરકારી સંકલ્પો.

શુક્રવાર, તા. ૨૮મી

૧. સરકારી વિધેયકો

(અ) દાખલ કરવાનાં સરકારી વિધેયકો.

(૧) સન ૧૯૭૯નું ગુજરાત આવશ્યક સેવાઓ જાળવવા બાબત (સુધારા) વિધેયક.

.....શ્રી મકરંદ દેસાઈ, મંત્રીશ્રી, વીજળી.

(૨) સન ૧૯૭૯નું ગુજરાત પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતું વિધેયક.

.....શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, પંચાયત.

(બ) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં વિધેયકો.

સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૬-સન ૧૯૭૯નું મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક.

.....શ્રી નવલભાઈ શાહ, મંત્રીશ્રી, પશુપાલન.

(ક) તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા નિયમ-૧૧૨.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળવાના કારણે ઉભી થયેલી ગંભીર પરિસ્થિતિ અંગેની ચર્ચા.

.....શ્રી ખોડીદાન ઝુલા.

પત્રક ક્રમાંક—૨૫

(જુઓ ફકરા ક્રમાંક-૪૦)

રોજેરોજના કામકાજનો સારાંશ

સોમવાર, તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. (૧) મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલે ભારતના પ્રથમ ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટ-બેટનના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સદ્‌ગતને અંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતા, શ્રી માધવસિંહ સોલંકી અને શ્રી જશવંતરાય મહેતાએ સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્‌ગતને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઊભા થઈ મૌન પાળ્યું. ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ગૃહની દિલસોજીના સંદેશો સ ગતનાં કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

(૨) મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલે ગુજરાત વિધાનસભાના ચાલુ સભ્ય, શ્રી જેરુભા ગોહિલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સદ્‌ગતને અંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતા, શ્રી માધવસિંહ સોલંકી, શ્રી જશવંતરાય મહેતા, શ્રી નગીનદાસ મ. શાહ, શ્રી પ્રતાપરાય શાહ, શ્રી મણિલાલ ગાંધી, શ્રી મનુભાઈ વ્યાસ અને શ્રી ગીગાભાઈ ગોહિલે સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્‌ગતને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઊભા થઈ મૌન પાળ્યું. ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્‌ગતનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીના સંદેશો મોકલી આપવામાં આવશે.

(૩) મુખ્યમંત્રી, શ્રી બાબુભાઈ પટેલે ભૂતપૂર્વ મુંબઈ વિધાન પરિષદના માજી સભ્ય, શ્રી ચંદુલાલ ભીખાભાઈ સતિયા, ગુજરાત વિધાનસભાના માજી સભ્યો, શ્રી વિરુમલ ખુશાલદાસ તારાચંદાની, ડૉ. ગણપતરામ પટેલ અને શ્રી માધવલાલ પાધ્યાનાં અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સદ્‌ગતોને અંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતા, શ્રી માધવસિંહ સોલંકી, શ્રી જશવંતરાય મહેતા, શ્રી બાબુભાઈ વાસાણવાળા, ઉપાધ્યક્ષ, શ્રી મનુભાઈ પાલખીવાળા, શ્રી થાવરદાસ ખુબચંદાની, શ્રી લક્ષ્મણભાઈ પટ્ટણી, સંસદીય સચિવ, શ્રી લેખરાજ બચાણી, શ્રી વિજયકુમાર ત્રિવેદી શ્રી વિઠ્ઠલભાઈ ડો. પટેલ, શ્રી હરિહર ખંભોળજા અને શ્રી વિષ્ણુભાઈ પટેલે સદ્‌ગતોને

અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્‌ગતોને અંજલિ આપી, સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્‌ગતોનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીના સંદેશા મોકલવામાં આવશે.

૩. અધ્યક્ષશ્રીએ સભાગૃહને જણાવ્યું કે સવારે બન્ને પક્ષના અગ્રણીઓ તેમને મળ્યા હતા અને એવું નક્કી કરવામાં આવ્યું હતું કે મોરબી માળિયા, કચ્છ અને ગુજરાતના બીજા ભાગોમાં થયેલી અતિવૃષ્ટિને કારણે જેમણે જાન ગુમાવ્યા છે તેમને સભાગૃહે મૂક અંજલિ આપવી અને ખર્ચના પૂરકપત્રકની રજૂઆત સિવાય બીજું કામકાજ કરવું નહિ અને સભાગૃહ મુલતવી રાખવું.

૪. નાણા મંત્રી, શ્રી દિનેશભાઈ શાહે સન ૧૯૭૯--૮૦ના વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૫. મોરબી, માળિયા, કચ્છ અને ગુજરાતના બીજા ભાગોમાં થયેલી અતિવૃષ્ટિને લીધે જેમણે જાન ગુમાવ્યા હતા તેમને સભ્યોએ થોડીવાર ઊભા રહીને મૌન પાળીને મૂક અંજલિ આપી.

ત્યારબાદ કામકાજની યાદીમાં દર્શાવેલું બાકીનું કામ મુલતવી રાખવામાં આવ્યું.

મંગળવાર, તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. (૧) અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે જનતા પાર્ટીના સભ્ય શ્રી વિજયસિંહજી રાણાએ તા. ૯મી ઓગસ્ટ, ૧૯૭૯ના રોજ તેમને પત્ર આપીને જણાવ્યું છે કે તેઓ જનતા પાર્ટીમાંથી છૂટા થઈને જનતા પાર્ટી (એસ)માં જોડાયા છે અને તે મુજબ વિધાનસભામાં બેસવાના છે.

(૨) અધ્યક્ષશ્રીએ વધુમાં જાહેર કર્યું કે અપક્ષ સભ્ય, શ્રી કેસરીસિંહ સરવૈયાએ તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ તેમને પત્ર આપીને જણાવ્યું છે કે તેઓએ જનતા પાર્ટીને આપેલો ટેકો પાછો ખેંચી લીધો છે અને તેઓ કોંગ્રેસ (આઈ)માં જોડાયા છે અને તે મુજબ વિધાનસભામાં બેસવાના છે.

૩. શ્રી મનુભાઈ વ્યાસે ઔચિત્ય ભંગનો પ્રશ્ન રજૂ કર્યો કે વિધાનસભાનું સંત્ર તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯થી શરૂ થવાનું હતું અને તે જ દિવસે મહેસૂલ મંત્રીશ્રી મોરબી અને માળિઆ વિસ્તારમાં પૂર અને અતિવૃષ્ટિથી થયેલ નુકસાન અંગે સભાગૃહમાં નિવેદન કરવાના હતા છતાં નુકશાનની વિગતો તા. ૧૭મીના વર્તમાનપત્રોમાં જાહેર કરીને મહેસૂલ મંત્રીશ્રીએ સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. શ્રી મગનભાઈ બારોટે પણ તે જ મતલબનો ઔચિત્ય ભંગનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો.

મહેસૂલ મંત્રી, ડૉ. કેશવભાઈ પટેલે જણાવ્યું કે સરકારે વર્તમાનપત્રોને કોઈ માહિતી આપી નથી અને સરકારનો સભાગૃહનું અવમાન કરવાનો કોઈ ઈરાદો ન હતો. તેમણે વધુમાં જણાવ્યું કે ગુજરાત બહારના લોકો પણ મોરબી-માળિયામાં થયેલ નુકશાન અંગેની માહિતી જાણવા ઉત્સુક હતા અને તે અર્થે માહિતી બહાર પાડવામાં આવી છે અને તે માટે તેમણે દિલગીરી વ્યકત કરી.

આ તબકકે સભાગૃહમાં ઘોંઘાટ મચી ગયો. જ્યારે શ્રી મગનભાઈ બારોટ બોલતા હતા ત્યારે મહેસૂલ મંત્રી, ડૉ. કેશવભાઈ પટેલ ઉભા થયા ત્યારે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે મંત્રીશ્રી કેશવભાઈ ઊભા થયા તે બરાબર નહોતું. પરંતુ તે સાથે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે શ્રી મગનભાઈ બારોટે જે રીતે શાઉટ કરીને સીટ ડાઉન કહ્યું તે ઘણુ ખોટું કર્યું હતું અને તેમ કરવાની તે રીત બરાબર ન હતી અને તે માટે તેમણે દિલગીર થવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે મંત્રીશ્રી સભાગૃહમાં મોરબી અને માળિયા વિસ્તારમાં પૂર અને અતિવૃષ્ટિથી થયેલ નુકશાન અંગે નિવેદન કરવાના જ હતા ત્યારે તેમણે સભાગૃહમાં નિવેદન કર્યા પછી જ નુકસાનની વિગતોને પ્રસિધ્ધિ આપવી જોઈતી હતી.

૪. શ્રી મનુભાઈ પાલખીવાળાએ, નિયમ ૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર પંચાયત -(નાગરિક પુરવઠા) મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું :—

"તાજેતરમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ અને ખાસ કરીને મગફળી ખાદ્યતેલના ભાવોમાં થયેલા અસહ્ય વધારાના કારણે સામાન્ય પ્રજાને પડતી અસહ્ય હાડમારી અને તે નિવારવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

પંચાયત (નાગરિક પુરવઠા) મંત્રી, શ્રી માણેકલાલ ગાંધીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને સંસદીય સચિવ, શ્રી ધનેશ્વર વ્યાસે તેના જવાબ આપ્યા. સંસદીય સચિવશ્રી એક પ્રશ્નનો જવાબ આપતા હતા તે દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાં કેટલીક વ્યકિતઓએ ઘોંઘાટ મચાવ્યો અને તેલના વધેલા ભાવો અંગે સૂત્રો પોકાર્યા અને સભાગૃહમાં પત્રિકાઓ ફેંકી. અધ્યક્ષશ્રીએ પ્રેક્ષક દીર્ઘામાં તોફાન કરતી વ્યકિતઓને દૂર કરવા માટે સાર્જન્ટને આદેશ આપ્યો. તદનુસાર સાર્જન્ટ અને સલામતી દળના માણસોએ તેવી વ્યકિતઓને પ્રેક્ષક દીર્ઘામાંથી દૂર કરી.

ત્યાર પછી સંસદીય બાબતોના મંત્રી શ્રી જશવંતલાલ શાહે, નિયમ ૨૪૯ નીચે, પ્રસ્તાવ રજૂ કર્યો કે જે વ્યકિતઓએ પ્રેક્ષક દીર્ઘામાં તોફાન કરીને ગૃહનું અવમાન કર્યું છે તેમને આજના દિવસની સભાગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી કસ્ટડીમાં રાખવા. શ્રી સનત મહેતા અને વિરોધપક્ષના નેતા શ્રી માધવસિંહ સોલંકીએ તેમનાં મંતવ્યો વ્યકત કર્યા : આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રીએ વાપરેલા અમુક શબ્દો સામે શ્રી સુરેશ મહેતાએ વાંધો ઉઠાવતાં, અધ્યક્ષશ્રીએ તે શબ્દો કાર્યવાહીમાંથી રદ કર્યા. છેવટે અધ્યક્ષશ્રીએ ઉકત પ્રસ્તાવ મત માટે મૂકયો અને સભાગૃહે તેનો સ્વીકાર કર્યો.

ત્યારબાદ સભાગૃહમાં ફરીથી ઘોંઘાટ મચી ગયો અને શ્રી અરવિંદ મણીઆરે શ્રી નરસિંહ મકવાણા બાબતમાં અમુક ઉલ્લેખો કર્યા. શ્રી નરસિંહ મકવાણાએ તેની સામે સખત

વાંધો ઉઠાવતાં, સભાગૃહમાં વધુ ઘોંઘાટ થયો. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે શ્રી અરવિંદ મણીઆર શું બોલ્યા છે તે તેમણે સાંભળ્યું નથી. છેવટે, તેમણે શ્રી મણીઆરને તેઓ શું બોલ્યા હતા તે સભાગૃહને જણાવવા કહ્યું. ત્યારબાદ શ્રી અરવિંદ મણીઆરે તેઓ શું બોલ્યા હત તે જણાવ્યું. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેઓ રેકર્ડ જોશે અને ત્યારબાદ શ્રી અરવિંદ મણીઆર જે કાંઈ બોલ્યા તે કાર્યવાહીમાંથી રદ કરવું કે નહિ તેનો નિર્ણય કરશે. સાથેસાથે અધ્યક્ષશ્રીએ શ્રી અરવિંદ મણીઆરે પોતે જે કાંઈ બોલ્યા હોવાનું કબૂલ કર્યું તે કાર્યવાહીમાંથી રદ કર્યું.,

આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રીએ જણાવ્યું કે જે વ્યક્તિઓને પ્રેક્ષક દીર્ઘામાંથી પકડવામાં આવી છે તેમના ઉપર અધ્યક્ષશ્રીની હકુમતમાં અત્યાચાર કરવામાં આવ્યો છે, તેમને માર મારવામાં આવ્યો છે અને તેમનાં કપડાં ફાડી નાખવામાં આવ્યાં છે અને તેથી તેની તપાસ કરવી જોઈએ. શ્રી મગનભાઈ બારોટે પણ તે ફરિયાદ કરી અને જણાવ્યું કે શ્રી સિક્કા નામના અધિકારીએ તે વ્યક્તિઓને માર માર્યો છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેઓ તે અંગે તપાસ કરશે.

ત્યારબાદ તાકીદની જાહેર અગત્યની બાબત પર પંચાયત (નાગરિક પુરવઠા) મંત્રીશ્રીએ રજૂ કરેલા નિવેદન ઉપર વધુ સભ્યોએ પ્રશ્નો પૂછ્યા અને સંસદીય સચિવશ્રીએ તેના જવાબ આપ્યા.

૫. મહેસૂલ મંત્રી, ડૉ. કેશવભાઈ પટેલે, નિયમ ૪૪ અન્વયે, મોરબી અને માળિયા વિસ્તારમાં પૂર અને અતિવૃષ્ટિથી થયેલ નુકસાન અંગે, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, તેમનું નિવેદન વાંચવાની શરુઆત કરતાં, શ્રી મનુભાઈ પાલખીવાળાએ સૂચન કર્યું કે નિવેદન બહુ લાંબુ હોવાથી અને નિવેદનની નકલો બધા સભ્યોને આપી હોવાથી નિવેદન વાંચેલું ગણવામાં આવે. અધ્યક્ષશ્રી આ સૂચન સાથે સંમત થયા અને મંત્રીશ્રીનું નિવેદન વાંચી લીધેલું ગણવામાં આવ્યું.

આ તબક્કે શ્રી સનત મહેતાએ તેમનો મોરબીની હોનારત અંગેનો જે પ્રશ્ન અગાઉ દાખલ કરવામાં આવ્યો હતો અને પાછળથી જે નામંજૂર કરવામાં આવ્યો હતો તે પ્રશ્નનો હવાલો આપીને તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ મહેસૂલ મંત્રીશ્રીના નિવેદન ઉપર જે ચર્ચા થવાની છે, તે ચર્ચા દરમિયાન કઈ બાબતોની ચર્ચા થઈ શકે અને કઈ બાબતોની ચર્ચા ન થઈ શકે તે અંગે સ્પષ્ટતા કરવા અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

બીજા કેટલાક સભ્યશ્રીઓએ પણ તેમનાં પહેલા દાખલ થયેલા અને પાછળથી નામંજૂર થયેલા પ્રશ્નો પ્રત્યે અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે પ્રશ્નનો જવાબ સભાગૃહમાં આપવામાં આવે ત્યાં સુધીના ગમે તે સમયે પુર્નવિચારણા કરીને અધ્યક્ષ પ્રશ્ન નામંજૂર કરી શકે છે. વધુમાં તેમણે જણાવ્યું કે વિધાનસભાના નિયમોનો નિયમ-૩૪ (૨) (૨) આ બાબતમાં ખૂબ જ સ્પષ્ટ છે.

આ તબક્કે વિરોધપક્ષના નેતા, શ્રી માધવસિંહ સોલંકી, શ્રી મગનભાઈ બારોટ, કાયદા મંત્રીશ્રી નવીનચંદ્ર બારોટ અને શ્રી સનત મહેતાએ તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

ત્યારબાદ મહેસૂલ મંત્રી, ડૉ. કેશવભાઈ ઈ. પટેલે તેમના નિવેદનમાં કરવાના અમુક સુધારા પ્રત્યે સભાગૃહનું ધ્યાન દોર્યું.

આ તબકકે મુખ્ય મંત્રી શ્રી બાબુભાઈ પટેલે તપાસપંચ નીમવાની જાહેરાત કરવામાં આવ્યા પછી તપાસ પંચની નિમણુંક કરવામાં વિલંબ થવાનાં કારણો અંગે સ્પષ્ટતા કરી અને તપાસ પંચની નિમણુંક કરતી સરકારે જે અધિસૂચના બહાર પાડી છે તેની નકલો સભ્યોને પૂરી પાડવાની બાંયધરી આપી.

૬. વિદ્યુત મંત્રી, શ્રી મકરંદ દેસાઈએ, નિયમ ૪૪ અન્વયે અધ્યક્ષશ્રીની પરવાનગીથી, વીજળીની પરિસ્થિતિ અંગે નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને વીજળી મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૭. નીચે દર્શાવેલા કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા :—

(૧) સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક-૧-સન ૧૯૭૯નો ગુજરાત નગરપંચાયતો (ની મુદત વધારવા) બાબત વટહુકમ.....શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી' પંચાયત,

(૨) સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક-૨-સન ૧૯૭૯નો ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ પંચાયતોની પુનર્રચના બાબત) વટહુકમ.....શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, પંચાયત,

(૩) સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક-૩-સન ૧૯૭૯નો ભારતનો વીજળી બાબતનો (ગુજરાત સુધારા) વટહુકમ .....શ્રી મકરંદ દેસાઈ, મંત્રીશ્રી, વીજળી,

(૪) સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક -૪-સન-૧૯૭૯નો ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) વટહુકમ.....શ્રી નવીનચંદ્ર બારોટ, મંત્રીશ્રી, શ્રમ,

(૫) ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૧૯૭૮-૭૯નો ૧૯મો વાર્ષિક અહેવાલ... શ્રી જશવંતલાલ શાહ, મંત્રીશ્રી, ઉદ્યોગ,

(૬) ગુજરાત નિકાસ નિગમના તા. ૩૧મી માર્ચ, ૧૯૭૮ના રોજ પુરા થતા વર્ષની કાર્યવાહી દર્શાવતો અહેવાલ અને હિસાબો.....શ્રી જશવંતલાલ શાહ, મંત્રીશ્રી, ઉદ્યોગ,

(૭) ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમનો સન ૧૯૭૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો, શ્રી જશવંતલાલ શાહ, મંત્રીશ્રી, ઉદ્યોગ,

(૮) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના તા. ૩૧મી જુલાઈ, ૧૯૭૨ અને તા. ૩૧મી જુલાઈ ૧૯૭૩ના રોજ પુરા થતા વર્ષના અહેવાલો.....શ્રી કેશુભાઈ સ. પટેલ, મંત્રીશ્રી, કૃષિ અને સિંચાઈ,

(૯) મગફળી ખરીદી તપાસ પંચનો અહેવાલ અને તેના પર કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ.....શ્રી બાબુભાઈ જ. પટેલ, મુખ્ય મંત્રીશ્રી,

શ્રી સનત મહેતાએ ઉકત અહેવાલની ચર્ચા માટે સમય ફાળવવા માગણી કરી. અધ્યક્ષ શ્રીએ જણાવ્યું કે અત્યારે ગૃહ સમક્ષ ઉકત અહેવાલ રજૂ કરવાની જ દરખાસ્ત છે. ત્યાર પછી નીચેના વધુ કાગળો રજ કરવામાં આવ્યા.

(૧૦) (ક) નાણા વિભાગની તા. ૨૯મી એપ્રિલ, ૧૯૭૦ની અધિસૂચના ક્રમાંક (જીએચ-એન-૬૨૭) જીએસટી-૧૦૭૦ (એસ-૪૯)થ-ને સુધારતી નાણાં વિભાગની—

(૧) તા. ૩૧--૩--૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૧૯) જીએસટી-૧૦૭૯/(એસ. ૪૯)-(૭૦)-થ

(૨) તા. ૭--૫--૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૩૨) જીએસટી-૧૦૭૯/(એસ. ૪૯) (૭૧) થ

(૩) તા. ૧૮--૫--૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૩૪) જીએસટી-૧૦૭૯ (એસ. ૨૯) (૭૨) થ અને

(૪) તા. ૨૦--૬--૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએસએન-૩૭) જીએસટી-૧૦૭૯ (એસ. ૪૯) (૭૩) થ,

(ખ) ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ને સુધારતી, નાણા વિભાગની તા. ૨--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૫૩) (જીએસઆર-૧૦૭૯) (૨૧)-થ,

(ગ) મનોરંજન કરમાંથી મુકિત આપતી નાણા વિભાગ/માહિતી ખાતાની—

(૧) તા. ૨૩--૭--૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૪૭) એમએનઆર-૧૦૭૯/(એસ. ૨૩))ટેકસ,

(૨) તા. ૩--૪--૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૧૬) એમએનઆર-૧૩૭૮-યુ. ઓ. ૧૧૯ (અસ. ૨૯) ટેકસ,

(૩) તા. ૭--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૨૩) એમએનઆર-૧૦૭૯/૧૦૯ (એસ. ૨૯) ટેકસ.

(૪) તા. ૭--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૪) એમએનઆર-૧૦૭૯/૧૦૯ (એસ. ૨૯) એ. ટી. /ટીએકસ,

(૫) તા. ૧૯--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૫) એમએનઆર-૧૩૭૯-૧૮૪૬-(એસ. ૨૯) ટેકસ,

(૬) તા. ૨૪--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૨૬) એમએનઆર-૧૩૭૭-૪૯૩ (એસ. ૨૯) ટેકસ,

(૭) તા. ૩--૫--૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૩૦) એમએનઆર-૧૩૭૭/૧૩૦૮ (એસ.૨૯) ટેકસ.

(૮) તા. ૩--૫--૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૩૧) એમએનઆર-૧૩૭૭/૧૩૦૮ (એસ. ૨૯) ટેકસ.

(૯) તા. ૧૩--૭--૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૪૫) એમએનઆર-૧૦૭૮-૧૫૭૧ (એસ. ૨૯) (૨) ટેકસ,

(૧૦) તા. ૭--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૫૭) એમએનઆર-૧૩૭૯-૩૬૪૬-(એસ. ૨૯) ટેકસ.

(૧૧) તા. ૩૧--૩--૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૧) એમએનઆર-૧૩૭૯-૧૬૬૪ (એસ. ૨૯) ટેકસ.

(૧૨) તા. ૬--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૫૫) એમએનઆર-૨૦૭૯-૩૩૫૯ (એસ. ૨૯) ટેકસ,

(૧૩) તા. ૨૮--૩--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૫૮/એસએફસી/૧૩૭૯/૫૬૮૯/એફ-૯૦૫.

(૧૪) તા. ૨--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ-જીએફ-૭૮/૫૯/એસએફસી/૧૩૭૯/૮૪૧૬/એફ-૯૫૧.

(૧૫) તા. ૨--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૬૦/એસએફસી/૧૩૭૮-૯૬૬૮/ઈ/૯૫૦.

(૧૬) તા. ૩--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૬૧/એસએફસી/૧૩૭૯/૬૫૩૨/એફ-૯૫૫,

(૧૭) તા. ૨૫--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૬૨/એસએફસી/૧૩૭૯/૧૩૮૩૪/એફ-૧૧૬૩,

(૧૮) તા. ૨૫--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૬૩/એસએફસી/૧૩૭૯/૩૮૮૫/એફ-૧૧૫૯,

(૧૯) તા. ૯--૫--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૬૪/એસએફસી/૧૩૭૯/૮૬૦૯/એફ/૧૨૧૮,

(૨૦) તા. ૧૪--૫--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૬૫/એસએફસી/૧૩૭૯/૧૦૩૧૬/એફ-૧૨૯૯,

(૨૧) તા. ૧૪--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૬૬/એસ એફસી/ ૧૩૭૯/૧૪૯૭૪/એફ/૧૬૮૩.

(૨૨) તા. ૨૯--૫--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૬૭/એસ એફસી/ ૧૩૭૯/૮૪૨૫/એફ-૧૪૬૮,

(૨૩) તા. ૧૬--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-સીએચ/જીએફ/૭૯/૬૮/એસએફસી/ ૧૩૭૯/૧૪૨૫૩/એફ-૧૭૧૬.

(૨૪) તા. ૨૦--૭--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૯/૬૯/એસ એફસી/ ૧૩૭૯/૧૫૦૭૩/એફ-૨૦૬૦.

(૨૫) તા. ૨૪--૭--૭૯ની અધિસૂચના ક્રમાંક સીએચ/જીએફ/૭૯-૭૦/એસએફસી/ ૧૩૭૯/૨૫૬૮૭/એફ-૨૧૦૯,

(૨૬) તા. ૨૪--૭--૭૯ની અધિસૂચના ક્રમાંક-સીએચ/જીએફ/૭૯-૭૧/એસએફસી/ ૧૩૭૯/૨૨૬૩/એફ-૨૧૦૮.

(૨૭) તા. ૧--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૭૨/એસએફસી/ ૧૩૭૯/૧૬૨૭૭/એફ-૨૧૬૪,

(૨૮) તા. ૩--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮/૭૩/એસએફસી/ ૧૩૭૯/૨૬૪૯૫/એફ/૨૨૧૧.

(૨૯) તા. ૯--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક-સીએચ/જીએફ/૭૮/૭૪/એસ એફસી/૧૩૭૯/૨૪૯૮૦/એફ-૨૨૬૫.

(૩૦) તા. ૩૦--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક જીએચ/જીએફ/૭૮-૭૫/એસએફસી/ ૧૩૭૯/૨૮૦૧૧/એફ-૨૪૦૩.

(૩૧) તા. ૨૪--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮-૭૬-એસએફસી/ ૧૩૭૯/૨૯૫૫/એફ-૨૩૩૯ અને

(૩૨) તા. ૨૪--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮-૭૭/એસએફસી/ ૧૩૭૯/૨૭૧૯૯/એફ-૨૩૪૦.

(ધ) ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ, ૧૯૬૨ હેઠળની, નાણા વિભાગની તા. ૨૭—૪—૭૯ની અધિસૂચના ક્રમાંક જીએચએન-૨૮ એસયુએ-૧૦૭૭-(એસ૨૮) /ટિકસ.

(ચ) ગુજરાત વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ હેઠળની, નાણા વિભાગની તા. ૩૧--૩--૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૧૮) પીએફટી-૧૦૭૯ (એસ. ૨૬-એ) (૩)-ટેકસ,.....**શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી, નાણા**

(૧૧) (અ) ગુજરાતના મંત્રીઓના પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ની કલમ-૧૪ અન્વયે મંત્રીઓના પ્રવાસ ભથ્થાંનો દર ઠરાવતાં સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૨-૪-૭૯નો હુકમ ક્રમાંક-એમટીઆર ૧૧૭૯-સંપ્ર.,

(બ) ગુજરાત રાજભાષા અધિનિયમ ૧૯૬૦ હેઠળની સામાન્ય વહીવટ વિભાગની તા. ૨૭--૪--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચએસ-૩૨-૭૯-ઓએફએલ-૧૦૭૯-૯૨-ધ-૧.....શ્રી બાબુભાઈ જ. પટેલ, મુખ્ય મંત્રીશ્રી.,

(૧૨) ગુજરાત આવશ્યક સેવાઓ જાળવણી અધિનિયમ, ૧૯૭૨ની કલમ-૨ હેઠળ પંચાયતોની હોસ્પિટલો, દવાખાનાંઓ અને આરોગ્ય કેન્દ્રોની સેવાઓને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તા. ૨૧-૬-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચપી-૭૯/૨૬-એમસીજી-૧૦૭૯-૩૮૭૧(i) જે.....શ્રી નવલભાઈ શાહ, મંત્રીશ્રી, શિક્ષણ,

(૧૩) (ક) અધ્યક્ષશ્રી અને ઉપાધ્યક્ષશ્રીના મુસાફરી તથા દૈનિક ભથ્થાં નિયમો, ૧૯૬૦ને સુધારતી કાયદા વિભાગની તા. ૨૫-૪-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીકે-એલડી-૭૯-૧૩-૧૧૨-૭૬-બી,

(ખ) ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા), પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૧૨ અન્વયે,—

(૧) ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં નિયમો, ૧૯૭૯ બનાવતી કાયદા વિભાગની તા. ૨૪-૪-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી-કે-૭૯/૧૨/એલડી-૧૧-૧૧૪-બી,

(૨) ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં નિયમો, ૧૯૭૯ને સુધારતી કાયદા વિભાગની,—

(૧) તા. ૩૦-૫-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીકે/એલડી/૧૬/૭૯/૨૦૩૯૮/બી (પીએ) અને

(૨) તા. ૩૧-૫-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી-કે/એલડી/૧૭/૭૯/૨૦૫૧૬/બી-(પીએ.) ..... **શ્રી જશવંતલાલ શાહ, મંત્રીશ્રી, સંસદીય બાબતો.**

(૧૪) (ક) ગુજરાત ગ્રામ અને નગર પંચાયતો, સામાજિક, ન્યાય સમિતિ (બંધારણ અને કાર્યો) નિયમો, ૧૯૭૫ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તા. ૩-૮-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેમી-૧૩૯-પીઆરઆર-(૧)-પીડીએસ-૧૦૭૮-૧૩૩૩ (i)-(૭૯)-જેએચ-૧,

(ખ) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતો, સામાજિક ન્યાય સમિતિ (બંધારણ અને કાર્યો) નિયમો, ૧૯૭૬ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તા. ૩-૮-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૪૦-પીઆરઆર(i)-પીડીએસ-૧૦૭૮-૧૩૭૩-(ii)-(૭૯)-જેએચ-૧,

(ગ) ગુજરાત પંચાયત સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો, ૧૯૬૭ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વકાસ વિભાગની—

(૧) તા. ૩-૮-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૪૪-(૭૯)/પીબીએન/૧૦૭૪/૫૩૯૧-ટીએચ,

(૨) તા. ૬-૯-૭૯ની અધિસૂચના ક્રમાંક કેપી/૧૬૧/(૭૯)/પીઆરઆર-૧૦૭૮--૯૪૧૩-ટીએચ,

(ઘ) ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૬૪ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની,—

(૧) તા. ૪-૫-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી-૮૮/પીઆરઆર/૧૦૭૯/૪૭૪૨/ટીએચ,

(૨) તા. ૧૭-૭-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૨૮/પીઆરઆર/૧૦૭૯/૪૬૬૭/-ટીએચ,

(૩) તા. ૩-૮-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૪૫/પીઆરઆર/૧૦૭૮/૩૩૧૪/ટીએચ,

(ચ) ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૬૪ના નિયમ-૧૯(૧)ની એન્ટ્રીઓ (એ), (સી) અને (એફ)ના હેતુઓ માટે વધારાના વિકાસ કમિશનરની નિમણૂક કરતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તા. ૩-૮-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૪૩/પીઆરઆર/૧૦૭૮/૩૩૧૪/ટીએચ,

(છ) ગુજરાત પંચાયત સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો, ૧૯૬૭ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની—

(૧) તા. ૧૯-૬-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૦૭(૭૯)/પીઆરઆર-૧૦૭૯/-૩૦-ટીએચ,

(૨) તા. ૩૦-૬-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૧૮/(૭૯)/પીઆરઆર-૧૦૭૮- ૩૭-૧૧-ટીએચ,

(જ) ગુજરાત પંચાયત સેવા (હિન્દી પરીક્ષા) નિયમો, ૧૯૬૧ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તા. ૭-૭-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૨૨-(૭૯)/પીઆરઆર/૧૦૭૯/૧૯૪૮/ટીએચ,

(ઝ) ગુજરાત પંચાયત સેવા જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો ૧૯૭૧ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તા. ૧૪-૬-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી-૭૯(૯૯)-પીઆરઆર-૧૦૭૮-૪૩૫૭-ટીએચ……/શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, પંચાયત.

(૧૫) ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ, ૧૯૬૩ની,

(અ) કલમ-૨(૨) (એ) અન્વયે સન ૧૯૭૮-૭૯ના નાણાકીય વર્ષ દરમ્યાન સરકારે જુદી જુદી સંસ્થાઓને આપેલી બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક.

(બ) કલમ-(૨૮૨)બી અન્વયે જુદી જુદી સંસ્થાઓને રાજ્ય સરકારે આપેલી બાંહેધરીને કારણે સન ૧૯૭૮-૭૯ના નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે કરેલ ચૂકવણીની વિગત દર્શાવતું પત્રક, અને

(ક) કલમ-૨(૨)(બી) અન્વયે આવી સંસ્થાઓએ સન ૧૯૭૮-૭૯ના નાણાકીય વર્ષ દરમ્યાન ભરપાઈ કરેલી રકમની વિગત દર્શાવતું પત્રક……શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી, નાણા.

(૧૬) તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૭૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૬૪૪૪નો આખરી જવાબ……શ્રી બાબુભાઈ જ. પટેલ, મુખ્ય મંત્રીશ્રી (સા. વ)

(૧૭) તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૭૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૪૧૦૧ના ખંડ (૨)નો આખરી જવાબ……શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી, નાણા.

૮. સચિવશ્રીએ પાંચમી ગુજરાત વિધાનસભાએ સાતમા સત્રમાં પસાર કરેલા અને જેને રાજ્યપાલશ્રી/રાષ્ટ્રપતિની અનુમતિ મળી છે તેવાં સન ૧૯૭૮નાં વિધેયક ક્રમાંક-૪૬ અને ૫૦ તથા સન ૧૯૭૯નાં વિધેયક ક્રમાંક-૧૨, ૧૩, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૬ અને ૨૮ વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

૯. નીચે દર્શાવેલા અહેવાલો તેની સામે દર્શાવેલા સમિતિના પ્રમુખશ્રીઓએ રજૂ કર્યા :

(૧) કામકાજ સલાહકાર સમિતિનો તેત્રીસમો અહેવાલ……અધ્યક્ષશ્રી અને સમિતિના પ્રમુખશ્રી.

(૨) જાહેર હિસાબ સમિતિના અગિયારમા, બારમા, તેરમા અને ચૌદમા અહેવાલો… શ્રી સનત મહેતા, સમિતિના પ્રમુખશ્રી,

(૩) જાહેર સાહસો માટેની સમિતિના પંદરમા, સોળમા, સત્તરમા અને અઢારમા અહેવાલો……સમિતિના પ્રમુખ શ્રી કાશીરામ રાણા.

(૪) સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો નવમો અહેવાલ.....સમિતિના પ્રમુખ શ્રી ગોંસાઈભાઈ પટેલ.

૧૦. સંસદીય બાબતોના મંત્રી, શ્રી જશવંતલાલ શાહે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભા-ગૃહ કામકાજ સલાહકાર સમિતિના તેત્રીસમા અહેવાલ સાથે સંમત થાય. શ્રી સનત મહેતાએ સુધારો સૂચવ્યો કે મગફળી ખરીદી તપાસ પંચના અહેવાલની ચર્ચા માટે સમય ફાળવવામાં આવે. થોડી ચર્ચા બાદ, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ બાબત અગાઉ, તા. ૧૭-૯-૭૯ના દિવસની કામકાજની યાદીમાં પણ બતાવવામાં આવી હતી અને તે છતાં, કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં તે અંગે સમય માંગવામાં આવ્યો ન હતો. આ તબક્કે શ્રી સનત મહેતાએ તેમનો સુધારો પાછો ખેંચી લીધો.

ત્યારપછી ઉકત પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૧. નીચેનાં સરકારી વિધેયકો, સભાગૃહની પરવાનગીથી, દાખલ કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૭૯નું મુંબઈ મજૂર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી મંત્રી, શ્રી નવીનચંદ્ર બારોટ).

(૨) સન ૧૯૭૯નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક (પ્રભારી મંત્રી શ્રી દિનેશભાઈ શાહ)

૧૨. નિયમ ૧૧૨ હેઠળના વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો :

(૧) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ (૨) અન્વયેનો શ્રી સનત મહેતાનો સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક-૪-સન ૧૯૭૯નો ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) વટહુકમ નામંજૂર કરવા બાબતનો પ્રસ્તાવ સભ્યશ્રીની ગેરહાજરીને કારણે હાથ ધરી શકાયો નહિ.

(૨) સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૮-સન ૧૯૭૯નું ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) વિધેયક પસાર કરવામાં આવ્યું.

મજકૂર વિધેયકના કલમવાર વાચન પરની ચર્ચા દરમ્યાન અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે શ્રી અરવિંદ મણીઆર, શ્રી નરસિંહ મકવાણા અંગે શું બોલ્યા અને તે અંગે શ્રી નરસિંહ મકવાણા શું બોલ્યા તેનો રેકર્ડ તેઓ જોવાના હોવાથી વર્તમાનપત્રોએ તે અંગે કોઈ પ્રસિદ્ધિ આપવી નહિ.

બુધવાર, તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી ચીમન મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ શ્રી અરવિંદ મણિયારે શ્રી નરસિંહ મકવાણા સંબંધમાં જે ઉલ્લેખ કરેલો અને જે અંગેનો

નિર્ણય અધ્યક્ષશ્રીએ મુલતવી રાખેલો તે નિર્ણય આપવા અધ્યક્ષશ્રીને વિનંતી કરી. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સંજોગોવશાત તેઓ ટેઈપ સાંભળી શકયા નથી, પરંતુ તેઓ જેમ બને તેમ જલદીથી ટેઈપ સાંભળીને તેમનો નિર્ણય આપશે.

૩. નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર શ્રી ખોડીદાન ઝુલાએ, નિયમ-૧૧૬ અન્વયે, મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું :—

"બનાસકાંઠા જિલ્લાના રાધનપુર, સાંતલપુર, વાવ, થરાદ અને દિયોદર વગેરે તાલુકાઓમાં અનાવૃષ્ટિને કારણે તેમજ એક જ વરસાદ પડેલ હોવાને લીધે દુષ્કાળની પરિસ્થિતિ સર્જાવાથી શરૂ થયેલ હિજરત અટકાવવા તથા અનાવૃષ્ટિની પરિસ્થિતિ અંગે સરકારે લીધેલાં અથવા લેવાં ધારેલાં રાહતનાં પગલાં.".

મહેસૂલ મંત્રી ડો. કેશવભાઈ પટેલે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મહેસૂલ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા:—

(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૧૯૭૭--૭૮નો વાર્ષિક વહીવટી અહેવાલ..... શ્રી મકરંદ દેસાઈ, મંત્રીશ્રી, ગૃહનિર્માણ.

(૨) સન ૧૯૫૮ના મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમની કલમ-૧૨(૪) અન્વયે, ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગની—

(ક) તા. ૧૭-૪-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએમયુ-૭૯/૩૨/ઈએલડી/૪૫૫૪/ક અને

(ખ) તા. ૨૦--૮--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએમયુ-૭૯-૧૮૬-ઈએલડી-૧૦૭૯/૩૫૦૯/ક.....શ્રી મકરંદ દેસાઈ, મંત્રીશ્રી, વીજળી.

(૩) ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબુદી અને પુનઃવિકાસ) અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૫૯(૨) અન્વયે પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની,—

(ક) તા. ૪-૪-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/પી/૮૦/૭૯/એસએએ/૧૯૭૮/-૨૧૯૯/એ-૨,

(ખ) તા. ૪-૪-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/પી/૮૧/૭૯/એસએએ/૧૮૭૩/-એ -૨,

(ગ) તા. ૯--૫--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/પી/૯૨/૭૯/એસએએ/૧૦૭૩/-એ—(૨),

(ઘ) તા. ૩-૭-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/પી/૧૨૦/૭૯/અસઅએ/૧૦૭૩/અ ૨-અને

(ચ) તા. ૨૦-૮-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/પી/૧૫૨/૭૯/એસએએ/૧૦૭૩/- એ -૨.....શ્રી મકરંદ દેસાઈ, મંત્રીશ્રી, ગૃહનિર્માણ.

(૪) (ક) મુંબઈ મોટર વાહન નિયમો, ૧૯૫૯ને સુધારતી, ગૃહ વિભાગની,—

(૧) તા. ૨૪-૪-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી/જી/૭૯/૯૭/એમવીઆર/૧૦૭૮/- ૩૭૪૦-ઈ-૨,

(૨) તા. ૩૧-૫-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી/જી/૭૯/૧૮૩/એમવીઆર-૧૦૭૬/- ૯૧૬૪-ઈ-૨,

(૩) તા. ૨૬-૬-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી/જી/૭૯/૨૧૯/એમવીઆર/૧૦૭૯/- ૨૨૦૦/ઈ-૨,

(૪) તા. ૫-૭-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી/જી/૭૯/૨૨૯/એમવીઆર/૧૦૭૯/- ૩૪૪/ઈ-૨,

(૫) તા. ૧૦-૭-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી/જી/૭૯/૨૩૨/એમવીઆર/૧૦૭૮ ૬૩૮૯/ઈ -૨,

(૬) તા. ૪-૮-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી/જી/૭૯/૨૫૦/એમવીઆર/૧૦૭૯/- ૨૫૧૩/ઈ-૨,

(૭) તા. ૭-૮-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી/જી/૭૯/૨૫૭/એમવીઆર/૧૦૭૯/૩૦૨૬- ઈ-૨ અને

(૮) તા.૩૧-૮-૭૯ની અધિસૂચના ક્રમાંક-જી/જી/૭૯/૨૭૫/એમવીઆર/૧૦૭૯/- ૩૩૩૧/ઈ-૨.

(ખ) મુંબઈ મોટર વાહન કર અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૧૩(૨) અન્વયે ગૃહ વિભાગની તા. ૨૦—૧—૭૮ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જી/૭૮/૧૯/એમટીએ/૧૭૭૭/મીની/- ૫૫૧/ઈ-૨ ને સુધારતી તા. ૨૩-૭-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જી/૭૯/૨૪૨/- એમટીએ/૧૭૭૭/મીની/૫૫૧/ઈ-૨.....શ્રી શંકરભાઈ વાઘેલા, મંત્રીશ્રી, વાહન વ્યવહાર.

૫. નીચે દર્શાવેલા અહેવાલો તેની સામે જણાવેલા સમિતિના પ્રમુખશ્રી/સભ્યશ્રીઓ રજૂ કર્યા.

(૧) અંદાજ સમિતિના ત્રીસમા, એકત્રીસમા, ચોત્રીસમા, પાંત્રીસમા અને છત્રીસમા અહેવાલો.....સમિતિના પ્રમુખશ્રી, મનુભાઈ કોટડિયા,

(૨) બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સિમિતિનો બત્રીસમો અહેવાલ...સમિતિના સભ્ય શ્રી ચીમન મહેતા.

૬. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્ય, શ્રી ચીમન મહેતાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના બત્રીસમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. શ્રી મનુભાઈ પાલખીવાળાએ ગુજરાત વિધાનસભાના નિયમોનો નિયમ-૧૧૨ હેઠળ નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરી અને પ્રવચન કર્યું :—

"રાજકોટ જિલ્લાના મોરબી-માળિયા વિસ્તારમાં મચ્છુ નદી પરના મચ્છુ બંધ નં.-૨માં ભંગાણ પડવાથી થયેલ જાનહાની, ખાનાખરાબી, પાયમાલીમાંથી ઉપસ્થિત થયેલી પરિસ્થિતિને નિવારણ માટે જરૂરી રાહત કાર્યો કરવામાં સરકારે દાખવેલી નિષ્ક્રિયતા અને તેથી મોરબી માળિયા વિસ્તારની પ્રજા અત્યંત કફોડી પરિસ્થિતિમાં મુકાવાને કારણે ઊભી થયેલી પરિસ્થિતિ તેમજ તે અંગે તા. ૧૮-૯-૭૯ના રોજ માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ ગૃહમાં કરેલ નિવેદન, કચ્છ અને રાજ્યના અન્ય વિસ્તારમાં અતિવૃષ્ટિને કારણે રાહત કાર્યો તાકીદે હાથ ધરવા અંગે નિર્માણ થયેલ પરિસ્થિતિ".

શ્રી મનુભાઈ પાલખીવાળાએ તેમના પ્રવચન દરમિયાન રાજ્યપાલશ્રીનો ઉલ્લેખ કર્યો ત્યારે નાણામંત્રીશ્રી, દિનેશભાઈ શાહે વાંધો ઉઠાવતાં, તે પ્રશ્ન પર ચર્ચા થઈ. થોડી ચર્ચાને અંતે, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમ ૩૪(૨)(૬) અન્વયે રાજ્યપાલશ્રીના નામનો ઉલ્લેખ કરવા પર પ્રતિબંધ નથી એ ખરું પણ ચર્ચાને અસર કરવા માટે તેમના નામનો ઉપયોગ થઈ શકે નહીં અને તેમ થતું હતું, તેથી શ્રી મનુભાઈ પાલખ વાળાનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

ત્યારપછી ચર્ચામાં ૧૧ વધુ સભ્યોએ અને ૪ મંત્રીશ્રીઓએ ભાગ લીધો.

શ્રી નરસિંહ મકવાણાએ તેમના પ્રવચન દરમ્યાન કરેલા અમુક ઉલ્લેખો સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી ખંભોળજાએ તેમના પ્રવચન દરમ્યાન કરેલા અમુક ઉલ્લેખો કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી અશોક ભટ્ટે તેમના પ્રવચન દરમ્યાન કરેલા અમુક ઉલ્લેખો સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા. ચર્ચા અધૂરી રહી.

ગુરુવાર, તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. વિરોધપક્ષના નેતા શ્રી માધવસિંહ સોલંકીએ, અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરી લઈને તાજેતરમાં અમદાવાદમાં મળેલા જનતાપક્ષની સભામાં થયેલ તોફાન તરફ ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું અને તેમને તે અંગે નિવેદન કરવા વિનંતી કરી. આ તબક્કે શ્રી ચીમનભાઈ મહેતાએ આ જ વિષય ઉપર તેમણે આપેલી નિયમ-૧૧૬ નીચેની ધ્યાન દોરતી સૂચના તરફ-અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વિરોધપક્ષનાનેતાશ્રીને આ પ્રમાણે તક આપવાથી જેમણે તે પહેલાં સૂચના આપી હોય તેમની સૂચનાનું શું કરવું તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે, ત્યારબાદ આ વિષય ઉપર ખુબ લંબાણથી ચર્ચા થઈ અને જુદા જુદા સભ્યોએ તેમનાં મંતવ્યો વ્યકત કર્યાં. છેવટે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે શ્રી માધવસિંહ સોલંકીને તક આપી તે વિરોધપક્ષના નેતા તરીકે એક વિવેક તરીકે આપી અને તે નિયમ ૧૧૬ નીચે નહોતી. તેમણે વધુમાં ઉમેર્યું કે નિયમ-૧૧૬ની સૂચના લેખિત હોવી જોઈએ અને આગળથી અધ્યક્ષશ્રીની મંજૂરી લેખિત મેળવવી જોઈએ. ત્યારબાદ ગૃહ મંત્રી, શ્રી પોપટલાલ વ્યાસે મૌખિક નિવેદન કર્યું.

૩. આયોજન મંત્રી, શ્રી દિનેશભાઈ શાહે, નિયમ ૪૪ અન્વયે, આયોજન પ્રક્રિયાના વિકેન્દ્રીકરણની બાબતમાં રાજ્ય સરકારે લીધેલા અગત્યના નિર્ણયો અંગે, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને આયોજન મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યાં.

(૧) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડનો તા. ૩૧-૯-૧૯૭૮ના રોજ પુરા થતા વર્ષ માટેનો વાર્ષિક કાર્યવાહી અને હિસાબ દર્શાવતો અહેવાલ...શ્રી પોપટલાલ વ્યાસ, મંત્રીશ્રી, પ્રવાસન.

(૨) ગુજરાત રાજ્ય સેવા કમિશન (વિચાર વિનિમયમાંથી મુકિત) વિનિયમો, ૧૯૬૦ને સુધારની સામાન્ય વહીવટ વિભાગની તા. ૧૬-૬-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએસ-૭૯/૪૨-પીએસસી-૧૦૭૯-૪૭૮-ગ-૨, શ્રી બાબુભાઈ જ. પટેલ, મુખ્ય મંત્રીશ્રી.

(૩) (ક) મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમો, ૧૯૬૧ને સુધારતી મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની તા. ૧-૬-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેએચ-એલ-૪૫૭—બીઆઈઆર-૧૦૭૮-૩૪૩૧૭-૭૯-જેએચ,

(ખ) ગુજરાત દુકાનો અને સંસ્થા નિયમો, ૧૯૬૨ને સુધારતી મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની તા. ૫-૯-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેએચ-એલ-૭૫૬-બીએસઈ-૧૧૭૮-૩૯૪૭૮-ટી.

(ગ) મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૪ અન્વયે પરિશિષ્ટ-૨માં સુધારો કરતી મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની તા. ૨૫-૭-૭૯ની અધિસૂચના ક્રમાંક-કેએચ-એલ-૬૨૫-બીએસઈ-૧૪૭૮/૧૨૮૨૦-ટી.

(ઘ) ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ને બનાવતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તા. ૧-૪-૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ-પી-૭૮-યુડીએ-૧૨૭૭-૬૦૪-ક્યુ-૨.....શ્રી નવીનચંદ્ર બારોટ, મંત્રીશ્રી, ગ્રામ અને નગર આયોજન.

૫. જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ શ્રી કાશીરામ રાણાએ સમિતિનો ઓગણીસમો અને વીસમો અહેવાલો રજૂ કર્યા.

૬. તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના દિવસની કામકાજની યાદીમાં દર્શાવવામાં આવેલ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૨ હેઠળની મચ્છુ ડેમ નં.-૨ના ભંગાણ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પરની ટૂંક સમયની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ચર્ચામાં ૮ વધુ સભ્યોએ અને ૨ મંત્રીશ્રીઓએ ભાગ લીધો.

શ્રી જગદીશચંદ્રજી ડામોરે તેમના પ્રવચન દરમ્યાન કરેલો અમુક ઉલ્લેખ ઉપાધ્યક્ષશ્રીએ કાર્યવાહીમાંથી રદ કર્યો.

આ તબક્કે, અતિથિવિશેષ દીર્ઘામાં સુત્રોચ્ચાર થયા. ગૃહના સાર્જન્ટ અને સલામતી દળના માણસોએ સુત્રોચ્ચાર કરનારને અતિથિ વિશેષ દીર્ઘામાંથી દૂર કર્યા. ચર્ચા પૂરી થઈ.

૭. બિન-સરકારી વિધેયકો.

(અ) દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો.
નીચેના બિન-સરકારી વિધેયકો, સભાગૃહની પરવાનગીથી દાખલ કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૭૯નું સૌરાષ્ટ્રનું વૃક્ષો કાપી નાખવા (શિક્ષા કરવા) બાબત (ગુજરાત સુધારા) વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી ઉમેદભાઈ ગોહેલ).

(૨) સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી નરસિંહ મકવાણા).

(૩) સન ૧૯૭૯નું જમીન સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી પ્રહલાદભાઈ પટેલ)

(૪) સન ૧૯૭૯નું ગુજરાત છૂટક, હંગામી અને બદલી કામદાર (વેતન) વિધેયક, (પ્રભારી સભ્યશ્રી સનત મહેતા).

આ તબકકે સભાગૃહનો કામકાજનો સમય પૂરો થઈ ગયો હોવાથી પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો હાથ ધરી શકાયાં નહિ.

શુક્રવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૨૦૩૫૯ ઉપરની પ્રશ્નોત્તરી દરમ્યાન શ્રી લીલાધર વાઘેલાએ કરેલો અમુક ઉલ્લેખ અધ્યક્ષશ્રીએ કાર્યવાહીમાંથી રદ કર્યો.

૨. શ્રી જશવંત મહેતાએ ત્રણ વર્ષનો ટૂંકો તબીબી અભ્યાસક્રમ રદ કરવા અને જનસ્વાસ્થયને લગતા પ્રશ્નો બાબતની તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ની અરજી સંબંધમાં અમુક સ્પષ્ટતા માગી. શિક્ષણ મંત્રી, શ્રી નવલભાઈ શાહે સ્પષ્ટતા કરી. તેથી સભ્યશ્રીએ અરજી રજૂ કરી નહિ.

૩. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા:

(૧) ગુજરાત રાજય વન વિકાસ નિગમનો તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૭૮ના રોજ પુરા થતા વર્ષનો અહેવાલ...શ્રી ચંદુભાઈ દેશમુખ, મંત્રી શ્રી, વન,

(૨) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન નિયમો, ૧૯૫૬ને સુધારતી મહેસૂલ વિભાગની તારીખ ૨૧મી જૂન, ૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક જીએચએમ-૭૯-૧૯૯-એમ-ટીએનસી-૧૦૭૮/૨૬૪૧-જે, ડો. કેશવભાઈ ૨. પટેલ, મંત્રી શ્રી, મહેસૂલ

૪. નિયમ ૧૫૨ હેઠળના વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો.

(૧) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયે શ્રી સનત મહેતા અને શ્રી મનુભાઈ હ. પાલખીવાળાનો નીચેનો પ્રસ્તાવ બંને સભ્યોની ગેરહાજરીને કારણે હાથ ધર શકાયો નહિ.

"આ સભાગૃહ સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક-૧-સન ૧૯૭૯નો ગુજરાત નગર પંચાયતો (ની મુદત વધારવા) બાબત વટહુકમ નામંજૂર કરે."

(૨) સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૭-સન ૧૯૭૯નું ગુજરાત નગર પંચાયતો(ની મુદત વધારવા) બાબત વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયે શ્રી સનત મહેતા અને શ્રી મનુભાઈ હ. પાલખીવાળાનો નીચેનો પ્રસ્તાવ બંને સભ્યોની ગેરહાજરીને કારણે હાથ ધરી શકાયો નહિ:

"આ સભાગૃહ સન ૧૯૭૯નો વટહુકમ ક્રમાંક-૨-સન ૧૯૭૯ના ગુજરાત પંચાયત કેટલીક ગ્રામ પંચાયતોની પુનર્રચના બાબત) વટહુકમ નામંજૂર કરે."

(૪) નીચેના સરકારી વિધેયકના પહેલા વાંચન પરની ચર્ચામાં ૧ સાંસદીય સચિવશ્રીએ અને ૮ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૯-સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ પંચાયતોની પુનર્રચના બાબત) વિધેયક.

શ્રીમતી આયશાબેગમ શેખે તેમના પ્રવચન દરમિયાન કરેલો અમુક ઉલ્લેખ અધ્યક્ષશ્રીએ કાર્યવાહીમાંથી રદ કર્યો.

૫. તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ સભ્ય, શ્રી અરવિંદભાઈ મણિયારે સભ્ય, શ્રી નરસિંહભાઈ મકવાણા સંબંધમાં વાપરેલા શબ્દો બાબતનો જે નિર્ણય અધ્યક્ષશ્રીએ ટેપરેકર્ડ જોઈને આપવા જણાવ્યું હતું તે નિર્ણય આપતાં, અધ્યક્ષશ્રીએ કાર્યવાહીની ટેપરેકર્ડ સાથે સરખાવેલી સંબંધિત નોંધ સભાગૃહમાં વાંચી સંભળાવી અને જણાવ્યું કે શ્રી અરવિંદભાઈ મણિયારે વાપરેલા શબ્દો રેકર્ડ પર રહે તે યોગ્ય નથી અને તે શબ્દો કાર્યવાહીમાંથી રદ કર્યા અને વર્તમાનપત્રોને સૂચના આપી કે તેમણે તેને પ્રસિદ્ધિ આપવી નહિ.

આ તબક્કે વિરોધપક્ષના નેતા, શ્રી માધવસિંહ સોલંકી, શ્રી નરસિંહ મકવાણા, શ્રી ચીમન મહેતા, શ્રી મગનભાઈ બારોટ અને શ્રી વિજયકુમાર ત્રિવેદીએ જણાવ્યું કે શબ્દો કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે તે પૂરતું નથી, પરંતુ શ્રી અરવિંદ મણિયાર પાસે તે શબ્દો પાછા ખેંચાવવા જોઈએ અને જો તેઓ તેમ ન કરે તો તેમની સામે પગલાં લેવાં જોઈએ. વીજળી મંત્રી શ્રી મકરંદ દેસાઈએ જણાવ્યું કે શ્રી ખંભોળજાએ પણ એક સંસ્થાના સભ્યો માટે જે શબ્દો વાપર્યા હતા અને જે કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા છે તે શબ્દો અને શ્રી મણીયારે વાપરેલા શબ્દો બંને બાબતમાં એક જ માપદંડ રાખવો જોઈએ. થોડી ચર્ચા બાદ, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેમણે જે કરવાનું છે તે તેઓ કરશે.

સોમવાર, તા. ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. ૬ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી લક્ષ્મણભાઈ પટ્ટણીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું કે વહીવટમાં વધુ ને વધુ ગુજરાતીનો ઉપયોગ કરવાની સરકારી નીતિ હોવા છતાં પ્રશ્નોત્તરીની યાદીમાં ઘણા અંગ્રેજી શબ્દોનો ઉપયોગ થાય છે તે યોગ્ય છે કે કેમ.

મુખ્ય મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે તે બાબતમાં દિલગીરી વ્યકત કરતાં જણાવ્યું કે સરકારનો પ્રયત્ન ગુજરાતીકરણનો છે અને ભવિષ્યમાં તેનો વધુ અસરકારક અમલ કરવામાં આવશે.

૩. મુખ્ય મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે, નિયમ ૪૪ અન્વયે, તેલ અને વાયુપંચના અધિકારીઓની હડતાલ અંગે નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મુખ્યમંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

(૧) (ક) સન ૧૯૭૬ના ગુજરાત વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમની કલમ-૨૬ અન્વયે નાણા વિભાગની તા. ૩૧--૩--૧૯૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૧૮) પીએફટી-૧૦૭૯ (એસ-૨૬-એ) (૩) ટીએકસને સુધારતી તા. ૪--૯--૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૬૧) પીએફટી-૧૦૭૯-(એસ-૨૬-એ) (૪) એકસ.

(ખ) ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ--૨૩ અન્વયે માહિતી-ખાતાએ બહાર પાડેલી તા. ૧૧--૯--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જીએફ/૭૮--૭૮ એસએફસી./૧૩૭૯/૩૨૧૫૦/એ-૨૫૫૬ શ્રી દિનેશભાઈ શાહ મંત્રીશ્રી, નાણા.

(૨) મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગે બહાર પાડેલી—

(ક) મુંબઈ વિદેશી દારુના નિયમો, ૧૯૫૩ને સુધારતી તારીખ ૧૧--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એલ ૪૮૦/બીપીએ/૧૦૭૫-૭૦૩૬૭ (૭૮) ((i) એમ.

(ખ) બોમ્બે રેકટીફાઈડ સ્પીરીટ રુલ્સ, ૧૯૫૧ને સુધારતી તા. ૧૧--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એલ/૪૮/બીપીએ/૧૦૭૫/૭૦૩૬૭/(૭૮) (ii)-એમ.

(ગ) ગુજરાત ડીનેચર્ડ સ્પીરીચ્યુઅસ પ્રેપરેશન્સ રુલ્સ, ૧૯૬૨નું સુધારતી તા. ૧૧--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એલ/૪૮૨/બીપીએ/૧૦૭૫/૭૦૩૬૭/૭૮ (iii)-એમ.

(ઘ) બોમ્બે સ્પીરીચ્યુઅસ મેડીસિનલ પ્રેપરેસન્સ (સેલ) રુલ્સ, ૧૯૫૪ને સુધારતી તા. ૧૧--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એલ/૪૮૩/બીપીએ/૧૦૭૫/૭૦૩૬૭/ (૭૮) (iv) એમ.

(ચ) બોમ્બે ટોયલેટ પ્રેપરેશન્સ (સેલ) રુલ્સ, ૧૯૫૪ને સુધારતી તારીખ ૧૧--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એલ/૪૮૪/બીપીએ/૧૦૭૫/૭૦૩૬૭/(૭૮) (v) એમ.

(છ) બોમ્બે ઓપીયમ રુલ્સ, ૧૯૫૩ને સુધારતી તા. ૧૧--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એલ/૪૮૫/બીપીએ/૧૦૭૫/૭૦૩૬૭/ ૮) (vi) એમ.

(જ) બોમ્બે ગાંજા એન્ડ ભાંગ રુલ્સ, ૧૯૫૩ને સુધારતી તારીખ ૧૧--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એલ/૪૮૬/બીપીએ/૧૦૭૫/૭૦૩૬૭/(૭૮) (vii) એમ.

(ઝ) ગુજરાત પોપી કેપ્સ્યુલ્સ, રુલ્સ, ૧૯૬૩ને સુધારતી તારીખ ૧૧--૬--૭૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ-એલ/૪૮૭/બીપીએ/ ૧૦૭૫/૭૦૩૬૭/(૭૮) (viii) એમ. અને

(૮) બોમ્બે મ્હોવરા ફ્લાવર્સ રુલ્સ, ૧૯૫૦ને સુધારતી તારીખ ૧૧--૬--૭૯ની અધિ-સૂચના ક્રમાંક-જીએચ/એલ. ૪૮૮/બીપીએ/૧૦૭૫/૭૦૩૬૭ (૭૮) (ix) એમ. ..... શ્રી હરિસિંહ ચાવડા, મંત્રી શ્રી, નશાબંધી.

૫. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન પહેલે અને છેલ્લે દિવસે શરુ થયું.

(૧) મુખ્ય મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે પૂરક માગણીઓની વિચારણા કરવા અંગેની સંવિધાનના અનુચ્છેદ ૨૦૩ સાથે વાંચતાં અનુચ્છેદ ૨૦૫ અન્વયેની રાજ્યપાલશ્રીની ભલા-મણ વાંચી સંભળાવી, ત્યારપછી સામાન્ય વહીવટ વિભાગને લગતી "ચૂંટણી-મહેસૂલ" અંગેની પૂરક માગણી ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી. મજકૂર પૂરક માગણી પર કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૩ રજ કરવામાં આવી.

(૨) ત્યારપછી અનાજ અને નાગરિક પુરવઠાવિભાગને લગતી "અનાજ અને નાગરિક પુરવઠા વિભાગને લગતું બીજું ખર્ચ મૂડી" અંગેની પૂરક માંગણી ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી. મજકૂર પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૪ થી ૬ રજૂ કરવામાં આવી.

(૩) ત્યારપછી ગૃહ વિભાગને લગતી"પોલીસ-મહેસૂલ" અંગેની પૂરક માગણી ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી. મજકૂર પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૭ થી ૧૧ રજૂ કરવામાં આવી.

(૪) ત્યારપછી ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગને લગતી "ઉદ્યોગો-મહેસૂલ અને ડી" અંગેની પૂરક માગણી ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી. મજકૂર પૂરક માગણી પર પદરખાસ્ત ક્રમાંક ૧૨ થી ૧૬ રજ કરવામાં આવી.

(૫) ત્યારપછી સિંચાઈ વિભાગને લગતી "સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ મહેસૂલ અને ડી" અંગેની પૂરક માગણી ક્રમાંક ૬૬ રજૂ કરવામાં આવી. મજકૂર પૂરક માગણી પર પદરખાસ્ત ક્રમાંક ૧૭ થી ૨૦ રજ કરવામાં આવી.

(૬) ત્યારપછી મહેસૂલ વિભાગને લગતી "કુદરતી આફતો અંગે રાહત-મહેસૂલ અને ડી" અંગેની પૂરક માગણી ક્રમાંક ૭૮ રજૂ કરવામાં આવી. મજકુર પૂરક માગણી પર પદરખાસ્ત ક્રમાંક ૨૧ થી ૨૪ અને ૨૬ રજૂ કરવામાં આવી.

ધ્યક્ષશ્રીએ ગિલોટિન કેટલા વાગ્યે લાગુ પાડવામાં આવશે તે અંગે અને પૂરક માગણીઓ ચર્ચાના અવકાશ અંગે જાહેરાત કરી. ત્યારપછી ઉપર્યુકત બધી પૂરક માગણીઓ અને ખાસ્તો પર એક સાથે ચર્ચા શરુ થઈ. ચર્ચામાં ૨૦ સભ્યોએ અને ૫ મંત્રીશ્રીઓએ લીધો.

ર્યા દરમિયાન, શ્રી કાંતિભાઈ પટેલે તેમના પ્રવચન દરમ્યાન કરેલો અમુક ઉલ્લેખ શ્રીએ કાર્યવાહીમાંથી રદ કર્યા.

ત્યારપછી પ્રથમ જે તે પૂરક માગણી પર રજૂ થયેલી કાપદરખાસ્તો અને પછી જે તે પૂરક માગણી એક પછીએક મત માટે મૂકવામાં આવી. કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી અને પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી.

ત્યારબાદ બાકી રહેલી પૂરક માગણીઓ ક્રમાંક ૭, ૮, ૧૨, ૧૫, ૧૬, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૧, ૩૩, ૩૪, ૩૮, ૩૯, ૪૦, ૪૪, ૪૫, ૪૬, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬ ૫૮, ૬૦, ૬૪, ૬૭, ૬૯ ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૬, ૭૯, અને ૮૧ સંબંધિત મંત્રીશ્રીઓએ એક પછી એક રજૂ કરી, અધ્યક્ષશ્રીએ મત માટે મૂકી અને સભાગૃહે મંજૂર રાખી.

મંગળવાર, તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા:

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનો સન ૧૯૭૬--૭૭નો વાર્ષિક અહેવાલ..... શ્રી જશવંતલાલ શાહ, મંત્રીશ્રી, ઉદ્યોગ,

(૨) ગુજરાત રાજ્ય ટેક્સ્ટાઈલ કોર્પોરેશન લિમિટેડના સન ૧૯૭૫ અને ૧૯૭૬ના વાર્ષિક અહેવાલો અને હિસાબો..... શ્રી જશવંતલાલ શાહ, મંત્રીશ્રી, ઉદ્યોગ,

(૩) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૧૯૭૭--૭૮નો વાર્ષિક અહેવાલ.....શ્રી જશવંતલાલ શાહ, મંત્રીશ્રી, ઉદ્યોગ.

(૪) ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૪૯ હેઠળ નાણા વિભાગની તારીખ ૨૯--૪--૭૦ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૬૨૭) જીએસટી-૧૦૭૦ (એસ. ૪૯) થ- ને સુધારતી, તા. ૧૧--૯--૭૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૬૪) જીએસટી-૧૦૭૯ (એસ. ૪૯) (૭૫) / થ.....શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી, નાણા,

(૫) લોકલ ફંડ હિસાબ નિરીક્ષકશ્રીનો સન ૧૯૭૪--૭૫ના વર્ષ માટેનો જિલ્લા અને તાલુકા પંચાયતોનો ઓડિટ રિપોર્ટ.....શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, પંચાયત.

૩. શ્રી મનુભાઈ પાલખીવાળાએ, નિયમ ૧૦૧ અન્વયે, નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો:

"જીવનજરુરિયાતની ચીજોના ભાવોમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. ખાસ કરીને, તેલ, ખાંડ, ચા, સિમેન્ટ, કાપડ, દવા વગેરે જરુરિયાતની ચીજોના ભાવોમાં બેસુમાર વધારો થયો છે. પરિણામે ગરીબ અને બાંધી આવકવાળા મધ્યમ વર્ગની જનતાની હાલાકી પારાવાર વધી છે અને અસહ્ય મોંઘવારીમાં જીવન જીવવું પણ દોહ્યલું થઈ પડ્યું છે. રાજ્ય સરકારની વારંવારની.....જાહેરાતો અને અવ્યવહારુ પગલાંઓને કારણે જનતાની હાલાકી

વધતી જ રહી છે. ચોમાસુ પણ નિષ્ફળ જવાના સંજોગો ઉભા થવાના કારણે જનતાની હાલાકીમાં વધારો થવાના સંજોગો ઉભા થયા છે.

આથી આ સભાગૃહ, જીવન જરુરિયાતની ચીજવસ્તુઓના વધતા જતા ભાવોની પરિસ્થિતિ ઉપર તાત્કાલિક કાબુ મેળવવા જરુરી પગલાં લેવા રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

અધ્યક્ષશ્રીએ ઉકત પ્રસ્તાવની પાંચમી લીટીમાંથી એક શબ્દ કાઢીને સુધારેલો પ્રસ્તાવ ગૃહ સમક્ષ મૂકયો. શ્રી મનુભાઈ પાલખીવાળાએ તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ત્યારપછી ચર્ચામાં ૧૫ વધુ સભ્યોએ અને ૧ સંસદીય સચિવશ્રીએ ભાગ લીધો.

ચર્ચા દરમિયાન, શ્રી ઠાકોરલાલ ના. પટેલે વાપરેલો અમુક શબ્દ કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યો.

ચર્ચા દરમિયાન શ્રી રત્નાભાઈ ઠુમરે કરેલો અમૂક ઉલ્લેખ કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યો.

સંસદીય સચિવશ્રીને શ્રી ગોરધનભાઈ પટેલ પ્રશ્ન પૂછતા હતા ત્યારે શ્રી મગનભાઈ બારોટે શ્રી પટેલ માટે અમુક શબ્દો વાપરતાં, સભાગૃહમાં ઘોંઘાટ મચી ગયો. આ તબકકે અધ્યક્ષશ્રીએ અધ્યક્ષસ્થાન લીધું અને સભ્યોને શાંત પાડવા પ્રયત્ન કર્યા અને શ્રી મગનભાઈ બારોટે જે શબ્દો વાપર્યા હતા તે કાર્યવાહીમાંથી રદ કર્યા.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૪. સભાગૃહના નેતા, શ્રી બાબુભાઈ પટેલે કામકાજ સલાહકાર સમિતિની ભલામણો પ્રમાણેના અને સભાગૃહે મંજૂર કરેલા કાર્યક્રમમાં સુધારો કરતાં નિયમ ૧૯૫ અન્વયેનો પ્રસ્તાવ રજૂ કર્યો, વિરોધ પક્ષના નેતાશ્રી, માધવસિંહ સોલંકીએ તેને ટેકો આપ્યો. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર, નિયમ ૧૧૬ અન્વયે શ્રી સનત મહેતાએ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું:—

"રાજ્ય સરકારે ફેબ્રુઆરી, ૧૯૮૦માં વિધાનસભાની ચૂંટણી યોજવા પ્રદર્શિત કરેલી ઈચ્છા, ડિસેમ્બરના અંત અગર જાન્યુઆરી, ૧૯૮૦ના પ્રથમ સપ્તાહમાં લોકસભાની મધ્યસત્રી ચૂંટણીની ભારત સરકારે કરેલી જાહેરાત અને તારીખ ૨૧--૯--૭૯ના રોજ "સંદેશ" માં પ્રસિદ્ધ થયેલી ગૃહ મંત્રીશ્રીની "લોકસભાની ચૂંટણી માટેની તારીખો

જાહેર ન થાય ત્યાં સુધી ગુજરાતની સરકાર વિધાનસભાની નવેસરથી ચૂંટણીની માંગણી નહિ કરે," તેવી કરેલી સ્પષ્ટ જાહેરાતના કારણે વિધાનસભાની ચૂંટણી અંગે પ્રવર્તતી અનિશ્ચિતતા અને આ અનિશ્ચિતતા દૂર કરવા ચૂંટણી અંગે સરકારે આજસુધી લીધેલાં કે લેવા ધારેલાં પગલાં"

મુખ્ય મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે તેમનું નિવેદન, રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મુખ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. શ્રી નરસિંહ મકવાણાએ ઔચિત્ય ભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરતાં જણાવ્યું કે તાજેતરમાં વડોદરામાં લઠ્ઠો પીવાથી થયેલાં મરણો અંગે ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ કરાવવાની નીતિવિષયક જાહેરાત, વિધાનસભાની બેઠક ચાલુ છે ત્યારે પ્રથમ સભાગૃહમાં ન કરતાં સભાગૃહ બહાર કરીને ગૃહ મંત્રીશ્રીએ સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. શ્રી સનત મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું કે ઉકત બનાવ અંગે સત્વરે માહિતી મેળવવા માટે સભ્યોએ નિયમ ૧૧૬ની સૂચના આપી હોય અને તે દાખલ પણ થઈ ગઈ હોય ત્યારે સરકારે શું પગલાં લીધાં તેની જાહેરાત મંત્રીશ્રી ગૃહ બહાર કરી શકે કે કેમ.

ગૃહ મંત્રી, શ્રી પોપટલાલ વ્યાસે તેમના ખુલાસામાં જણાવ્યું કે તેઓ વડોદરા ગયા ત્યાં સુધી તેમને નિયમ ૧૧૬ અન્વયેની સૂચનાની માહિતી મળી ન હતી અને તેઓ ત્યાંથી પાછા આવ્યા ત્યારે તેની જાણ થયેલી. તેમણે વધુમાં જણાવ્યું કે તેમણે કોઈ પ્રેસ કોન્ફરન્સ સમક્ષ તેવી જાહેરાત કરી નથી. પરંતુ વડોદરાની હોસ્પિટલમાં તેઓ દરદીઓને જોવા ગયા હતા ત્યારે પત્રકારોએ તેમને અમુક પ્રશ્નો પૂછયા હતા ત્યારે તેમનાથી જે જવાબ અપાઈ ગયો છે તેનો તેઓ સ્વીકાર કરે છે પરંતુ ગૃહનું અવમાન કરવાનો તેમનો કોઈ ઈરાદો નહોતો. તેમણે અંતમાં જણાવ્યું કે તેઓ સાવધ હતા, છતાં શરતચૂકથી પ્રસ્તુત જાહેરાત થઈ ગઈ છે.

ત્યારબાદ ઉકત બાબતમાં થોડીક ચર્ચા થઈ. છેવટે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ કરાવવાની જાહેરાત એક મહત્વનો નિર્ણય હતો અને તેની જાહેરાત ગૃહ મંત્રી-શ્રીએ સભાગૃહની બહાર પ્રથમ કરવી જોઈતી નહોતી.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા:—

(૧) (ક) ગુજરાત સરકારના સન ૧૯૭૭–૭૮ના વર્ષના વિનિયોગ હિસાબો,

(ખ) ગુજરાત સરકારના સન ૧૯૭૭–૭૮ના વર્ષના નાણાંકીય હિસાબો,

(૨) ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૭૭–૭૮ના વર્ષનો રિપોર્ટ (સિવિલ):

(ધ) ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૭૭–૭૮ના વર્ષનો રિપોર્ટ (રેવન્યુ રિસિપ્ટસ), અને

(ચ) ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૭૭–૭૮નો વર્ષનો રિપોર્ટ (કોમર્સિયલ).....શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી, નાણા,

(૨) ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૭૯-૮૦નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક..... શ્રી મકરંદ દેસાઈ, મંત્રીશ્રી, વીજળી

૫. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી પિયુષભાઈ ઠાકોરે સમિતિનો તેત્રીસમો અહેવાલ રજુ કર્યો.

૬. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી પિયુષભાઈ ઠાકોરે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના તેત્રીસમા અહેવાલ સાથે સંમત થાય

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. નીચેનું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૪૭- સન ૧૯૭૯નું ગુજરાત (દ્વિતીય પૂરક) વિનિયોગ વિધેયક.

૮. શ્રી નરસિંહ મકવાણાએ, નિયમ ૧૦૧ અન્વયે, પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ મગફળી ખરીદી તપાસ પંચનો અહેવાલ વિચારણામાં લે અને પછી તેમનાં મંતવ્યો રજ કર્યાં. ત્યારપછી ચર્ચામાં ૮ સભ્યોએ અને મુખ્ય મંત્રીશ્રીએ ભાગ લીધો.

શ્રી કોટડિયાએ ચર્ચા દરમિયાન કરેલો અમુક ઉલ્લેખ કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યો.

ચર્ચાનો જવાબ શ્રી નરસિંહ મકવાણાએ આપ્યો, ચર્ચા પૂરી થઈ.

ગુરુવાર, તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૨૦૬૯૦ પરની પ્રશ્નોત્તરી દરમિયાન પુછાયેલા એક પૂરક પ્રશ્નના જવાબમાં સિંચાઈ મંત્રીશ્રીએ જણાવ્યું કે તે માહિતી જાહેર હિતમાં આપી શકાય નહિ. તેની સામે વાંધો ઉઠાવવામાં આવતાં, અધ્યક્ષશ્રીએ અગાઉના નિર્ણયો ટાંકીને જણાવ્યું કે જાહેર હિતમાં જવાબ આપવાનો મંત્રીશ્રી ના પાડે તો તેમને ફરજ પાડી શકાય નહિ. તેમ છતાં, શ્રી ચીમન મહેતાએ તેમનો આગ્રહ જારી રાખ્યો અને ત્યારબાદ સભાત્યાગ કર્યો.

૨. શ્રી વિજયકુમાર ત્રિવેદીએ, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, પ્રશ્નોત્તરી દરમિયાન જ્યારે સિંચાઈ મંત્રીશ્રીએ એક પૂરક પ્રશ્નના જવાબમાં કહ્યું કે તેનો જવાબ આપવો જાહેર હિતમાં નથી ત્યારે તેમણે જવાબ માગવાનો આગ્રહ કયા સંજોગોમાં કર્યો હતો તે અંગે ખુલાસો કર્યો.

૩. નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર શ્રી ખોડીદાન ઝુલાએ, નિયમ ૧૧૬ અન્વયે, ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું:—

" તા. ૨૪--૯--૭૯ ના રોજ વડોદરા શહેરના પ્રતાપનગર અને આજુબાજુના વિસ્તારોમાં ઝેરી લઠ્ઠો પીવાના કારણે લગભગ ૧૨ વ્યકિતઓનાં થયેલ મૃત્યુ અને અનેકને થયેલ ઝેરી અસર અંગે તપાસ કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

ગૃહ મંત્રી, શ્રી પોપટલાલ વ્યાસે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા. શ્રીમતી આયશાબેગમ શેખે પ્રશ્ન પૂછતી વખતે વાપરેલા અમૂક શબ્દો અધ્યક્ષશ્રીએ કાર્યવાહીમાંથી રદ કર્યા. તેમણે વધુમાં જણાવ્યું કે શબ્દો કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે તે પૂરતું નથી પણ જે તે સભ્યે એવા શબ્દો વાપરવા માટે દિલગીરી વ્યકત કરવી જોઈએ. વિરોધપક્ષના નેતા, શ્રી માધવસિંહ સોલંકીએ જણાવ્યું કે શ્રી અરવિંદ મણિયારે વાપરેલા શબ્દો બાબતમાં અધ્યક્ષશ્રીએ જ નિર્ણય આપવાનો છે તે બાકી છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તે જ વાત શ્રી હરિહર ખંભોળજાએ વાપરેલા શબ્દોને પણ લાગુ પડે છે. આ તબક્કે સભાગૃહમાં ખૂબ જ ઘોંઘાટ મચી ગયો. ત્યારબાદ સભ્યોએ વધુ પ્રશ્નો પૂછયા અને ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

(૧) ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૧૯૭૭---૭૮નો અહેવાલ..... શ્રી કેશુભાઈ સ. પટેલ, મંત્રીશ્રી, કૃષિ.

(૨) ગુજરાત પંચાયતો (જિલ્લા અને તાલુકા પંચાયતોના અધ્યક્ષો, ઉપાધ્યક્ષો, અને સદસ્યોને મુસાફરી ભથ્થાં આપવા) બાબતના નિયમો, ૧૯૬૪ ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની—

(અ) તા. ૧૦--૯--૭૯ ની અધિસૂચના ક્રમાંક--કેપી/૧૬૨/પીઆરઆર/૨૦ (૧૪)/ ૭૯—ઝ અને

(બ) તા. ૧૨--૯--૭૯ ની અધિસૂચના ક્રમાંક : કેપી/૧૬૩/પીઆરઆર ૨૦ (૧૫)/ ૭૯--ઝ. શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, પંચાયત

(બ) તા. ૧૨--૯--૭૯ની અધિસૂચના ક્રમાંક :કેપી/૧૬૩/પીઆરઆર/૨૦ (૧૫)-૭૯-ઝ શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી પંચાયત.

(૩) રાજયની પંચવર્ષીય યોજના ૧૯૭૮--૮૩ નો ખરડો .....(શ્રી દિનેશભાઈ શાહ, મંત્રીશ્રી આયોજન

૫. નીચેના અહેવાલો તેની સામે દર્શાવેલા સમિતિના પ્રમુખશ્રી/સભ્યશ્રીએ રજૂ કર્યા.

(૧) અંદાજ સમિતિના ઓગણત્રીસમા બત્રીસમા, તેત્રીસમા, સાડત્રીસમા, અને આડત્રીસમા અહેવાલો..... સમિતિના સભ્યશ્રી મોહનસિંહ રાઠવા.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિ તથા વિમુકત જાતિઓનાં કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ.....સમિતિના પ્રમુખ શ્રી કરસનદાસ સોનેરી.

૬. નિયમ ૧૫૨ હેઠળના વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો.—(૧) નીચેનું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૯ નું વિધેયક ક્રમાંક ૩૯-- સન ૧૯૭૯ નું ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ પંચાયતોની પુર્નરચના બાબત) વિધેયક,

(૨) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયે શ્રી સનત મહેતાનો નીચેનો પ્રસ્તાવ સભ્યશ્રીની ગેરહાજરીને કારણે હાથ ધરી શકાયો નહિ.

"આ સભાગૃહ સન ૧૯૭૯ નો વટહુકમ ક્રમાંક--૩ સન ૧૯૭૯નો ભારતનો વીજળી બાબતનો (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(૩) વીજળી મંત્રીશ્રી મકરંદ દેસાઈએ સન ૧૯૭૯ નું વિધેયક ક્રમાંક--૪૦ સન ૧૯૭૯ નું ભારતનું વીજળી બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યું નહિ.

વિરોધપક્ષના નેતા શ્રી માધવસિંહ સોલંકીએ કેટલીક સ્પષ્ટતા માંગી.

(૪) સન ૧૯૭૯ ના વિધેયક ક્રમાંક--૬- સન ૧૯૭૯ ના મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયકના પહેલાં વાચન પરની ચર્ચા અધૂરી રહી.

૭. બિન-સરકારી સંકલ્પો

(૧) શ્રી જશવંત મહેતાનો સંકલ્પ

શ્રી જશવંત મહેતાનો નીચેનો સંકલ્પ તેમની ગેરહાજરીને કારણે હાથ ધરી શકાયો નહિ.

"ગુજરાતના ભાવિ વિકાસ માટે આવતો દસકો મહત્વનો છે. કુદરતી રીતે મળતો બોમ્બે હાઈ અને બશીનનો ગેસ ગુજરાતને આપવા કેન્દ્ર સરકારે ખાતરી આપેલ છે. આ ગેસ ઉપર ગુજરાતના ભાવિ વિકાસનો આધાર છે. નર્મદાની માફક આ ગેસનો ઉપયોગ ગુજરાતની જીવાદોરી સમાન છે. ઘણા પ્રયાસો છતાં ગુજરાતને ગેસ આધારિત વિકાસ માટે જરૂરી ગેસનો જથ્થો મેળવા અંગે ચોક્કસ નિર્ણય થઈ શકયો નથી. ગુજરાતનો ભાવિ વિકાસ ખોરંભે પડવાનો સંભવ છે. આથી ગુજરાતનો ગેસ મેળવવાનો અધિકાર છીનવાઈ ન જાય તે માટે સક્રિય કાર્યવાહી કરવા માટે એક સર્વપક્ષીય સમિતિની રચના કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે."

(૨) શ્રી વીરજીભાઈ મુનીઆનો સંકલ્પ.

શ્રી વીરજીભાઈ મુનીયાએ નીચેનો સંકલ્પ રજૂ કર્યો

"આદિવાસીઓ, હરિજનો બીજા પછાતવર્ગો અને સમાજના નબળા વર્ગોના બધી જ જાતના વિકાસ માટે પગલાં લેવાની રાજ્ય સરકારે વારંવાર મોટી જાહેરાતો કરી છે. પરંતુ હકીકતમાં આ અંગેના જે પગલાં લેવાય છે કે જાહેરાત કરાય છે, એના પગલાંમાં ઢીલ, સ્પષ્ટ નીતિનો અભાવ તેમજ બેદરકારીભર્યું વલણ સ્પષ્ટપણે દેખાય છે. દાખલા તરીકે (૧) રાજ્યની ઘરથાળની જમીન મફત આપવાની અને તેના ઉપર વસવાટો બાંધવાની ગ્રામીણ વસવાટ યોજના ઘડાઈ છે. તેમાં ઘરથાળની જમીનની માગણી કરનારાઓને ઘરથાળની જમીન આપવાની પ્રવૃત્તિ સદંતર બંધ કરી દીધી છે અને ગ્રામીણ વસવાટ યોજનામાં રાષ્ટ્રીયકૃત બેન્કોનું ધિરાણ આપવાની નીતિ પણ સદંતર બંધ છે. (૨) મોટાં શહેરોની અંદર ગંદા વસવાટોમાં ગરીબ લોકોનાં રહેઠાણ અને પાયાની જરૂરીયાતો પૂરી પાડવાની કામગીરી પણ બંધ, છે. (૩) રાજ્યના આદિવાસી પેટા યોજના નીચે કેન્દ્ર સરકારે બિયારણ, જંતુનાશક દવા રસાયણિક ખાતરો, જમીન સુધારણા કામોમાં બળદ વગેરે માટે ૫૦ ટકા સુધીનું ઉદાર ધોરણ અપનાવ્યા છતાં, વારંવારની કુદરતી આફતોને કારણે ગુજરાતનો આદિવાસી ખેડૂત, મંડળીઓના ધિરાણમાં બાકીદાર બન્યો હોઈ આ સબસીડીઓનો લાભ લઈ શકતો નથી. (૪) બક્ષી કમિશનની ભલામણો સ્વીકાર્યા છતાં આ પછાત તરીકે સ્વીકારેલી જાતિઓને નોકરીઓની બાબતોમાં ઉંમર મર્યાદાનો વધારાનો લાભ તેમજ જુદી જુદી વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે અનામત જગ્યાઓનો લાભ મળતો નથી તેમજ હિન્દુ--કુંભાર-લુહાર અને બીજી એવી બાકી રહેલી જાતિઓને આ યાદીમાં સમાવેશ કરવાનો અનાદાર થાય છે. આથી ઘરથાળની જમીનની માગણીનો સમયબધ્ધ કાર્યક્રમ ઘડી વિકાસ કરવાની વ્યવસ્થા કરવા, ઘરથાળની જમીન ઉપર મકાનો બાંધવા બેંકોની લોનની પૂરતી વ્યવસ્થા કરવા, આદિવાસી પેટા યોજનાની સબસીડી આદિવાસી ખેડૂતો બાકીદાર હોય તો પણ મેળવવાપાત્ર થાય તેવાં પગલાં લેવા, બક્ષી પંચે જાહેર કરેલી જાતિઓને વય મર્યાદાના વધારાનો લાભ આપવા અને બાકી રહેલ જાતિઓનો યાદીમાં સમાવેશ કરવાનાં પગલાં લેવા, આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

શ્રી ચીમન મહેતાએ ઉપર્યુકત સંકલ્પ પર નીચેનો સુધારો રજૂ કર્યો.

(૧) સંકલ્પની ચોથી લીટીમાં આવતા--"આ અંગેના જે" શબ્દો પછી "અધકચરાં" એ શબ્દ ઉમેરવો.

(૨) સંકલ્પની પાંચમી લીટીમાં આવતા શબ્દો "એના પગલાંમાં ઢીલ" એ શબ્દો પછી "દિશાશૂન્યતા" શબ્દ ઉમેરવો.

(૩) સંકલ્પની દશમી લીટીમાં આવતા શબ્દો "જમીન આપવાની પ્રવૃત્તિ" શબ્દો પછી "૭૮ માર્ચથી" એ સંખ્યા અને શબ્દ ઉમેરવા.

(૪) "સંકલ્પની ચૌદમી લીટીમાં આવતા "કામગીરી પણ" એ શબ્દો પછી "સંપૂર્ણપણે" એ શબ્દ મૂકવો અને

(૫) સંકલ્પની ચોવીસમી લીટીમાં આવતા "આ યાદીમાં સમાવેશ કરવાનો" એ શબ્દ પછી. "વૈજ્ઞાનિક માંગનો" એ શબ્દો ઉમેરવા.

ત્યારપછી ઉપર્યુકત સંકલ્પ અને સુધારા પર સંયુકત ચર્ચા શરૂ થઈ. ચર્ચામાં ૬ મંત્રીશ્રી-ઓએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ શ્રી વીરજીભાઈ મુનીયાએ આપ્યો.

ત્યારપછી શ્રી ચીમન મહેતાનો ઉપર્યુકત સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારપછી ઉપર્યુકત સંકલ્પ મત માટે મૂકવામાં આવતાં, શ્રી વીરજીભાઈ મુનીયાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. સભ્યોને તેમની જગ્યાએ ઊભા કરીને વિભા-જન કરવામાં આવ્યું . સંકલ્પની તરફેણમાં ૩૬ મત અને વિરૂધ્ધમાં ૭૭ મત પડતાં સંકલ્પ નામંજૂર કરવામાં આવ્યો.

(૩) શ્રી ભાનુભાઈ વાઘેલાનો સંકલ્પ.

શ્રી ભાનુભાઈ વાઘેલાએ નીચેનો સંકલ્પ રજૂ કર્યો

"ગુજરાતમાં આઝાદી પછીનાં ૩૦ વર્ષ બાદ જે વિકાસનાં કામો થયાં છે તેમાં ભંગી સમાજના વિકાસને માટે અપૂરતા પગલાં લેવામાં આવ્યાં છે. આથી આ સમાજનો સમ-તુલિત વિકાસ થઈ શકે તે માટે આ સભાગૃહ રાજ્ય સરકારને નીચેનાં પગલાં લેવાનો અનુરોધ કરે છે:—

(૧) ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વસતા ભંગી સમાજના લોકો આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરે તે માટે જરૂરી પગલાં તાત્કાલિક ભરવા તેમજ તેમને પૂરતી રહેઠાણની સગ-વડતા મળે તે રીતની આયોજનબધ્ધ યોજનાઓ ઘડીને તેને અમલમાં મૂકવી.

(૨) ભંગી સમાજને માટે માથે મેલું ઉપાડવાની પ્રથા તાત્કાલિક બંધ કરવી અને આવી પ્રથા નાબુદી માટે છેવટની તારીખ જાહેર કરવી અને ત્યારબાદ આ પ્રથા ચાલુ હોય ત્યાં સજા કરી શકાય તે માટે કાનૂની કાર્યવાહી કરવા પગલાં લેવાં ; અને

(૩) ભંગી સમાજના વિકાસને માટે એક સ્વાયત્ત બોર્ડની રચના જાહેર કરવી અને તેમાં ૫૦ ટકા જેટલા સભ્યો ભંગી સમાજના પ્રતિનિધિ તરીકે આવે તેવી જોગવાઈ કરવી."

શ્રી ચીમન મહેતાએ ઉપર્યુકત સંકલ્પ પર સુધારો રજૂ કર્યો કે સંકલ્પની ચૌદમી લીટીમાં "૫૦ ટકા" ને બદલે " ૭૫ ટકા" એ સંખ્યા અને શબ્દ મૂકવા.

ત્યારપછી ઉપર્યુકત સંકલ્પ અને સુધારા પર સંયુકત ચર્ચા શરૂ થઈ. ચર્ચામાં ૭ સભ્યોએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ શ્રી ભાનુભાઈ વાઘેલાએ આપ્યો.

ત્યારપછી ઉપર્યુકત સંકલ્પ પરનો શ્રી ચીમન મહેતાનો સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો. ત્યારપછી સંકલ્પ મત માટે મૂકવામાં આવતો હતો ત્યારે શ્રી ભાનુભાઈ વાઘેલાએ વિભાજનની માગણી કરી. પરંતુ અધ્યક્ષશ્રીએ વિભાજનની માગણીનો અસ્વીકાર કર્યો. ત્યારપછી સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

શુક્રવાર તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. (૧) શ્રી નરસિંહ મકવાણાએ, શ્રી અરવિંદ મણિયારે તેમના માટે વાપરેલા શબ્દો બાબતમાં અધ્યક્ષશ્રીએ શું નિર્ણય લીધો તે જાણવા માગ્યું. તે વખતે શ્રી મણિયારે શ્રી મકવાણાના કથન સંબંધમાં અમુક શબ્દો વાપર્યા. અધ્યક્ષશ્રીએ તે શબ્દો કાર્યવાહીમાંથી રદ કર્યા.

(૨) શ્રી સનત મહેતાએ સદસ્ય નિવાસના એટેન્ડન્ટોને પ્રશ્ન ઉપસ્થિત કર્યો અને તે અંગે યોગ્ય પગલાં લેવા વિનંતી કરી.

૩. નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર શ્રી કાશીરામ રાણાએ, નિયમ ૧૧૬ અન્વયે, સિંચાઈ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું:—

"તાપી નદી ઉપરનો ઉકાઈ ડેમ તૂટવાની તૈયારીમાં છે એવા વહેતા થયેલા સમાચારને કારણે માંડવી, કડોદ વગેરે નિચાણના વિસ્તારોનાં ગામોમાં ફેલાયેલ ભયને કારણે થયેલી વ્યાપક હિજરત અને તેથી ઊભી થયેલી પરિસ્થિતિ અંગે સરકારે લીધેલાં પગલાં કે લેવા ધારેલાં પગલાં."

સિંચાઈ મંત્રી, શ્રી કેશુભાઈ પટેલે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને સિંચાઈ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

(૧) ખેતી ધિરાણનાં મુદત વીતી બાકી લેણાં અંગેની સમિતિનો અહેવાલ.....શ્રી રસિકચંદ્ર આચાર્ય, મંત્રીશ્રી, સહકાર.

(૨) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૧૯૭૫—૭૬ અને ૧૯૭૬-૭૭ ના વાર્ષિક અહેવાલો..... શ્રી માણેકલાલ ગાંધી, મંત્રીશ્રી, સામુહિક વિકાસ યોજનાઓ.

(૩) ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડના સન ૧૯૭૬—૭૭ અને ૧૯૭૭—૭૮ ના વાર્ષિક અહેવાલો..... શ્રી નવીનચંદ્ર બારોટ, મંત્રીશ્રી, શ્રમ

(૪) તા. ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૬૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૦૨૧૭-અગ્રતાક્રમ-૧૯ ઉપરના જવાબ ખંડ (૧) માં જણાવેલા પી. સી. ય. શબ્દ અંગેની સ્પષ્ટતા કરતી નોંધ..... શ્રી હરિસિંહ ચાવડા, મંત્રીશ્રી, રસ્તા અને મકાન..

૫. સરકારી વિધેયકો.

(અ) દાખલ કરાયેલાં સરકારી વિધેયકો.—નીચેનાં સરકારી વિધેયકો સભાગૃહની પરવાનગીથી દાખલ કરવામાં આવ્યાં :

(૧) સન ૧૯૭૯નું ગુજરાત આવશ્યક સેવાઓ જાળવવા બાબત (સુધારા) વિધેયક (પ્રભારી મંત્રી, શ્રી મકરંદ દેસાઈ)

(૨) સન ૧૯૭૯નું ગુજરાત પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતું વિધેયક (પ્રભારી મંત્રીશ્રી, માણેકલાલ ગાંધી)

(બ) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો.—નીચેનું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૯ નું વિધેયક ક્રમાંક---સન ૧૯૭૯ નું મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક.

ચર્ચા દરમિયાન અતિથિ વિશેષ દીર્ઘામાંથી કેટલીક પત્રિકાઓ સભાગૃહમાં ફેંકવામાં આવી અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. અધ્યક્ષશ્રીએ સલામતી દળના માણસોને તેવી વ્યકિતઓને દૂર કરવાનો આદેશ આપ્યો.

૬. મુખ્ય મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે કામકાજ સલાહકાર સમિતિનો ચોત્રીસમો અહેવાલ રજૂ કર્યો.

૭. મુખ્ય મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચોત્રીસમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. શ્રી ખોડીદાન ઝૂલાએ, નિયમ--૧૧૨ અન્વયે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળવાના કારણે ઊભી થયેલ ગંભીર પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી અને તેમનાં મંતવ્યો રજૂ કર્યો. ત્યારપછી ચર્ચામાં ૮ સભ્યોએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો.

શ્રી પટ્ટણીએ તેમના પ્રવચન દરમિયાન કરેલો અમુક ઉલ્લેખ કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યો.

ચર્ચા પૂરી થઈ.

૯. સભાગૃહનો સમય થઈ ગયો હોવાથી શ્રી કાશીરામ રાણાનો બોમ્બે હાઈ ગેસ, ગુજરાત માટે ત્રીજું ખાતરનું કારખાનું, ગેસ આધારિત પેટ્રો કેમિકલ્સ સંકુલ, અને બોમ્બે હાઈગેસ પાઈપ લાઈનના ભૂમિબિન્દુ અંગેનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરી શકાયો નહિ.

૧૦. સચિવશ્રીએ, નિયમ ૮૭--અ, અન્વયે, તારાંકિત પ્રશ્નો અને તેના જવાબો વિધાન-સભાના મેજ ઉપર મૂકયા.

૧૧. સભાગૃહના નેતા શ્રી બાબુભાઈ પટેલે સૂચન કર્યું કે જે સભ્યાનાં ઉચ્ચારણોથી ઈતર સભ્યોનાં દિલ દુભાયાં છે તે સભ્યો તેમણે કરેલાં ઉચ્ચારણો કયા સંજોગોમાં કર્યો તે વિષે સ્પષ્ટતા કરે. ત્યારબાદ સર્વ શ્રી અરવિંદ મણિયાર, શ્રી મગનભાઈ બારોટ, અને ગોરધનભાઈ પટેલે સ્પષ્ટતા કરી અને તેમનાં ઉચ્ચારણોથી કોઈને દુ:ખ થયું હોય તો તે માટે દિલગીરી વ્યકત કરી.

૧૨. સભાગૃહના નેતા, શ્રી બાબુભાઈ પટેલ, વિરોધપક્ષના નેતા શ્રી માધવસિંહ સોલંકી અને અધ્યક્ષશ્રીએ આભાર વ્યકત કરતાં પ્રસંગોચિત પ્રવચનો કર્યા.

૧૩. અધ્યક્ષશ્રીએ સત્ર સમાપ્ત કરતો રાજ્યપાલશ્રીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

સત્ર બપોરના ૧–૫૦ વાગ્યે પૂરું થયું.

પત્રક ક્રમાંક—૨૭
(જુઓ ફકરા ક્રમાંક-૪૧)

પાંચમી ગુજરાત વિધાનસભામાં તા. ૧૭-૯-૭૯થી તા. ૨૮-૯-૭૯ સુધીમાં ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાના સભ્યોએ ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ. નં.	સભ્યનું નામ	વિધેયકો		અંદાજ પત્ર પર ચર્ચા	સભા-મોકૂફી	પ્રસ્તાવો			બિન-સરકારી સંકલ્પો	વૈધાનિક મંડળોના કામ/કાજ પર ચર્ચા અહેવાલો	વિધાન-સભાની સમિતિ-અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા	અન્ય બાબતો ચર્ચા	કુલ
		સરકારી	બિન-સરકારી			મંત્રી-મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતાં	બીજા સરકારી પ્રસ્તાવો પર ચર્ચા	શ્રીના સંબોધન તેમજ બિન-સરકારી સભ્યોના					
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧.	ઠક્કર, શ્રી મહેશકુમાર હરજીવન	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૨.	મહેતા, શ્રી સુરેશચંદ્ર રૂપશંકર	...	...	...	...	...	...	...	...	...	...	૪	૪
૩.	ધોળકીયા, શ્રી કુન્દનલાલ જશવંતરાય (અધ્યક્ષશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	(અધ્યક્ષશ્રી) હોવાને કારણે.	

૪. મોથુરિયા, શ્રી મેઘજીભાઈ સુમારભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૫. શાહ, શ્રી ચંપકલાલ ચુનીલાલ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૬. પટેલ, શ્રી હરિલાલ નાનજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૭. રાઠોડ, શ્રી ભીમાભાઈ દલાભાઈ	...	...	...	...	...	...	...	૩	...	...	...	૩	
૮. પરમાર, શ્રી જુવાનસિંહ જીલુભા	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૯. શાહ, નંદલાલ સુંદરજી શ્રી	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૦. મકવાણા, શ્રી કરમશીભાઈ કાનજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૬	૬	
૧૧. શાહ, શ્રી અનુપચંદ રાજપાળ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૨. શાહ, શ્રી નગીનદાસ માણેકચંદ	૪	...	...	...	...	...	...	...	...	...	૨	૬	
૧૩. પરમાર, શ્રી ગોકળભાઈ ડોસાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૩	૩	
૧૪. બોડા, શ્રી ગોવિંદભાઈ જેઠાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૮	૧	
૧૫. ઝાલા, શ્રી જનકકુમારસિંહજી રસિકકુમારસિંહજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...	

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૬.	ખાચર, શ્રી શિવરાજકુમાર	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૭.	પટેલ, શ્રી કેશુભાઈ (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	૨	૨૦	૨૦
૧૮.	મણીયાર, શ્રી અરવિંદભાઈ	૮	...	...	...	...	...	...	...	...	...	૧૩	૨૧
૧૯.	વાઘેલા, શ્રી ભાનુભાઈ ગીગાભાઈ	...	...	...	...	...	...	...	૫	...	...	૨	૭
૨૦.	સોરઠીઆ, શ્રી પોપટલાલ લાખાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૨૧.	પટેલ, શ્રી રમણીકભાઈ ધનજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૨૨.	મહેતા, શ્રી ચીમનલાલ અમીચંદ	૬	...	...	...	...	...	...	૫	...	૨	૨૫	૩૮
૨૩.	પટેલ, શ્રી જયરામ આણંદભાઈ	૧	...	...	...	...	...	...	...	...	...	૨	૩
૨૪.	પટેલ, શ્રી ભાણજી ભીમજી (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૨૫.	જાડેજા, શ્રી દોલતસિંહજી પ્રતાપસિંહજી	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧

૨૬. પરમાર, શ્રી ભાણજી કમા	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૨૭. પટેલ, શ્રી ભીમજીભાઈ વશરામભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૨૮. કાલરીઆ, શ્રી વિઠ્ઠલભાઈ પ્રેમજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૨૯. ભાટીઆ, શ્રી સામત કાના	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૩૦. માડમ, શ્રી હેમતભાઈ રામભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૩૧. ગોરીઆ, શ્રી મારખી જેઠાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૩૨. ઠક્કર, શ્રી વસનજી ખેરાજ	૫	...	...	...	...	...	...	...	...	...	૭	૧૨
૩૩. કાંબલીયા શ્રી વેજાભાઈ સામતભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૩૪. જોરા, શ્રી જેઠાલાલ રાણાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૨	૨
૩૫. પટેલ, શ્રી વલ્લભભાઈ પોપટલાલ	...	...	...	...	...	...	...	...	...	...	૩	૩
૩૬. વાણવી, શ્રી દેવજીભાઈ ભીખાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૩	૩

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૩૭.	પઢીઆર, શ્રી નારસિંહભાઈ ધનજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...		૧
૩૮.	શેખ, શ્રી આયશાબેગમ સાહેબ મહમદઅલી	૧૩	...	...	...	...	...	...	...	...	...	૬	૧૯
૩૯.	આચાર્ય, શ્રી રસિકચંદ્ર દેવશંકર (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૪૦.	ભેંસાણીઆ, શ્રી કુરજીભાઈ ડુંગરભાઈ	...	...	...	...	...	...	...	...	...	૧	...	૧
૪૧.	ઠુમર, શ્રી રતના મનજી	૧	...	...	...	...	...	...	...	...	...	૧	૩
૪૨.	આચાર્ય, શ્રી હેમાબેન સૂર્યકાંત (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	૩	૩
૪૩.	કણસાગરા, શ્રી જીણા દેવરાજ	...	...	...	...	...	...	...	...	...	...	...	..
૪૪.	ભાદાણી, શ્રી માણેકલાલ જેરામભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૪૫.	ગોંધિયા, શ્રી નરસિંહભાઈ ગોરધનદાસ	૫	...	...	...	...	...	...	...	...	૨	૧	૮

૪૬. કાટડીઆ, શ્રી મનુભાઈ નારણભાઈ	૧	...	...	...	...	...	...	...	...	૨	૨	૫
૪૭. મોરી, શ્રી પ્રતાપસિંહ એભલભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૪૮. મહેતા, શ્રી જશવંત	૨	...	...	...	...	...	...	...	...	૨	૭	૧૧
૪૯. પટેલ, ડૉ. વલ્લભભાઈ જીવાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૫૦. શાહ, શ્રી પ્રતાપભાઈ તારાચંદ	...	...	...	...	...	...	...	૧	...	૨	૨	૫
૫૧. સરવૈયા, શ્રી કેસરીસિંહ ખોડુભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૫૨. વ્યાસ, શ્રી મનુભાઈ	...	...	...	...	...	...	...	...	...	૩	૩	૬
૫૩. શેઠ, શ્રી લલ્લુભાઈ (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૫૪. મહેતા, શ્રી છબીલદાસ	૧	...	...	...	...	...	...	...	...	૩	૩	૭
૫૫. ગોહીલ, શ્રી ગીગાભાઈ ભાવુભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૫૬. ગાહિલ, શ્રી જોરૂભા નારસિંહ	...	...	...	...	...	...	...	...	...	...	...	
૫૭. શાહ, શ્રી નગીનદાસ મણીલાલ	...	...	...	...	...	...	...	...	...	...	...	...

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૫૮.	ગાંધી, શ્રી મણીલાલ ગોરધનદાસ	૫	...	...	...	...	...	...	૧	...	૧	૧૦	૧૭
૫૯.	શાહ, શ્રી નગીનભાઈ નેમચંદભાઈ (મંત્રીશ્રી)	૯	...	...	...	...	...	...	...	...	...	૬	૧૫
૬૦.	મકવાણા, શ્રી પરસોત્તમભાઈ રવજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	
૬૧.	ગોહેલ, શ્રી ધુળાભાઈ દલાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૬૨.	પટેલ, શ્રી કાન્તીભાઈ ઈશ્વરભાઈ	૨	...	...	...	...	...	...	...	...	...	૧	૩
૬૩.	આછવા, શ્રી કાસમભાઈ મહમદભાઈ (રદસીય સચિવ)	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૬૪.	ચૌહાણ, શ્રી ભવાનસીંગ ખોડાજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૬૫.	પટેલ, શ્રી વિષ્ણુભાઈ કસીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૬૬.	ઠાકોર, શ્રી ગાભાજી મંગાજી	...	...	...	...	...	...	...	...	...	...	૩	૩
૬૭.	પટેલ, શ્રી બાબુભાઈ જશભાઈ (મુખ્ય મંત્રીશ્રી)	૬	...	...	...	...	...	...	...	...	૩	૨૫	૩૪

૬૮. વાસણવાળા, શ્રી બાબુભાઈ કેશવલાલ	૧	...	...	...	...	...	...	...	...	...	૮	૯
૬૯. પાલખીવાળા, શ્રી મનુભાઈ	૧	...	...	...	...	...	...	...	...	...	૧૧	૧૨
૭૦. પટેલ, શ્રી પ્રમોદચંદ્ર ગંદુલાલ	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૭૧. ગુપ્તા, શ્રી રાજકુમાર ગીગરાજ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૭૨. પટણી, શ્રી લક્ષ્મણભાઈ કાળીદાસ	૧	...	...	...	...	...	...	૧	...	...	૧૩	૧૫
૭૩. બારોટ, શ્રી મગનભાઈ રણછોડદાસ	૯	...	...	...	...	...	...	...	...	...	૨૬	૩૫
૭૪. મકવાણા, શ્રી નરસિંહ કરશનભાઈ	૨૫	...	...	...	...	...	...	૧	...	૬	૩૪	૬૬
૭૫. ભટ્ટ, શ્રી અશોક	૧	...	...	...	...	...	...	...	...	૧	૭	૯
૭૬. કુંદીવાલા, શ્રી અબ્દુલરહીમ તાજુજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૭૭. બારોટ, શ્રી નવીનચંદ્ર મોતીલાલ (મંત્રીશ્રી)	૧૧	...	...	...	...	...	...	...	...	૧	૧૦	૨૨
૭૮. ખૂબચંદાણી, શ્રી થાવરદાસ લધારામ	...	...	...	...	...	...	...	...	...	...	૨	૨

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૭૯.	પટેલ, શ્રી જેઠાલાલ ફૂલચંદ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૮૦.	પટેલ, શ્રી ચીમનલાલ પુરુસોત્તમદાસ (રાંસદીય સચિવશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૮૧.	પટેલ, શ્રી પ્રહલાદભાઈ કેશવલાલ	૧	૧	...	...	...	...	...	...	...	...	૧	૪
૮૨.	પરમાર, શ્રી હરીભાઈ ખુશાલદાસ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૮૩.	ઝાલા, શ્રી ભાવસિંહજી દાનસિંહજી												
૮૪.	શ્રી શાહ, દિનેશચંદ્ર વિનોદચંદ્ર (મંત્રીશ્રી)	૩	...	...	...	...	...	...	...	...	...	૯	૧૨
૮૫.	પટેલ, શ્રી અમરતભાઈ કાળીદાસ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૮૬.	પટેલ, શ્રી સાંકળચંદ કાળીદાસ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૮૭.	ઠાકોર, શ્રી શંકરજી ઓખાજી	...	...	...	...	...	...	...	...	...	...	૧૨	૧૨
૮૮.	પટેલ, ડો. કાંતીલાલ મણીલાલ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૮૯.	પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ ડોસાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧

૯૦. ત્રિવેદી, શ્રી વિજયકુમાર માધવલાલ	૬	...	...	...	...	...	...	...	...	...	...	૨૨	૨૮
૯૧. અમીન, શ્રી ભગવાનદાસ નારણદાસ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૯૨. પટેલ, શ્રી વિક્રમભાઈ ધનજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૯૩. ઠાકોર, શ્રી વીરાજી નવાજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૯૪. ઝુલા, શ્રી ખોડીદાન ભીમજી	૬	...	...	...	...	...	...	...	...	...	...	૭	૧૩
૯૫. પરમાર, શ્રી હેમાભાઈ દરધા	...	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૯૬. વાઘેલા, શ્રી લીલાધર ખોડાજી	...	...	...	...	...	...	...	...	...	...	...	૮	૮
૯૭. પંચાણી, શ્રી મફતલાલ ઝુમચંદ	...	...	...	...	...	...	...	૧	...	...	...	૧	૨
૯૮. પટેલ, શ્રી વિનોદચંદ્ર જેઠાલાલ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૯૯. દવે, શ્રી મનસુખલાલ જયશંકર	૧	...	...	...	...	...	...	...	...	...	...	૨	૩
૧૦૦. બચાણી, શ્રી લેખરાજ હેમરાજ-ભાઈ (સંસદીય સચિવશ્રી)	૧૫	...	...	...	...	...	...	...	...	...	...	૪	૧૯
૧૦૧. ડાભી, શ્રી અશોકભાઈ અમરાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૦૨. ચાવડા, શ્રી હરિસિંહ પ્રતાપસિંહ (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	...	૬	૬

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૦૩.	ડામોર, શ્રી જગદીશચંદ્ર ડી.	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૧૦૪.	સોનેરી, પ્રા. કરશનદાસ હીરાભાઈ	૨	...	...	...	...	...	...	૩	...	૧	૫	૧૧
૧૦૫.	વ્યાસ, શ્રી ધનેશ્વર કાલીદાસ (સંસદીય સચિવ)	૧૩	...	...	...	...	...	...	...	...	...	...	૧૩
૧૦૬.	પટેલ શ્રી ભગવાદાસન હરીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૧૦૭.	રાઠોડ, શ્રી દીપસિંહ જવાનસિંહ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૦૮.	પટેલ, શ્રી અરજનભાઈ ભીમજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૦૯.	રહેવર, શ્રી લાલસિંહજી કિશોરસિંહજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૧૦.	ગાંધી, શ્રી જેઠાલાલ ચંદુલાલ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૧૧.	ડામોર, શ્રી જીવાભાઈ મોતીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	૧
૧૧૨.	મુનીઆ, શ્રી વીરજીભાઈ લીંબાભાઈ	૪	...	...	...	...	...	...	૩	...	...	૪	૧૧

૧૧૩. ડામોર, શ્રી માલસિંગ ફતાભાઈ ...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૧૪. પટેલ, શ્રી લલિતકુમાર ભગવાનદાસ	૨	...	...	...	...	...	૧	...	...	...	૪	૭
૧૧૫. મોહનીઆ, શ્રી વીરસિંહ ગંગજીભાઈ ...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૧૬. જયદીપસિંહજી ...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૧૭. પટેલ, શ્રી શાંતીલાલ પરસોત્તમભાઈ ...	...	...	...	...	...	...	૧	...	...	...	૧	...
૧૧૮. પરમાર, શ્રી ઉદેસિંહ મોહનભાઈ ...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૧૯. ગાંધી, શ્રી માણેકલાલ મગનલાલ (મંત્રીશ્રી)	૩	...	...	...	...	...	...	...	...	...	૧ ૭	૧૧
૧૨૦. ખાલપા, શ્રી અબ્દુલરહીમ ઈસ્માઈલ	૧	...	...	...	...	...	...	...	...	...	...	૧
૧૨૧. પરમાર, શ્રી દલાભાઈ રાયજીભાઈ ...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૨૨. શાહ, શ્રી શાંતિલાલ ગુલાબચંદ ...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૨૩. ગોંદીઆ, શ્રી બદીઆભાઈ મુલજીભાઈ ...	...	...	...	...	...	...	...	...	...	...	...	...

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૨૪.	સોલંકી, શ્રી છત્રસિંહ અમરસિંહજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૨૫.	ચૌહાણ, શ્રી બુધાજી જીતાજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૨૬.	મલેક, શ્રી યાસિનમિયાં થુસુફમિયાં	...	...	...	...	...	...	...	...	...	...	૨	૨
૧૨૭.	ખંભોળજા, શ્રી હરિહરભાઈ ઉમિયાશંકર	૧	...	...	...	...	...	...	...	...	...	૮	૯
૧૨૮.	ઝાલા, શ્રી મગનભાઈ ગોકળભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૨૯.	પટેલ, શ્રી રમણભાઈ નાગજીભાઈ	૧	...	...	...	...	...	...	...	...	...	૧	૨
૧૩૦.	સોઢા, શ્રી બળવંતસિંહ સુધનસિંહ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૩૧.	પટેલ, શ્રી દિનશા ઝવેરભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૩૨.	વાઘેલા, શ્રી શંકરભાઈ દેસાઈભાઈ (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	...૨	૨
૧૩૩.	સોલંકી, શ્રી રણછોડભાઈ શનાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧

૧૩૪. પટેલ, શ્રી ગોવિંદભાઈ જેગંગભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૧૩૫. પટેલ, શ્રી ફૂલાભાઈ વરધાભાઈ	...	..	...	..	..	..	..	...	...	...	..	...
૧૩૬. વણકર, શ્રી ઈશ્વરભાઈ નારણદાસ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૩૭. પટેલ, શ્રી ગોરધનભાઈ શંભુભાઈ	૧	...	...	...	...	...	...	...	...	...	૬	૭
૧૩૮. ગાહેલ, શ્રી ઉમેદભાઈ ફત્તાસિંહ	...	...	...	...	...	...	...	...	...	...	૨	૨
૧૩૯. સાલંકી, શ્રી માધવસિંહ ફૂલસિંહ	૨૪	...	...	...	...	...	...	...	...	૮	૪૪	૭૬
૧૪૦. પટેલ, શ્રી વલ્લભભાઈ આશાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૪૧. રાઠવા, શ્રી રમણભાઈ નારણભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૪૨. રાઠવા, શ્રી મોહનસિંહ છોટુભાઈ	...	...	...	...	...	...	...	૧	...	૧	...	૨
૧૪૩. ભીલ, શ્રી મેઘાભાઈ જગાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૪૪. તડવી, શ્રી ભઈજીભાઈ ભાણાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૬	...

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૪૫.	પટેલ, શ્રી અંબાલાલ નાગજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૧૪૬.	પરમાર, શ્રી પ્રતાપસિંહ જેરસિંહ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૪૭.	દેસાઈ, શ્રી મકરંદ બળવંતરાય (મંત્રીશ્રી)	૩	...	...	...	...	...	...	...	...	૧	૧૨	૧૬
૧૪૮.	પરાડકર, શ્રી જી. જી.	૮	...	...	...	...	...	...૨	...	...	...	૧	૯
૧૪૯.	કોન્ટ્રાક્ટર, શ્રી ભાઈલાલભાઈ ગરબડદાસ (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૫૦.	મેહેતા, શ્રી સનતકુમાર મગનલાલ	૪	...	...	...	...	...	...					
૧૫૧.	પટેલ, શ્રી ઠાકારભાઈ માહનભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	૧	૧
૧૫૨.	શાહ, શ્રી જશવંતલાલ સૌભાગ્યચંદ	...	...	...	...	...	...	...	...	...	૧	૧૭	૧૮
૧૫૩.	લેઉવા, શ્રી રાઘવજી થોભણભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૫૪.	સોલંકી, શ્રી મગનભાઈ	૧	...	...	...	...	...	...	...	...	૨	...	૩

૧૫૫. રાણા, શ્રી વિજયસિંહજી માનસિંહજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૫૬. ઠાકોર, શ્રી પિયુષભાઈ ધનવંતરાય	...	...	...	...	...	...	...	...	...	...	૨	૨	
૧૫૭. પટેલ, શ્રી ઠાકોરભાઈ ગોમાનભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૫૮. વસાવા, શ્રી રેવાદાસ બીમજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૫૯. વસાવા, શ્રી કાલુભાઈ ખીમજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૬૦. દેશમુખ, શ્રી ચંદુલાલ શનાભાઈ (મંત્રીશ્રી)	...	...	...		...	...	...	...	૧	૧	૨		
૧૬૧. વસાવા, શ્રી ગોવિંદભાઈ બારકીયાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	..	
૧૬૨. વસાવા, શ્રી મનસુખલાલ જાનિયાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૬૩. ગામીત, શ્રી વસનજીભાઈ ગનજીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૬૪. ચૌધરી, શ્રી અમરસિંહ ભીલાભાઈ	૧	...	...	...	...	...	...	...	...	...	૯	૧૮	

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૬૫.	ઢોડીયા, શ્રી ધનજીભાઈ કરસનભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૬૬.	રાઠોડ, શ્રી છાટુભાઈ નાથુભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૬૭.	રાઠોડ, શ્રી ધનજીભાઈ મોતીભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૬૮.	પટેલ, શ્રી પરભુભાઈ ડાહ્યાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૬૯.	પટેલ, શ્રી શંભુભાઈ વલ્લભભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૭૦.	રાણા, શ્રી કાશીરામ છબીલદાસ	૩	...	...	...	...	...	...	...	...	૧	૬	૧૦
૧૭૧.	વ્યાસ, શ્રી પોપટલાલ મૂળશંકરભાઈ (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	૧	૨૧	૨૨
૧૭૨.	પટેલ, શ્રી ઠાકોરભાઈ નરોત્તમભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...
૧૭૩.	પટેલ, શ્રી ગોંસાઈભાઈ છીબાભાઈ	૧	...	...	...	...	.....		૧	...	...	૩	૫

૧૭૪. પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ નાગરજી	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૭૫. નાયક, શ્રી પરાગજી ડાહ્યાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૭૬. પટેલ, શ્રી ભગુભાઈ પરસોત્તમભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૭૭. બાગુલ, શ્રી ભાસ્કરભાઈ લક્ષ્મણભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૭૮. પટેલ, શ્રી ડો. મંથવભાઈ રતનજી (મંત્રીશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	...	૫	
૧૭૯. જાદવ, શ્રી રામુભાઈ બાલુભાઈ (સંસદીય સચિવશ્રી)	...	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૮૦. પટેલ, શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ	...	૧	...	...	...	...	...	૧	...	...	૧	૩	
૧૮૧. પટેલ, શ્રી છોટુભાઈ જમનાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	..	...	
૧૮૨. પટેલ, શ્રી છોટુભાઈ રેસ્તાભાઈ	...	...	...	...	...	...	...	...	...	...	...	...	

પત્રક ક્રમાંક—૨૭

(જુઓ ફકરા ક્રમાંક—૪૨)

શોકદર્શક ઉલ્લેખો

આ. નં.	સદગતનું નામ	અવસાનની તારીખ	ઉલ્લેખની તારીખ	શેરો
૧	લોર્ડ માઉન્ટ બેટન ભારતના પ્રથમ ગવર્નર જનરલ.	૨૭--૮--૧૯૭૯	૧૭--૯--૭૯	સદગતને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું હતું.
૨	શ્રી જેરૂભા નારસિંહ ગોહિલ ગુજરાત વિધાનસભાના સભ્ય.	૧૪--૫--૧૯૭૯	,,	,,
૩	શ્રી ચંદુલાલ ભીખાભાઈ સતિયા, મુંબઈ વિધાન પરિષદના ભૂતપૂર્વ સભ્ય.	૧૮--૪--૧૯૭૯	,,	,,
૪	શ્રી વિરૂમલ ખુશાલદાસ તારાચંદાણી, બીજી અને ત્રીજી ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સભ્ય.	૨૧--૫--૧૯૭૯	,,	,,
૫	ડો. ગણપતરામ પટેલ મુંબઈ વિધાનસભાના ભૂતપૂર્વ સભ્ય.	૯--૬--૧૯૭૯	,,	,,
૬	શ્રી માધવલાલ લલ્લુભાઈ પાધ્યા, ત્રીજી ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સભ્ય.	૧૧--૭--૧૯૭૯	,,	,,

વિભાજન

ક્રમાંક	તારીખ	જે પ્રસ્તાવ પર વિભાજન માંગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવનો વિષય	જે પ્રસ્તાવ પર વિભાજન માંગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યશ્રીનું નામ.	વિભાજનની માગણી કરનાર સભ્યશ્રીનું નામ	પ્રસ્તાવની તરફેણમાં મતની સંખ્યા	પ્રસ્તાવની વિરુદ્ધમાં મતની સંખ્યા	પરિણામ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	૨૭-૯-૧૯૭૯	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક-૩૯--સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ-પંચાયતોની પુનર્રચના બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવાનો પ્રસ્તાવ	શ્રી લેખરાજ બચાણી સંસદીય સચિવશ્રી	શ્રી ખોડીદાન ઝૂલા	૭૨	૪૧	પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો, વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવ્યું અને વિધેયક પસાર કરવામાં આવ્યું.
૨	૨૭-૯-૧૯૭૯	આદીવાસીઓ હરિજનો, બીજા પછાત વર્ગો અને સમાજના નબળા વર્ગોના વિકાસમાં થતા વિલંબને નિવારવા બાબતનો બિન-સરકારી સંકલ્પ	શ્રી વીરજીભાઈ મુનિયા	શ્રી વીરજીભાઈ મુનિયા	૩૬	૭૭	સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ગાંધીનગર : ગુજરાત વિધાનસભા સચિવાલય